આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૧૫/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૮૨ ● અંક : ૦૮
સળંગ અંક : ૯૮૪
ઓક્ટોબર-૨૦૨૨



# સદાકાળ સર્જન

પીએચ.ડી.ની ડિગ્રી મળે એટલે વિદ્યાભ્યાસના શિખરે પહોંચી ગયા છે તેમ માનીને વ્યક્તિ વિશેષ અભ્યાસ કરવાનું બંધ કરી દે છે. ડિપ્લોમા કે ડિગ્રી એ તમારા અભ્યાસ માટેનું પ્રવેશદ્વાર છે. એ પ્રવેશદ્વારમાં પ્રવેશીને આગળ વધવાનું છે. એ વિષયમાં નવું અને વધું શીખવાનું છે. જિંદગીમાં જો વ્યક્તિ સુસ્ત વિદ્યાર્થી બનીને વિદ્યાભ્સાયમાંથી નિવૃત્ત થઈ જાય, તો મોટો અનર્થ સર્જાય છે ! જે જ્ઞાન પામ્યા તે પૂરતું છે એમ માનનાર કદી વિકાસ સાધી શકતો નથી.

અધ્યાપક કે ડૉક્ટર કે પછી પ્રોફેશનલ તરીકે સ્થાન મળે એટલે ત્યાં જ મહેનતનું પૂર્ણવિરામ આવી જતું નથી. બલકે એ પછી તમારા વિષયમાં કે ક્ષેત્રમાં તલ્લીન બની જાવ, એના જુદાં જુદાં પાસાંઓનો રસપૂર્વક અભ્યાસ કરો. બીજા અર્થમાં કહીએ તો એમાં ડૂબી જાવ. આનાથી આર્થિક લાભ થશે એ તો એક વાત, પરંતુ વિશેષ અભ્યાસથી તમારા જીવનમાં નવો ઉત્સાહ અને ધગશ આવશે. નવી નવી જાણકારી તમને જુદા જુદા અભિગમો વિશે વિચારતા કરી મૂકશે અને એક નવી જ દિશા મળશે. ઉત્સાહી અને જિજ્ઞાસુ મનને નવો ખોરાક મળશે અને એમાંથી નવા વિચારો અને નવી શોધોનું સર્જન થશે. નવી તાજગીથી ધ્યેય પ્રતિ ગતિ થશે અને સતત અભ્યાસને કારણે થતું નવું સંશોધન અને આવતી નવી સમજને કારણે પાયો મજબૂત થશે.

ગ્લોબલ ટીચરનો એક મિલિયન ડૉલરનો એટલે કે ૭.૪૦ કરોડનો ઍવોર્ડ મેળવનાર સોલાપુરના શિક્ષક રણજિતસિંહ દીસાલે પરિતેવાડી ગામના જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષક છે. વિશ્વના ૧૪૦ દેશોમાંથી બાર હજાર જેટલા મહત્ત્વની સિદ્ધિ મેળવનારા શિક્ષકોમાંથી મહારાષ્ટ્રના ગામડાની જિલ્લાના પરિષદ પ્રાથમિક શાળાના આ શિક્ષકની પસંદગી થઈ, એની પાછળનું કારણ એ છે કે તેણે પોતાની નિશાળની છોકરીઓના અભ્યાસને માટે ખૂબ રસ લઈને નવાં નવાં સંશોધનો કર્યાં, ટેક્નોલોજીની મદદથી ગામડાની અછતગ્રસ્ત પરિસ્થિતિમાં જીવતી છોકરીઓને આખા વિશ્વના જ્ઞાનની વચ્ચે મૂકી દીધી અને ૮૩ દેશોનાં બાળકોને એણે વિજ્ઞાનના ઓનલાઈન પાઠો શીખવ્યા. આનો અર્થ જ એ કે કોઈપણ વ્યવસાયમાં વ્યક્તિ ખૂપી જાય, તો એમાં એ ઘણું નવું સર્જન કરી શકે છે.

**કુમારપાળ દેસાઈ**
(સૌજન્ય : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૮૨

સળંગ અંક : ૯૮૪ | ઓક્ટોબર-૨૦૨૨



| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| વ્યવસ્થા અને સંકલન | કે. ડી. પટેલ |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ


સર્જાયું એક મહાભારત — ઋતુ શાહ / ૪

સંપાદકીય — / ૫

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૬

ટીકર રણનું ગુલાબ એટલે ચંદ્રકાન્ત વ્યાસ — હીરજી નાકરાણી / ૧૦

કેળવણી બુનિયાદ : શિક્ષક-વિદ્યાર્થી સંબંધ — મનસુખ સલ્લા / ૧૨

સુટેવોનું ઘડતર — રણછોડ શાહ / ૧૫

સર્જનાત્મક નેતૃત્વનું જીવંત ઉદાહરણ — હરેશ ધોળકિયા / ૧૭

વિચારને શિક્ષિત કરી શકાય ? — ભદ્રાયુ વછરાજાની / ૨૦

શિક્ષકની ચેતના — ડૉ. અરુણ કક્કડ / ૨૧

જીવન યજ્ઞ - પરિશ્રમ — ડૉ. ઈશ્વર વાઘેલા / ૨૯

કસ્તૂરી : શિક્ષણ નીતિ વિહંગાવલોકન — હેતલબેન ડી. શાસ્ત્રી / ૩૧

આસ્વાદ: એક શિક્ષકનું દેહાંત... — રાઘવજી માધડ / ૩૪

મનનો રાજા (સંવેદન કથા) — કિરીટ ગોસ્વામી / ૩૬

કવિને — રામુ પટેલ ડરણકર / ૩૭

ગાંધીબાપુનો પુનઃ અવતાર — મહેશ 'સ્પર્શ' / ૩૮

પ્રતિભાવ : — શાસ્ત્રી સ્વામી જયસ્વરુપદાસજી / ૩૯

મારા અનુભવો — નિશા બુટાણી / ૪૦

આચાર્ય ભથ્થુ — હેતલ મહેતા ચૌધરી / ૪૨



કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# સર્જાયું એક મહાભારત

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર, વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

વિદ્યાદાનનાં બાળકોની અંદર પડેલી શક્તિઓ બહાર આવે તે માટે નવા નવા પ્રયોગો થતા રહે. એક વખત બાળકો પાસે શેરી નાટક કરાવવાનું નક્કી કર્યું. વિષય રાખવામાં આવ્યો બેટી બચાવો, બેટી પઢાઓ. જેમનામાં અભિનય ક્ષમતા હતી તેવાં બાળકોને પાત્રો ફાળવવામાં આવ્યાં. બાળકો તો ખૂબ જ ઉત્સાહમાં. નાટક કરવાનું કોને ના ગમે ? જેમણે ભાગ નહોતો લીધો તેઓ પણ ખૂબ ઉત્સાહથી નાટકનાં રિહર્સલ જોવા આવતાં.

બપોરે એક-બે વાગ્યે તો બાળકો વેન્ચર પર હાજર થઈ જાય. કોઈ નાટક ભજવે, કોઈ ગીતની પ્રેક્ટિસ કરે, કોઈ નૃત્યની પ્રેક્ટિસ કરે, કોઈ ક્રિકેટ રમે... બપોર ત્યાં જીવતી થઈ જાય. વેન્ચરની આજુબાજુમાં પણ કેટલાંક ઝૂંપડાં આવેલાં છે. એ લોકોને આ બધી ગતિવિધિને કારણે વિક્ષેપ પડે. કેટલાક પુરુષો રાતપાળી કરીને આવ્યા હોય. હજી તો માંડ સૂતા હોય અને અવાજ ચાલુ થાય. તેમની ઊંઘ બગડે. બાળકોના અવાજ અને શોરબકોરથી તંગ આવી ગયેલા આ લોકોએ સામૂહિક રીતે વિરોધ કર્યો. બધાં ભેગાં થયાં અને વેન્ચર પાસે આવી ગયાં. જ્યારે ઋતુ શાહ ત્યાં આવ્યાં ત્યારે તો ખૂબ ધમાલ ચાલતી હતી. વેન્ચરના વિશાળ ઓટલા પર બાળકો ઊભાં હતાં અને આજુબાજુ ઊભેલા લોકો તેમને ગુસ્સાથી ધમકાવતા હતા.

એ પછી તો વાત ત્યાં સુધી પહોંચી કે આ વેન્ચર અહીં જોઈએ જ નહીં. બાળકોને કારણે ખૂબ તકલીફ પડે છે. દરેકે એક પછી એક ઘણી સમસ્યાઓ અને તકલીફો કહી. ઋતુએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટોળાના અવાજ સામે એ અવાજ બિલકુલ દબાઈ ગયો. ઋતુને પણ ખબર નહોતી પડતી કે હવે શું કરવું ?

બીજી બાજુ ટોળાનો અવાજ ઉગ્ર થતો જતો હતો. એવામાં એક ચમત્કાર થયો. અત્યાર સુધી શાંતિથી સાંભળી રહેલા વિદ્યાદાનના વિદ્યાર્થીઓ સક્રિય થયા. તેમણે મોટેથી બૂમો પાડીને સૌ પ્રથમ તો વેન્ચરના ઓટલા પર ઊભેલા લોકોને નીચે ઊતરી જવાનું કહ્યું. તેમણે કહ્યું કે આ જગ્યા માત્ર વિદ્યાર્થીઓની છે. એ પછી તેમણે વિરોધ કરનારા લોકોને કહ્યું કે વિદ્યાદાનના લોકો અમને બધાને એમનેએમ ભણાવે છે. તેમનો કોઈ સ્વાર્થ નથી. કોઈ આટલું સારું કામ કરતું હોય તો તેમને મદદ કરવી જોઈએ. એક જાસૂસ જેવા છોકરાએ કહ્યું કે તમે કાયદેસર કોઈ પશુને મારી ના શકો. તમે તો બલિ ચડાવો છો અને તેનાં હાડકાં વેન્ચરની બાજુમાં ખાડો ખોદીને દાટી દો છો. આવી તો અમને ઘણી બધી ખબર છે. અન્ય એક છોકરાએ કહ્યું કે તમે જો બૂમાબૂમ કરશો તો અમે અમારાં માતા-પિતાને અહીં બોલાવીશું. હમણાં એક હજારનું ટોળું આવી જશે. અમારે ભણવું છે. અમે અવાજ કર્યો એ અમારી ભૂલ હતી. અમે અમારી ભૂલની માફી માગીએ છીએ. બીજી વખત આવું નહીં થાય, પરંતુ અહીં ભણવાનું બંધ પણ નહીં થાય.

એ નાનકડા છોકરાઓની હિંમત ખરેખર અદ્‌ભુત હતી. તેની ભારે અસર થઈ. વિરોધ કરનારા ઢીલા પડ્યા. તેમણે કહ્યું કે તમે ભણો તેની સામે અમને વાંધો નથી,પરંતુ અવાજ ના કરશો.

છેવટે, સમાધાન થયું. સમાધાન પણ એક જાતનું ધાન જ છે. સમાજના પોષણ માટે આ ધાન પણ ક્યારેક જરૂરી બને છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## વિરોધી બળોનો સમન્વય – ગાંધી

**રામનારાયણ વિ. પાઠક**

જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમાં ગાંધીજીએ કંઈ ને કંઈ ન કર્યું હોય. જેમ સૂર્ય ઊગે અને ખુલ્લામાં તો અજવાળું થાય, પણ બંધ બારણાંમાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમાં પણ અજવાળું પહોંચે તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામાં અંધારા ભાગમાં પણ પહોંચ્યું છે. તેમણે પ્રશ્નો વિચાર્યા જ નથી. ઊભા નહોતા થતા ત્યાંથી ઊભા કર્યા છે. તેમનામાં અનેક વિરોધી બળોનો સમન્વય થયો છે. ક્રાંતિકાર છતાં તે પ્રાચીનતાને માટે આદર ધરાવે છે. મૃદુ છતાં હઠીલા છે. આગ્રહી છતાં છૂટછાટ મૂકનાર છે. પ્રેમાળ છતાં ભીષણ છે. ભીષણતામાં તેમના એકબે વાક્યો કદી ન વીસરાય એવા છે. તેમણે એક વાર કહેલું કે આખો દેશ આવી પામર દશામાં પડ્યો રહે તે કરતાં તેનો પૃથ્વી પરથી નાશ થઈ જાય એ હું વધારે ઈચ્છું. બીજે એક પ્રસંગે કહેલું કે સ્ત્રી, પુરુષોની વિષયવૃત્તિની સાધનભૂત થાય તે કરતાં માનવજાતિની સંતતિ બંધ પડે એ હું પસંદ કરું. સમય આવે અને હિંદમાં મોટા પાયા ઉપર સત્યાગ્રહ શરૂ થાય અને હજારો યુવાનો અકથ્ય દુઃખમાં અને મૃત્યુમુખમાં હોમાતા જુએ તો પણ એમની આંખમાં આંસુ ન આવે એ હું કલ્પી શકું છું. તેઓ મને મનુષ્ય કરતાં ગૂઢ કુદરતી બળ જેવા લાગે છે. કુદરત એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ, માત્ર સૂક્ષ્મદર્શક યંત્રથી દેખી શકાય તેવા રેસાને કે જંતુને રસ પોષે છે અને એ જ કુદરત આપણને અગમ્ય કોઈ હેતુને માટે દરિયા ઉછાળે છે, પર્વતો તોડે છે, દેશના દેશ ઉદ્ધ્વસ્ત કરે છે. ગાંધીજી એવી રીતે એક જંતુની અને પામરમાં પામર મનુષ્યની સેવા કરવા માંડે અને હજારોનો નાશ પણ કરે. કુદરત એક નમૂનો સિદ્ધ કરવા અસંખ્ય વ્યક્તિઓને ક્રૂર રીતે મારે છે, ગાંધીજી એક સત્ય સિદ્ધ કરવા ગમે તેટલો ભોગ આપવા તૈયાર છે. ખુલ્લામાં ખુલ્લા અને નિખાલસ છતાં, તેમના આત્મગહનમાંથી સ્ફુરતાં બળો કુદરત જેવાં ગૂઢ છે, અકળ છે, અમેય છે, અપ્રતિરુદ્ધ છે.

# શિક્ષણના સિતારા

**ડો. ઈશ્વર પરમાર**
'મોરપીંછ', સિદ્ધનાથ સામે, દ્વારકા-૩૬૧૩૩૫.
મો.૯૪૨૭૨૮૪૭૪૨

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે 'શિક્ષણના સિતારા' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે 'શિક્ષણના સિતારા'ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

## એક ભલા શિક્ષક

કારણ-બારણ તો રામ જાણે; પણ એ છોકરાએ જબરી ઉતાવળ કરી નાખી ! માંકડ મારવાની શીશી ગટગટાવીને જોરશોરથી બબડતો શાળાથી થોડે દૂરના મેદાનમાં ગયો અને ત્યાં લંબાવી દીધું ! આ ખબર પહોંચતા જ આચાર્ય તેને પાસે દોડી ગયા. 'અરે ભલા... ભારે કરી ! આવા ગાંડા થવાય ?'

'સાહેબ, મને રોકશો મા. જીવવા જેવું રહ્યું નથી...'

'ભલા... પણ આમ ન કરાય; બેઠો થઈ જા, બધું સારું થશે.'

'સાહેબ, મારે મરી જવું છે. મે'રબાની કરીને મને રોકો મા.'

આવી નાજુક-નબળી ક્ષણોએ જીભાજોડી શા કામની ? પ્રભુ-સ્મરણ કરીને આચાર્ય તો એ છોકરાની પડખે સૂતા - 'મારુંય ન માને તો નસીબ તારાં ને મારાં; હુંય તારી સાથે મરીશ, અન્નજળ ત્યાગીને.'

છોકરો તરત ઊભો થયો. કશુંય બોલ્યા વિના આચાર્ય પણ ઊભા થયા. એમને લેવા માટે વાહન આવી ગયું હતું. તેમાં બેસીને બંને શાળામાં આવ્યા. છોકરાને ઊલટી કરાવી. પ્રાથમિક સારવાર આપી. તેના પિતાજી આવ્યા. છોકરાને તરત શહેરમાં લઈ જઈને પૂરી સારવાર અપાવી ને બચી ગયો.

વરસો પહેલાની આ વાત સંભારીને, હવે પ્રૌઢ થયેલો તે છોકરો એ નિવૃત્ત ને ભલા આચાર્યને કહેતો : 'સાહેબ, તમે બચાવી લીધો. તમારા સંસ્કારે જીવનનો રાહ મળી ગયો. કંઈ મારા જેવું કામકાજ ?'

આવું તો અનેક કહેતા રહ્યા : 'તમ થકી જીવન બચ્યું... તમારા ગુસ્સા પછીનું વહાલ ભુલાતું નથી... મારી પિછાણ મને કરાવી તમે સાહેબ... આજે આ પાયરીએ છું તે તમારે પ્રતાપે. સાહેબ, સામેથી આવતી લાંચને પાછી વાળી છે; એ તમારા શિક્ષણની જ અસર. પ્રિલિમ પરીક્ષા પછી એસ.એસ.સી.ના ફોર્મમાં અંગ્રેજી ભરવા ન દીધું તે મારા હિતમાં હતું - ત્યારે તે નહીં સમજાયેલું. સર, તમારા કહેવાથી શાળાંત પાસ કરીને શિક્ષણનો અંત ન સ્વીકાર્યો. આ તમારી પ્રેરણા, તેથી જ આજે એમ.એ. થયો. સાહેબ... અમારા જેવું કંઈ કામકાજ ?'

આ બધું જેમના માટે ભાવપૂર્વક કહેવાતું રહ્યું તે હતા અલીઆબાડા (જિ. જામનગર)ની વિનયમંદિર હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્ય શ્રી સુમનભાઈ વૈદ્ય. વિદ્યાર્થીઓના પ્રેમ-આદરનું તગડું બૅન્ક-બેલેન્સ ધરાવતા આ સુમનભાઈ મૂળે કચ્છી માડુ. જન્મસ્થળ : ભચાઉ-કચ્છ, જન્મ તારીખ : ૧૪-૧૦-૧૯૧૪.

ચાર વરસની તેમની ઉંમર હતી ત્યારે તેમનાં માતાનું અવસાન થઈ ગયું. વિચારે આર્યસમાજ અને વ્યવસાયે દાક્તર શ્રી અંબાશંકરભાઈ તેમના પિતા તો ખરા, પછી માતા પણ થયા ! એકમાત્ર સંતાન સુમને કચ્છના તે વખતના રાપર, લાકડિયા, ગુંદિયાણી જેવા અતિ પછાત ગામડાઓમાં પ્રાથમિક શિક્ષણ લીધું. દાક્તર પિતાજીની સાથે કચ્છમાં ઊંટ પર બેસીને અવારનવાર મુસાફરી કરવાનો મોકો પણ તેને મળતો.

એણે માધ્યમિક શિક્ષણ હાઈસ્કૂલ, ભૂજ અને જી.ટી. હાઈસ્કૂલ, માંડવી મુકામે લીધું. ભૂજમાં ભણતી વખતે હાઈસ્કૂલમાં કિશોર સુમને હારમાં આગળ ચાલતા એક છોકરા સાથે અડપલું કર્યું. તે હેડમાસ્તર દેખી ગયા. એને હારમાંથી બહાર કાઢ્યો. ધ્રૂજતા સુમનને સબોસબ્બ ઢોર માર માર્યો. તેની પીડા પાકટ વય લગી સચવાઈ રહી અને તેને ભવિષ્યમાં ઉદાર શિક્ષક થવાને પ્રેરતી રહી. એમણે હાઈસ્કૂલનું છેલ્લું વર્ષ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ, રાજકોટમાં કર્યું ને મેટ્રિકમાં પાસ થયા.

આ પછી શામળદાસ કૉલેજ, ભાવનગરના પ્રિન્સિપાલ શહાણીએ કેવો યાદગાર અનુભવ આપ્યો ! બન્યું એવું કે કોઈ બાબતે શિસ્તભંગ કરનાર પાંચેક 'શાહજાદા' કૉલેજિયનોને એક પ્રોફેસરે પ્રિન્સિપાલ શહાણી સમક્ષ ખડા કર્યાં. તેઓ નવયુવાન એસ. એ. વૈદ્યને બાકીના ચાર બારક્સો સાથે જોઈને નવાઈ પામ્યા. 'વૈદ્ય યુ ટૂ...?'

'આઈ એમ સો સોરી, સર...'

'યુ શૂડ હેવ સ્ટૉપ્ડ ધેમ, ઈન્સ્ટિડ યુ બીકેમ વન ઑફ ધેમ !' શરમથી વલોવાતા વૈદ્ય સુમનની પીઠે હાથ મૂકીને પ્રિ. શહાણીએ પોતાના વિશાળ દયમાં તેને સમાવતા કહ્યું, 'નેવર માઈન્ડ, વૈદ્ય; ઈટ લાઈકલી ટુ બી લેડ અવે. બી કેરફુલ.'

બીજાની લાગણીઓ અંગે કાયમ કેરફુલ રહેલા સુમનભાઈનું આ પ્રસંગે એવું ઘડતર કર્યું કે તે ઘટના સંભારીને તેઓ કહેતા : 'શિક્ષક ઉદાર બને અને કિન્નાખોરી ન અપનાવે તો તેને વિદ્યાર્થીઓનો પ્રેમ અને આદર સહજમાં મળે - આ વાત પ્રિન્સિપાલ શહાણીએ અસરકારક ઢબે ને અનાયાસ શીખવી મને.'

પ્રિન્સિપાલ સહાણીએ સુમનભાઈને ઈતિહાસના વિષયમાં ઊંડો રસ લેતા કર્યાં. ઈ.સ. ૧૯૩૬માં સુમનભાઈ બી.એ. થઈને વ્યવસાય-જગતને ઉંબરે ઊભા. તે કાળમાં એવી ઉચ્ચ લાયકાત ધરાવતા યુવાન સુમનભાઈની સમક્ષ નોકરીની અનેક દરખાસ્તો સામેથી આવી. ખૂબ પગાર અને ઉપલી આવક થાય, રૂવાબ કરાય, પ્રમોશનના ચાન્સીસ - આવી બધી દરખાસ્તો સામે મર્માળું હસીને યુવાને ખૂણે ઊભેલી એક દરખાસ્તને દિલમાં સ્થાન આપ્યું. એ દરખાસ્ત હતી કચ્છમાં માધ્યમિક શિક્ષક થવાની.

સૌપ્રથમ તેઓ આર.ડી. હાઈસ્કૂલ, મુદ્રામાં જોડાયા. (૧૯૩૬-૩૭); આ પછી ઑલફ્રેડ હાઈસ્કૂલ, ભૂજમાં રહ્યા. (૧૯૩૭-૪૦); તે પછી મુંબઈની સેકન્ડરી ટ્રેનિંગ કૉલેજમાં તાલીમ લઈને બી.ટી. થયા (૧૯૪૦-૪૧); આ પછી ન્યૂ હાઈસ્કૂલ, અમદાવાદમાં થોડો સમય રહીને તેઓ મુંબઈની ન્યૂ ઍરા હાઈસ્કૂલમાં જોડાયા. (૧૯૪૧-૫૪) દરમિયાન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનમાં ભણીને એમ.એડ્. થયા. (૧૯૫૦) આમ સુસજ્જ અને સ્ફૂર્તિલા સુમનભાઈ જ્યાં જ્યાં શિક્ષક તરીકે ગયા ત્યાં છાત્રોમાં છવાઈ ગયા !

છવાય કેમ નહીં, વળી ? સૂટ-બૂટ ટાઈથી સજ્જ અને હેટહેલ્ટ-વૉકિંગ સ્ટિકધારી સુમનભાઈ દેશી છીંકણી અને વિદેશી અત્તરના શોખીન ! સફળ સ્કાઉટ : નોટિંગ-ટ્રેકિંગ - હાઈકિંગ-મેપિંગ - બધું ફટાફટ ! સફળ સ્પોર્ટ્સમેન : ક્રિકેટ અને ટેનિસ એમની ફેવરિટ ગેમ્સ. પણ એકવાર ટેનિસ રમતી વખતે દૂર ફેંકાયેલા દડાને દોડીને ઝટ લાવી આપનાર ટેનિસ-બૉયને જોઈને એમને થયું : રમવાની ઉંમરના તો આ છોકરા છે, હું નહીં ! ને રેકેટ હેઠે મૂકી દીધું ! આ બધું નોંધપાત્ર ખરું. બાકી સુમનભાઈ છાત્રોમાં છવાયા તો વર્ગશિક્ષણ દ્વારા.

ગણિત અને અંગ્રેજી પણ શીખવી શકતા સુમનભાઈ ઈતિહાસ-ભૂગોળના શિક્ષક તરીકે તો સોળે કળાએ ખીલ્યા. કેવળ ચૉક એન્ડ ટૉક મેથડ નહીં, ચાર્ટ, મૉડેલ, સ્લાઈડ, મૂવી, પ્રદર્શનો - આવા સાધનોથી એમનું શિક્ષણ સચોટ બનતું. ઈતિહાસના કોઈ પણ એકમનું તેઓ સરસ નાટ્યીકરણ કરી શકતા. ક્યારેક નકશાના અભાવે કાળાં પાટિયા પર જાતે આબેહૂબ નકશા દોરી લેતા, સમયરેખા પણ સડસડાટ દોરતા; તક મળ્યે ભૂગોળ તેઓ પગેથી શીખવતા - પ્રવાસ દ્વારા !

એક વખત વર્ગમાં અક્ષાંશ-રેખાંશનો ખ્યાલ આપવાનો હતો પણ પૃથ્વીનો ગોળો હાથ ન લાગ્યો. જરૂરી સાધન વિનાનો શિક્ષક તો એમને મન ઓજાર વિનાના કારીગર જેવો - નકામો ! પૃથ્વીના ગોળા વિના તો અક્ષાંશ-રેખાંશ કેમ શિખવાય ? ચાલુ વર્ગે શાળાના સાથી (પ્યૂન)ને તેડાવીને કહ્યું, 'શંકર, ક્યાંકથી ખાલી માટલું લાવ.' માટલું

મળતાં જ આ દક્ષ શિક્ષકે ઝડપથી તે પર રેખાઓ દોરીને બ્રહ્માની અદાથી પૃથ્વીનો ગોળો રચી દીધો !

વર્ગમાં શીખવતી વખતે તે એવો તલ્લીન કે અર્જુનની જેમ પક્ષીની આંખ જેવા વિષયાંગને જ જુએ; બીજું કશુંય દેખે નહીં ! ભૂગોળનો સ્વાધ્યાય નહીં કરી લાવેલા વિદ્યાર્થીઓને એકવાર એમણે ધબડાવી નાખ્યા અને એ જ તોરમાં વર્ગમાંના પોતાના પુત્ર કિરીટને ફરમાવી દીધું : 'કાલે તારા બાપને બોલાવી લાવજે !'

તે કાળમાં, હાલના એક વિષય સમાજવિદ્યાની સંકલ્પના તો હજુ આકાર માંગતી હતી. એને સ્વાયત્ત વિષય પ્રતિષ્ઠિત કરવામાં સુમનભાઈએ પોતાની સૂઝબૂઝ કામે લગાડીને મહત્ત્વનું કહેવાય તેવું પ્રદાન કર્યું.

તેઓ મુંબઈમાં રહેતા હતા તે કાળમાં સર્વોદય પ્રવૃત્તિ ખૂબ જ સક્રિય થવા પામી હતી. તેના અનુસંધાને દાદા ધર્માધિકારી, વિમલાતાઈ, રવિશંકર મહારાજ, નારાયણ દેસાઈ અને બબલભાઈ મહેતા જેવી પ્રતિભાઓ ન્યૂ એરા સ્કૂલમાં પણ પોતાના પ્રેરક પ્રવચનો પાથરતી. આ સત્ત્વસભર વાતાવરણમાં સુમનભાઈને જીવનના ઉચ્ચતમ ધ્યેયની ઝાંખી થવા માંડી.

કાળબળે, શાળાના વહીવટમાં 'વેપાર' ઘૂસ્યો તેથી સુમનભાઈ અકળાતા; ત્યાં વળી, લાડકો નવ વરસનો નાનેરો દીકરો અકાળે કરમાઈ ગયો ! (૧૯૫૪) મુંબઈમાંથી મન ઊઠી ગયું. એ લાડલા 'તગ્ગડ' વિનાનું મુંબઈ હવે ગોઠ્યું નહીં. ભૂગોળના એ શિક્ષકે નકશાને નિશાન તાકીને વિચાર્યું : ભારત કંઈ થોડું નગરોમાં વસે છે ? એ તો ગામડાંની ગારમાટીમાં ઝગમગે છે !

સને ૧૯૫૪ : મુંબઈને અલવિદા ! સૂટબૂટ ને સ્ટિક અને બાહ્યવૈભવ સરી પડ્યાં; સચવાઈ રહ્યો અંતરમાં શિક્ષણપ્રેમ. એને સાચવીને એ શિક્ષકે કોઈ ગ્રામ્ય વિસ્તારમાં સેવા આપવાનો વિચાર કર્યો. કચ્છ સ્ટેટના પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન શ્રી કુલીન મહેતાએ આગ્રહપૂર્વક સરકારી નોકરીની દરખાસ્ત કરી પણ એમને તો ગામડામાં અસરકારી શિક્ષણ-સેવા કરવી હતી.

તે ગાળામાં ગુજરાતમાં વલ્લભવિદ્યાનગર વિકસી રહ્યું હતું. 'સુમનભાઈ ત્યાંની સંસ્થાની હાઈસ્કૂલ શારદામંદિરમાં જોડાયા. અહીં એમનું મન કોળ્યું નહીં. તેવામાં ઋષિ-કેળવણીકાર શ્રી ડોલરભાઈ માંડકે અલીઆબાડા (જામનગર) ખાતે શરૂ કરેલ ગંગાજળા વિદ્યાપીઠની ભાળ મળી. સુમનભાઈ તે સંસ્થાના પ્રાથમિક અધ્યાપન મંદિરના પ્રથમ આચાર્ય થયા.' (૧૯૫૫-૫૮)

ત્રણ વર્ષ પછી, સંસ્થાને જરૂરત જણાતાં તેમણે વિવિધલક્ષી વિનયમંદિર (હાઈસ્કૂલ)નું આચાર્યપદ સંભાળ્યું અને શોભાવ્યું ! (૧૯૫૮-૭૫) સત્તર વર્ષનો તેમનો આ સેવાકાળ તો વિનયમંદિરનો સુવર્ણકાળ બની રહ્યો.

વિનયમંદિરને નમૂનેદાર બનાવવા માટે એમણે જાણે ભેખ લીધો. મુંબઈના શૈક્ષણિક અનુભવનું ભાથું તો ભરપૂર હતું જ. હવે સમર્થ શિક્ષણકારો શ્રી ડોલરભાઈ માંડક અને ડૉ. ગૌરીભાઈ ભટ્ટનું દિશાસૂચન મળ્યું. જૈફ વયે જુવાનોને શરમાવે તેવા જુસ્સાથી અને પોતાના આચાર્યપદને ઓગાળીને કે સાથી-શિક્ષકોમાં વહેંચી દઈને એમણે વિદ્યાર્થીઓને યાદગાર અનુભવો આપવા માંડ્યા. સહઅભ્યાસપ્રવૃત્તિઓમાં કંઈ ચૂક થાય તો તેની જવાબદારી પોતે માથે ઓઢી લેતા. શિક્ષકોને એમનું અભય વચન : 'જમાં બાજુ તમારી અને ઉધાર બાજુ મારી એકલાની જ !'

એમના માર્ગદર્શન નીચે સમગ્ર શાળા - બધા જ વર્ગો - કોઈ ને કોઈ સહઅભ્યાસપ્રવૃત્તિમાં રત રહેતા. શ્રમસેવાશિબિર, પ્રાથમિક સારવારના વર્ગો, પ્રવાસ-પર્યટનો, હસ્તલિખિત અંકો, વિજ્ઞાનમેળા, રંગોળી-પ્રદર્શનો, આનંદ બજાર, વન-ભોજન : આ બધી પ્રવૃત્તિઓમાં કાતરકામથી માંડીને પ્રવૃત્તિ મૂલ્યાંકન લગી એમનું 'ભલા માણસ ભલા માણસ'ના ભણકારા સાથેનું સક્રિય સુકાનીપદ ઉત્સાહ વેરતું રહેતું. સ્કૂલ-ઈન્સ્પેક્શન પણ ઊજવાતું. શાળા દોડતી અને સુમનભાઈ  દયની તત્પરતાથી તેને લોહી પહોંચાડતા.

સુમનભાઈ કેવળ વિનયમંદિર હાઈસ્કૂલના જ આચાર્યપદમાં ઓતપ્રોત ન હતા; માતૃસંસ્થા ગંગાજળા વિદ્યાપીઠ અને ગ્રામ્ય વિસ્તારના પણ સ્વજન હતા. પદયાત્રાઓએ એમને ખૂબ પ્રેમ અપાવ્યો. તેઓ દરબાર ગોપાળદાસ શિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્. કૉલેજ)માં ઈતિહાસ-ભૂગોળ મેથડ-માસ્તર તરીકે પણ સેવાઓ

આપતા અને પોતાને હસ્તગત શૈક્ષણિક કૌશલ્યો પ્રશિક્ષણાર્થીઓમાં સરકાવતા.

આ અલગારી આચાર્ય પોતાને મળતા પગારમાંથી વધારાની લાગતી રકમ નિયમિત સંસ્થામાં જમા કરાવતા ! નરસિંહ મહેતાની આસ્થાથી જીવતા સુમનભાઈ વિશ્વાસના હલેસે શાળાનું ને અંગત જીવનનું વહાણ ચલાવતા રહ્યા અને રાષ્ટ્રીય સન્માન (નેશનલ બેસ્ટ ટીચર એવોર્ડ)ના બંદરે સને ૧૯૭૧માં લાંગરવામાં સફળ થયા હતા.

નિવૃત્તિ પછી વતન કચ્છ-મુંદ્રાની કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ત્રણ વર્ષ અધ્યાપકીય સેવાઓ આપી. (૧૯૭૫-૭૮) પછી પાંચ વર્ષ (૧૯૭૮-૮૩) ત્યાંના શેઠ શ્રી ધનજી પ્રાગજી એજ્યુકેશન ટ્રસ્ટમાં સંચાલક તરીકે સેવાઓ આપી. સુડતાલીસ વર્ષ સુધી શિક્ષકત્વની મશાલ કેટલાય અંગત આઘાતો વચ્ચે એમણે ટકાવ્યા કરી : લાડકા 'તગ્ગડ'ની વિદાય પછી યુવાન પુત્ર કિરીટભાઈ અને પુખ્ત જમાઈ શિરીષભાઈ માંકડની વિદાય ! લકવાગ્રસ્ત જીવનસહચરી પુષ્પાબહેનની પોતે પત્નીપરાયણ થઈને લાંબો સમય સેવા કરી... વાત થતી તો બોલી ઊઠતા : 'ભલા... લોખંડની છાતી રાખી છે, નહીંતર મારા આ પારેવાનું શું ?'

આવા વજ્રથી કઠોર ને ફૂલથીય કોમળ સુમનભાઈ વૈદ્ય સાથે ઠેબા મુકામે ત્યાંની હાઈસ્કૂલના આચાર્ય શ્રી હરકાંત પંડ્યાના ખંડમાં બેઠા વાતો કરવાનો મોકો મળ્યાનો આજેય છે પરમ સંતોષ. ઋષિ-કેળવણીકાર ડોલરભાઈ માંકડને પોતાના સ્પિરિચ્યુઅલ ફાધર માનતા સુમનભાઈને એ સત્ત્વસભર વિભૂતિ વિશે પૂછતા એમણે કહ્યું, 'ગાંધીવિચારોને વ્યવહારુ રીતે મૂલવીને તેને ચરિતાર્થ કરવાની તેમની રીત મૌલિક અને અદ્‌ભુત હતી. પારસમણિના સ્પર્શથી કથીર સોનું બને તે જો સાચું હોય તો ડોલરભાઈ રૂપી પારસમણિના સ્પર્શથી અમે કથીર તો મટી ગયા છીએ; સુવર્ણ નથી બન્યા તે હકીકત છે, પરંતુ કથીર તો નથી જ રહ્યા તેની ખાતરી છે. '

'વિદ્યાર્થીઓની અને શિક્ષકોની આટલી વિપુલ ચાહના તમે મેળવી શક્યા તેનું શું રહસ્ય ?'

'ચાહના કેટલી મળે તેનો આલેખ તો કેમ દોરાય ? હા, હું એમ જરૂર માનું છું કે આચાર્ય સાથીઓ અને શિક્ષકો સાથે એકરૂપ થઈ જવું જોઈએ... આથી કામનું અને સરસ વાતાવરણ ઊભું થશે. શાળામાં સૌને નાનીમોટી પ્રવૃત્તિ આપો, દરેકને તેમની શક્તિ-રુચિ મુજબ ભાગ લેવા દો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે જે અંતર છે તે ઘટાડો. હા, રિસ્પેક્ટેબલ ડિસ્ટન્સ જરૂરી છે; પરંતુ જસ્ટ ઈનફ, નાઈધર મોર નોર લેસ...'

'વિદ્યાર્થીઓ વિશે કંઈ વિશેષ.'

'વિદ્યાર્થીઓ તો ધરતીમાતા જેવા છે. ઈશ્વરભાઈ, તમે વિદ્યાર્થીને કણ પ્રેમ આપો, તેમની કણ સેવા કરો, તેમની મુશ્કેલીમાં કણ મદદ કરો - વિદ્યાર્થીઓ જરૂર તેનો મણ કરીને આપશે.'

'સુમનભાઈ, શિક્ષકોને શું કહેવાનું ગમે, આજની પરિસ્થિતિમાં ?'

ઠીંકણી છોડી દીધા છતાં નાકે તેવી અદાથી હાથ લઈ જઈને સુમનભાઈ કહે, 'સંદેશ આપવાનું તો મારું ગજું નહીં... અનુભવે એમ લાગે છે કે શિક્ષકમિત્રો, તમારા કામમાં પૂર્ણ તન્મય બની જાઓ... નવું નવું કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કરો, આનંદ આવશે; વિદ્યાર્થીઓ તમને ભૂલશે નહીં. ભલા માણસ, શિક્ષણ એ બિઝનેસ નથી, મિશન છે મિશન !'

'તો તો શિક્ષક થયા બદલ આપને કાંઈ અસંતોષ તો નહીં જ હોય, ખરું ને ?'

'અસંતોષ એક ટકો પણ નહીં; જો પુનર્જન્મ હોય તો આવતા જન્મમાં હું શિક્ષક જ બનવા માગુ છું.'

'કેવું લાગ્યું છે જીવન જે જિવાયું ?'

'બસ, જે થયું, તે કર્યું, નિજાનંદ માટે; ફરજનો કોઈ ભાર રાખ્યા વગર આનંદથી કામ કર્યું અને વિદ્યાર્થીઓએ તેમજ સમાજે મને પૂરો બદલો આપ્યો છે, તેમનો હું ઋણી બન્યો છું...ભલા...'

'ભલભલા' - એવી વાતે વાતે અચણી (તકિયા-કલામ) કરતા સુમનભાઈને સૌ એક ભલા શિક્ષક તરીકે સ્વીકારે તેમાં શી નવાઈ ? એમણે મહુવા મુકામે સુપ્રસિદ્ધ રામકથાકાર શ્રી મોરારિબાપુના સાન્નિધ્યે એંસી વરસની વયે તા. ૧૨-૧૧-૧૯૯૩ના ધરતેરસે ફરી શિક્ષક થવા કર્યું મહાપ્રયાણ ! સદા પ્રેરક રહેશે. સુમનસુવાસ ! એમને શ્રદ્ધાસભર અંજલિ !

# ટીકર રણનું ગુલાબ એટલે ચંદ્રકાન્ત વ્યાસ

**હીરજીભાઈ નાકરાણી**
નિવૃત્ત પ્રિન્સિપાલ, પી.ટી.સી. કૉલેજ.
મો. ૯૧૦૬૦૭૭૦૭૬

ગુલાબનો ધર્મ સુગંધ આપવાનો અને પર્યાવરણમાં સુગંધ ફેલાવવાનો છે. તેની સુકોમળ પાંખડીઓનો ધર્મ ફૂલગુલાબી ઋજુતા પેદા કરવાનો છે. ગુલાબ એવું પુષ્પ છે, જેને વિશ્વભરમાં આદર, સન્માન અને પ્રેમ મળતો રહ્યો છે.

આમ જુઓ તો ચંદ્રકાન્ત એટલે મુઠ્ઠી હાંડકાનો માળખો. પ્રથમ દર્શને તો એવું જ લાગે કે આ સૂકલકડી માણસનું ગજું કેટલું ? આજે આપણે તેની કાયાની વાત નથી કરવાની પણ એ સૂકલકડી કાયામાં નિહિત આત્માની વાત કરવી છે. એ આત્માની માયાઝાળની વાત કરવી છે.

'પાણીની પરબ' અંગે તો આપણે સૌએ સાંભળ્યું છે, જાણ્યું છે. તેના જળની ટાઢકનો તો આપણે સૌએ અનુભવ પણ કર્યો છે. જ્યારે 'પાણીની પરબ' શબ્દ જ નવાઈ પમાડે છે. પાણીની પરબ હોય પણ કંઈ પ્રેમની તે પરબ હોતી હશે ? પણ હા, હોય છે તે આપણે સાયલાની ધરતી પર રાજસૌભાગ આશ્રમના પવિત્ર પરિસરમાં ૨૦૦૫માં શરૂ થયેલ 'પ્રેમની પરબ' અંગે શિક્ષણ જગત જાણતું થયું છે. એમ કહેવાય છે કે જળમાં બળ પણ અહીં એક એવી અનોખી પરબની વાત કરવી છે, એ છે 'પ્રેમની પરબ.'

આવી પરબ માંડનારો અનોખી માટીનો આ માણસ છે. ગાંડો તો નથી થઈ ગયો ને ? વળી ગાંડા માણસો જ કંઈ નવો ચીલો ચાતરી શકે છે. આવો ગાંડો વિચાર કોઈ પાગલ માણસને જ આવે. આવા ગાંડા માણસને સમાજ 'ધૂની' તરીકે ઓળખે છે. આવા ધૂની માણસ ચંદ્રકાન્ત વ્યાસ સાથે મારો સંબંધ તેમની ધૂનમાં સૂર પુરાવવા માટે સહાયરૂપ થવાનું આવ્યું ત્યારથી સંબંધની નિકટતા કેળવાતી ગઈ.

હવે આ ધૂની માણસની ધૂનને ફુલ્લી પાડ્યા વગર છૂટકો નથી. એમણે એક નવું સપનું કંડાર્યું. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાનો ઊંડાણથી અભ્યાસ કર્યો તો જિલ્લાના તમામ તાલુકામાં સાયલા તાલુકો સૌથી વધુ પછાત લાગ્યો; જેમાં શિક્ષણ, સમાજ અને આર્થિક આમ ત્રિવિધ ક્ષેત્રે તાલુકો સૌથી વધુ પછાત જણાયો. તેના ઉત્થાન માટે 'પ્રેમની પરબ' મારફત જવાબદારી લીધી.

સો ટકા ગાંટવાળી નોકરી અધવચ્ચે છોડીને 'પ્રેમની પરબ' માંડવાનું ગાંડપણ નહીં તો બીજું શું કહેવું ? કામ ઘણું અઘરું છે પણ અશક્ય તો નથી જ તે 'પ્રમની પરબ'ના માધ્યમથી સિદ્ધ કરી બતાવ્યું છે. અશક્યને શક્ય બનાવવું તે માયકાંગલાઓનું કામ નથી. માયકાંગલા શરીરમાં પ્રબળ આત્માની શક્તિ ધબકતી હોય તે જ અશક્ય અને અઘરા કામ સાથે બાથ ભીડી શકે. પોતાની જાત પર પોતાના વિચારો પર અને પોતાના આચારો પર જેને સંપૂર્ણ આત્મવિશ્વાસ જેને સંપૂર્ણ શ્રદ્ધા, આસ્થા હોય તે જ આ કામ કરી શકે.

સાધકનું લક્ષ હેતુલક્ષી હોય છે. કંઈક પ્રાપ્ત કરવાની સાધના પાછળ સિદ્ધિ પ્રાપ્ત કરવાની હોય છે. સાધનામાં તપવું પડે છે. કંઈક ત્યાગવું પણ પડે છે. પૂરા અઢાર વરસની સતત અને સખત તપશ્ચર્યાથી યજ્ઞભાવે એક સત્વશીલ, સત્યનિષ્ઠ સાધક તરીકે તેમણે 'પ્રેમની પરબ'ને દીપાવી છે. તેમનું 'પ્રેરકબળ અને પ્રોત્સાહન બળ તરીકે રાજસૌભાગ આશ્રમના સૂત્રધાર રહ્યા છે, ભાઈશ્રી નલિનભાઈ.' એક સંપૂર્ણ આધ્યાત્મિક અને ત્યાગી પુરુષની હૂંફ હોય, સક્રિય સહાનુભૂતિ હોય તો જ આ બધું શક્ય બની શકે.

ચંદ્રકાન્તભાઈનું સદાય હસતું મુખ, હૈયાનું હેત, આંખમાં અમી અને વાણીમાં ઋજુતાનું ઝરણું સદાય

વહેતું હોય તેવો અનુભવ તેમના સહસાથીઓ અમારા જેવા ચાહકો, શાળાના બાળકો, શિક્ષકો અને બાળકોના વાલીઓને થતો રહ્યો છે. કાયા ભલે દુબળી હોય, સૂકલકડી હોય પણ માયલો ભીનો ભીનો અને મજબૂત છે.

નાના બાળકો સાથે હસીને વાત કરે બાળકોને પોતાનો માણસ લાગે. મોટેરા સાથે સસ્મિત, વિવેકશીલ વાણીમાં વાત કરે ત્યારે સૌને પણ પોતાનું સ્વજન લાગે. આ પોતાપણા થકી પ્રેમની પરબમાં સતત પ્રેમનો પ્રાણ ફૂંકાતો રહ્યો છે. તેમની વાણી ભાવકને સતત પકડી રાખે છે. સાંભળતાં કંટાળો ન આવે. વચ્ચે વચ્ચે નિખાલસ અને સહજ હાસ્યનું હલેસું પણ પ્રસન્નતામાં ઉમેરો કરતું હોય છે.

૨૦૦૫માં આશ્રમની કન્યા વિદ્યાલય સંભાળ્યું ત્યારે સંખ્યા બહુ ઓછી હતી. પણ ચંદ્રકાન્તભાઈએ સ્ત્રી શિક્ષણ પર વધુ લક્ષ આપ્યું. ગામડે ગામડે કન્યા કેળવણીની દીવડી પ્રગટાવી, માતાઓને સમજાવી કેળવણીનું મહત્ત્વ સમજાવ્યું. એક કન્યા ભણે તો તેની ત્રણ પેઢી તરતી હોય છે. ૧૮ વરસના તપોબળે કન્યા વિદ્યાલયમાં આજે ૬૫૦ જેટલી સંખ્યા ભણતી થઈ છે. અધૂરું ભણતર પૂરું કરવા માટે ઉચ્ચ શિક્ષણ શરૂ કરવા કોમર્સ અને આર્ટ્સ કૉલેજ શરૂ કરી જેમાં આજે ૬૦૦ જેટલી કન્યાઓ ભણી રહી છે. જેમ ભૂખ વગર ભોજન મીઠું ન લાગે. તરસ લાગે તો ભોજન મીઠું બની જાય તેમ કન્યા કેળવણીની ભૂખ લગાડવાનું કામ શરૂ કર્યું. પરિણામ બહુ સારું આવ્યું છે.

પ્રેમની પરબનું મૂળ કામ તો સાયલા તાલુકાની પ્રાથમિક શાળાઓના શિક્ષણ સ્તરને ઊંચું લાવવાનું હતું. તે માટે પ્રત્યક્ષ કામ પર વધુ ભાર દીધો. બાળકો, શિક્ષકો અને વાલીઓની માનસિકતા બદલવાનું કામ માત્ર વાતોથી નહીં, કોરા ઉપદેશોથી નહીં પણ પસીનો પડી જાય તેવા પ્રત્યક્ષ કામો કરીને ઉત્તમ નમૂનો પૂરો પાડીને અઢાર વરસ પછી માનસિકતામાં સાચો બદલાવ આવી શક્યો છે. આંખો દેખી કાર્યશાળાથી વિકાસના વાવેતર થઈ શક્યા છે.

સેમિનારો ગોઠવાયા, પરિસંવાદો ગોઠવાયા, વ્યાખ્યાનો પણ ગોઠવાયા અને પ્રેમની પરબના પ્રાંગણમાં બાલમહોત્સવ પણ થયા, જેમાં પ્રત્યક્ષ કામ પર વિશેષ ભાર દેવાયો. વ્યાખ્યાતાઓ, વિદ્વાનો કે પંડિતોના નહીં પણ પ્રાથમિક શાળામાં કામ કરીને જેમણે નક્કર પરિણામો મેળવ્યાં હોય તેવા પ્રાથમિક શિક્ષક કે આચાર્યોના અનુભવોને કામે લગાડ્યા. પરિણામ એવું આવ્યું કે સાચા-ખોટાનું વિવેક ભાન થયું. સૌના સાથથી સૌનો વિકાસ થયો જેની અનુભૂતિ સૌને થઈ.

બાળક એ કોરી સ્લેટ નથી, એટલે તેમાં જેવી લીટા કરવા હોય તેવા થઈ શકે. બાળક પોતાની વંશપરંપરાના કેટલાક ગુણો, કેટલીક વિશિષ્ટ શક્તિ લઈને અવતરે છે. તેને વિકસવાને વિસ્તરવા માટે ખુલ્લી ભૂમિ જોઈ. આવી કુલ્લી ભૂમિ પૂરી પાડવાનું પાયાનું કામ પ્રેમની પરબે કર્યું છે. બાળકોને પોતાની જાત પર, પોતાનામાં પડેલ વિશિષ્ટ શક્તિઓ અને કૌશલ્યોને બહાર લાવવા પ્રેમ અને વિશ્વાસની ઊર્જાની જરૂર હોય છે. એ કામ પ્રેમની પરબે કરી બતાવ્યું છે.

બાળકોની શક્તિઓને પ્રગટ કરવા પ્રેમની પરબે તમામ સુવિધાઓ અને તકો પૂરી પાડવાનું કામ કર્યું છે. તે માટે બહુ મોટી આર્થિક જોગવાઈ પૂ. ભાઈશ્રીના પીઠબળે પૂરી પાડી છે. બાલમહોત્સવમાં શાળાનાં બાળકોની વિશિષ્ટ શક્તિઓને પ્રગટ કરવા સંપૂર્ણ અવસરો, તકો પૂરી પાડી છે.

શિક્ષકોના વૈચારિક અને માનસિક સ્તરના બદલાવ લાવવા પ્રત્યક્ષ કાર્યશાળાઓ, સેમિનારો અને પરિસંવાદો ગોઠવાયા છે. શિક્ષકોની માનસિકતા બદલવા માટે તેઓને પ્રત્યક્ષ કામોમાં જોતર્યા છે. એટલે પરિણામ રૂપે શ્રેષ્ઠ શાળા અને શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવામાં સૌએ સાથ-સહકાર આપ્યો છે. શ્રેષ્ઠતાને નવાજવા એવૉર્ડો અને પુરસ્કારો પણ અપાયા છે.

(અનુસંધાન પૃષ્ઠ ૪૧ ઉપર)

# કેળવણી બુનિયાદ : શિક્ષક-વિદ્યાર્થી સંબંધ

**મનસુખ સલ્લા**
(અમદાવાદ)

કેળવણીનાં ક્ષેત્રમાં સમયે સમયે નવા ખ્યાલો અને સિદ્ધાંતો પ્રચલિત થાતા રહ્યા છે. એ સ્વાભાવિક પણ છે. પરંતુ કેળવણીનાં બુનિયાદી તત્ત્વો સ્થિર રહ્યાં છે. એટલે મૂળતત્ત્વો અને પ્રાસંગિક તત્ત્વો વચ્ચે વિવેક કરતા રહેવો જોઈએ. કેળવણીમાં જીવનનિર્વાહ માટેનાં કૌશલ્યોની (એનું સ્વરૂપ ગમે તે હોય) ખીલવણી ખૂબ જરૂરી છે. પરંતુ કૌશલ્યોનું સ્વરૂપ યુગેયુગે બદલાયા કરવાનું, નવા સંશોધનો અને ટેક્નોલોજીએ પૂરા પાડેલા સાધનોને કારણે નવાં નવાં ક્ષેત્રો ખૂલવાનાં. પરંતુ કેળવણીની ચરિતાર્થતા છે કે એ માણસને નવો મનુષ્ય બનાવે. એની માણસાઈનો વિકાસ કરાવે. માણસાઈના વિકાસ માટે અનેક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ છે. એ સાર્થક તો જ થાય જો એના મૂળને પોષણ મળતું હોય. જેમ વૃક્ષના મૂળને પાણી મળે તો વૃક્ષની પ્રત્યેક ડાબી અને તમામ પર્ણ સુધી પહોંચી જાય છે. એમ કેળવણીની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષક-વિદ્યાર્થી સંબંધ મૂળતત્ત્વ રૂપ છે.

કેવળ આ સમય કે અમુક કાળ માટે જ નહીં, પરંતુ આપણી પાંચ હજાર વર્ષ જૂની પરંપરા તપાસીએ કે જગતની ચાર પ્રાચીન સંસ્કૃતિઓને તપાસીએ તો તમામમાં પદ્ધતિ, પ્રક્રિયા અને ટેક્નિકની ભિન્નતા જોવા મળશે, પરંતુ શિક્ષક-વિદ્યાર્થી સંબંધનું મહત્ત્વ બધે જ જોવા મળશે. આ કાંઈ મુગ્ધ ભ્રમણા કે માની લીધેલો ખ્યાલ નથી. પરંતુ કેળવણી પ્રક્રિયાનું હાર્દ છે. ગમે તેટલાં સાધનો, નવી નવી પદ્ધતિઓ અવનવી ટેક્નિકસ પછી પણ એને સાર્થક કરનાર તો શિક્ષક જ છે. વિદ્યાર્થી શિક્ષક સાથેના સંબંધમાંથી શીખે છે. એ સંબંધને વિકલ્પે સાધનો, પદ્ધતિ કે ટેક્નિકને મૂકી નહીં શકાય. આજે આપણે આ ભૂલ કરી છે, શિક્ષકને ગૌણ ગણ્યો તેમાંથી આજના કોયડા સર્જાયા છે. અન્ય સઘળાંનો મહિમા કરવામાં આપણે મૂળને બદલે પાંદડે પાણી પાવાની ભૂલ કરી રહ્યા છીએ. એ સ્પષ્ટ થઈ જવાની જરૂર છે કે શિક્ષકનું સ્થાન કોઈ સાધન, પદ્ધતિ કે ટેક્નિક લઈ શકે નહીં. એ સઘળું ઉપયોગી છે, આવશ્યક છે. પરંતુ કેળવણી પ્રક્રિયામાં એકડો તો શિક્ષક જ છે. એકડો હોય તો પછી આ સઘડાં મીંડાં તેની કિંમત અનેક ગણી વધારી શકે છે.

પ્રાચીનકાળથી આજ સુધી શિક્ષક-વિદ્યાર્થી સંબંધને મહત્ત્વ અપાયું છે. તેમાં જીવન વિશેની ઊંડી સમજણ છે, સ્પષ્ટતા છે. જો માણસ જીવનનિર્વાહ માટે કમાણી કરવાની આવડત ધરાવે એટલો જ શિક્ષણનો ઉદ્દેશ હોય તો સાધનો અને પદ્ધતિઓ પૂરતા થાય. પરંતુ એ ખંડિત દર્શન છે. એને પરિણામે ખંડિત માનવ અને ખંડિત વ્યક્તિત્વ જન્મે છે. એમાંથી સ્વાર્થી, એકલપેટો, અસંવેદનશીલ માણસ જન્મે છે. સમાજ અને રાષ્ટ્ર માટે એ ગંભીર જોખમ છે.

આપણે જેટલો ભાર કૌશલ્યવિકાસ ઉપર આપીએ છીએ તેટલો જ ભાર મનુષ્યના વિકાસ ઉપર આપવો જોઈએ. મનુષ્યત્વનો વિકાસ એટલે નાગરિકધર્મનો વિકાસ -સમાજ પ્રત્યે ફરજનો ભાવ, પ્રકૃતિનાં તમામ તત્ત્વો માટે પ્રેમ અને કાળજી, પોતાનાથી પાછળ રહેલાં માટે સંવેદનશીલતા અને પોતાને માત્ર શરીરરૂપે જ ન જોતાં એનાથી આગળ વધીને, પ્રાણમય કોશથી આગળ વધીને, વિજ્ઞાનમય અને આનંદમય કોશ સુધીની યાત્રા કરવા માટેની ક્ષમતાનો વિકાસ. એ માટેના જ્ઞાનની ઉપાસના અને એના આચરણની આકાંક્ષા. જો કેળવણીનો ઉદ્દેશ આ હોય તો શિક્ષક અનિવાર્ય ગણાશે. અહીં એ તો સ્પષ્ટ જ હોય કે નાદાર, કામચોર અને પગારખાઉ નોકરિયાત એ શિક્ષકની છાયા છે, સાચો શિક્ષક નથી. સાચો શિક્ષક એ ગણાય જેને વિદ્યાર્થી માટે પ્રેમ હોય, જ્ઞાનની સતત ઉપાસના કરતો હોય અને જીવનનાં ધારક તત્ત્વો વિશે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

શ્રદ્ધા હોય. એવો શિક્ષક વિદ્યાર્થીને સાચા જીવનનો રાહ દર્શાવી શકે છે, એના પર ચાલવાની ઝંખના જગાડે છે અને એવું જીવન સાચું જીવન છે એની સ્પષ્ટતા આપે છે. આ કાર્ય કોઈ સાધન કે ટેક્નિક કરી શકતાં નથી, સાચો શિક્ષક જ કરી શકે છે.

શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ અત્યંત વિશિષ્ટ છે. મા-બાપ પ્રેમ આપે છે, પરંતુ દરેક માબાપ જ્ઞાનવાન નથી હોતા. શિક્ષક જ્ઞાનવાન પ્રેમધારક હોય છે. શિક્ષક ઉચિત અને હેતુપૂર્ણ વાતાવરણ સર્જે છે, તેમાં મુકાયેલા વિદ્યાર્થી પરિસ્થિતિ અને જાતને તપાસતો થાય એવું આયોજન કરે છે. વિદ્યાર્થી રસ્તો ચૂકે ત્યાં શિક્ષક નિર્દેશ કરે છે, પણ આંગળી પકડીને ચલાવતો નથી. અનેકવાર એવું પણ બને કે વિદ્યાર્થી ભૂલો કરે અને એમાંથી જ શીખે. શિક્ષક ઇચ્છે છે કે પોતાના વિદ્યાર્થીમાં પરિવર્તન થાય. પોતાની મર્યાદામાંથી મુક્ત થાય અને ગુણ વિકાસ કરે. પરંતુ એ માટે શિક્ષક ઉતાવળો થઈ જતો નથી કે અસ્વાભાવિક આગ્રહ રાખતો નથી. સાચો શિક્ષક જાણે છે કે દરેક પુષ્પ પોતાની રીતે અને પોતાના ક્રમે વિકસે છે. તેમાં સરખામણી કે ઉતાવળ નિરર્થક છે. આવું ધૈર્ય એ શિક્ષકની પોતાની આંતરસંપત્તિ છે. એ પણ સ્પષ્ટ છે કે શિક્ષક વિદ્યાર્થી માટે ઉદાર થશે પરંતુ એની ખુશામત નહીં કરે કે એને પોપલાવશે નહીં. એટલે કે વિદ્યાર્થી અને તેની મર્યાદાને અલગ પાડીને ઓળખી શકશે. શિક્ષક વિદ્યાર્થીને ચાહશે, પરંતુ વિદ્યાર્થી પોતાની મર્યાદામાંથી મુક્ત થાય એ માટે તેને અનેક રીતે પ્રેરશે. ઉદારતા એ વેવલાઈ નથી, સમજપૂર્વકનું ધૈર્ય છે.

ઉપરના ગુણો શિક્ષકમાં આરોપિત નથી હોતા, અંદરથી વિકસેલા હોય છે. એનું પ્રેરકબળ હોય છે વિદ્યાર્થીઓ માટેનો પ્રેમ, નિર્હેતુક પ્રેમ. કશાય બદલાની અપેક્ષા વિનાનો પ્રેમ. એ પ્રેમ જ શિક્ષકને ધૈર્ય આપે છે, ઉદારતા આપે છે, ક્યારેક કડકાઈ આપે છે અને દૃઢતા આપે છે. એટલે એવો શિક્ષક નિર્ભય હોય છે, સ્વયં પ્રતિષ્ઠ હોય છે. સાચા શિક્ષકના અવાજમાં ખાસ પ્રકારની પ્રતીતિનો રણકો હોય છે. વિદ્યાર્થીઓ ઉપર તેના શબ્દો કરતાંય આ રણકાની અસર વધુ થતી હોય છે. એટલે કહી શકાય કે શિક્ષક-વિદ્યાર્થીનો સંબંધ અનેક રીતે નાજુક, વિશિષ્ટ અને સૂક્ષ્મ હોય છે.

શિક્ષક-વિદ્યાર્થીનો આવો સંબંધ નિરામય અને ઉત્કૃષ્ટ હોય છે, જાણે જ્ઞાનની ખોજનો આકાશમાં ઊંચેને ઊંચે ઊડતાં બે હંસ હોય. એવી સ્થિતિમાં શિક્ષકના વ્યાપક જ્ઞાનથી, જીવન વિશેની સમજમાંથી જાગેલ સમતોલનથી, વિકટ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ જીવનનાં ધારક તત્ત્વો વિશેની અચળતાથી વિદ્યાર્થી સમજે છે કે સાચું જીવન એટલે કેવું જીવન. ત્યારે શિક્ષક અને વિદ્યાર્થીનું ઉપનિષદ રચાય છે. તેમાં શિક્ષકનું જીવન જ અસરકારક બને છે. એવા શિક્ષકનું મૌન પણ પ્રેરક બનશે. (ગુરીસ્તુ મૌનમ્ વ્યાસ્યાનમ્, શિષ્યસ્તુ છિન્ન સંશયા.)

આવો સંબધ એ કેળવણીનું સાચું વાતાવરણ છે, ઉચિત પ્રક્રિયા છે અને પ્રેમની ઉત્કૃષ્ટતા છે. આને પરિણામે વિવિધ વિષયો માત્ર પરીક્ષા માટેના સ્મૃતિ આધારો ન રહેતાં સમજવિકાસના આધારો બની જાય છે. જે. કૃષ્ણમૂર્તિ કહે છે તેમ સાચો શિક્ષક 'શું વિચારવું એ નથી શીખવતો, પરંતુ કેમ વિચારવું એ શીખવે છે.' આજના શિક્ષકો કોળિયો ચાવીને વિદ્યાર્થીના મોંમાં મૂકતા હોય તેવી સ્થિતિ છે. જ્યારે વિદ્યાર્થી કેમ વિચારવું એ શીખે છે ત્યારે તેની સર્જનાત્મકતા અને મૌલિકતાનો વિકાસ થાય છે. તેમાંથી વિદ્યાર્થીની અવલોકનશક્તિ, તર્કશક્તિ, અસમાનને પડખોપડખ મૂકીને જોવાની ક્ષમતા, લઘુ ઉપરથી વ્યાપક એકમ ઉપર જવાની શક્તિ, પ્રસ્તુત વિષયનો જીવન સાથે અનુબંધ કરીને પામવાની શક્તિનો વિકાસ થાય છે. આ જ તો શિક્ષક-વિદ્યાર્થીની જ્ઞાનની ખોજ છે, ઉપનિષદ છે.

બાળક ઘર, શેરી અને સમાજમાંથી અનેક બાબતો ગ્રહણ કરે છે. એમાંથી એનાં ટેવો, માન્યતાઓ, વલણો, સ્થૂળતા કે સૂક્ષ્મતા, સંકુચિતતા કે વ્યાપકતા વિકસ્યાં હોય છે. સાચો શિક્ષક વિષયશિક્ષણ, પ્રવૃત્તિઓ કે કાર્યક્રમોને

એવી રીતે દષ્ટિપૂર્વક યોજે છે કે વિદ્યાર્થી ક્રમશઃ સંકુચિતતા કે મર્યાદામાંથી મુક્ત થતો જાય છે. એ વ્યાપક હિતની દષ્ટિએ જોતો-વિચારતો થાય છે.

આપણે સંકુચિત અને આપરખા બનીએ છીએ, કારણ કે આપણી બુદ્ધિ નિરભ્ર નથી હોતી. જેમ આકાશમાંથી આવતાં સૂર્યના કિરણો આડે વાદળાં આવી જાય તો કિરણો પૃથ્વી ઉપર પૂરેપૂરાં આવી શકતાં નથી. એમ લાગણીપ્રેરિત આવેગો, જ્ઞાતિ-જાતિ-ધર્મની સાંકડી દીવાલમાં આપણે બદ્ધ હોઈએ છીએ ત્યારે આપણે પારદર્શક રીતે જોઈ શકતા નથી, આપણું દર્શન ધૂંધળું બની જાય છે. નિરભ્ર બુદ્ધિથી પ્રશ્નોને સમજતા થઈએ છીએ ત્યારે સાચું જીવન એટલે કેવું જીવન તે સમજાય છે. એમાં સૌથી વધારે નિર્ણાયક પ્રક્રિયા શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે થાય છે.

આજે શિક્ષક-વિદ્યાર્થી સંબંધ વિકૃત થયો છે, બજારનો (લેવડ-દેવડનો) સંબંધ થયો છે. એટલે શિક્ષણક્ષેત્રમાં સમસ્યાઓ સર્જાણી છે. આખી પ્રક્રિયા કૃત્રિમ અને સ્થૂળ બની ગઈ છે. એમાં સૌથી મોટો ભોગ લેવાય છે વિદ્યાર્થીની, સર્જનાત્મકતાનો અને પારદર્શક બુદ્ધિનો. ઉત્તમ કેળવણીને પરિણામે રાષ્ટ્રને ઉત્તમ વૈજ્ઞાનિક, વ્યાપારી, ઉદ્યોગ સાહસિક, વહીવટદાર, શિક્ષક ખેડૂત અને બીજાં કામો કરનાર મળે એવી અપેક્ષા હોય છે. પરંતુ આજની વિકૃત શિક્ષણ પ્રક્રિયાને કારણે બેજવાબદાર, સ્વાર્થી, ભ્રષ્ટ, ચાલાકીવાળા નાદાર પ્રજાજનો મળે છે. આ ગંભીર ખોટનો મૂળભૂત ઉપાય છે શિક્ષક-વિદ્યાર્થી સંબંધની ગરિમાની પુનઃસ્થાપના કરવી. સાધનો-પદ્ધતિઓ-ટેક્નિકને દ્વિતીય ક્રમે મૂકવો, શિક્ષકને પ્રથમ ક્રમે મૂકવો.

આપણું શિક્ષણ જે ભયંકર ઝડપે અવનતિ પામી રહ્યું છે એને અટકાવવું હોય તો શિક્ષકત્વનો સાચો મહિમા શો છે તે વિશે સ્પષ્ટ થવું પડશે. કહી તો એમ શકાય કે જ્યારે કોઈ રાષ્ટ્ર નબળું પડે કે હારે ત્યારે એનો શિક્ષક નબળો પડ્યો હોય છે, હાર્યો હોય છે. કોઈ રાષ્ટ્ર ગૌરવપૂર્ણ અને સફળ થયું હોય છે ત્યારે એનો શિક્ષક ગૌરવપૂર્ણ અને સફળ થયો હોય છે.

શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ એ કેળવણીનું બુનિયાદી તત્ત્વ છે. એનાં પોષણ, વિકાસ અને ઊંચાઈ એ સમગ્ર કેળવણી પ્રક્રિયાની સાર્થકતા હોય છે.

---

# બાળકની નિર્દોષતા

**- ગુણવંત શાહ**

આચાર્ય રામમૂર્તિએ કહેલો પ્રસંગ યાદ આવે છે. ચિત્રકામ શીખવતી વખતે બાળકોને કોઈ વસ્તુ જોઈને દોરવાનું કહેવામાં આવે છે. ટેબલ, માટલું કે પાંદડું જોઈને બાળકો તેને બને તેટલી વફાદારીથી કાગળ પર દોરતા રહે છે. એકવાર શિક્ષકે બાળકોને પોતાને ખૂબ જ ગમતી હોય એવી ચીજ દોરી લાવવા કહ્યું. સૌ બાળકો કંઈ ને કંઈ કાગળ પર પાડીને શિક્ષકને બતાવી ગયા. કોઈએ સૂર્ય પાડ્યો, કોઈએ નદી પાડી, કોઈએ ઝાડ દોર્યું અને કોઈએ માણસ દોર્યો. વર્ગમાં એક બાળકને કશું જ ન દોર્યું. શિક્ષકે એને પાસે બોલાવીને પૂછ્યું : 'તું કેમ બેસી રહ્યો છે?' બાળક થોડો મૂંઝાયો. શિક્ષકે વાત પકડી રાખી એટલે શરમાઈને એણે કહ્યું : 'સાહેબ, મને જે ચીજ ગમે છે તેનું ચિત્ર દોરવું મુશ્કેલ છે.' શિક્ષકે આતુરતાથી પૂછ્યું : 'એવી તે કઈ ચીજ છે જે તું કાગળ પર દોરી ન શકે?' બાળકે કહ્યું : 'છુટ્ટી.'

જોકે, બધી શાળાઓ અળખામણી જ હોય એવું નથી.

(વગડાને તરસ ટહુકાની)


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સુટેવોનું ઘડતર

**રણછોડ શાહ**
૬૩, ભૃગુપુર સોસાયટી, ભરૂચ
મો. ૯૯૭૯૮૬૧૬૩૧

પરિવર્તન જીવનનો ક્રમ છે. કુદરત પણ ક્યાં કશું કાયમી રાખે છે ? તો પછી માનવીની તો વાત જ ક્યાં કરવી ? આપણે સૌ શિયાળો, ઉનાળો અને ચોમાસુની ત્રણ ઋતુઓથી ટેવાયેલા હતા. આજથી ચાર-પાંચ દાયકા પહેલાં મોટાભાગે પંદરમી જૂનથી ચોમાસુ શરૂ થાય જ. પરંતુ પર્યાવરણીય ફેરફારોને કારણે હવે તો નવરાત્રીમાં પણ મેઘરાજા હાજરી પુરાવતા થઈ ગયા છે. અગાઉના સમયમાં લેવાતા માંગલિક પ્રસંગો અને વર્તમાનમાં ઉજવાતા જાહોજલાલી ભર્યાં લગ્ન સમારંભોમાં અકલ્પનીય પરિવર્તન આવ્યું છે. અગાઉ યોજાતા શેરી-ગરબા અદૃશ્ય થઈ ગયા. પાર્ટી પ્લોટ ઉપર લખલૂંટ ખર્ચ કરી ધામધૂમથી નવરાત્રી માણવા યુવાનો અને યુવતીઓ સપ્ટેમ્બર માસથી થનગની ઊઠે છે. શેરી ગરબાની સાદાઈ અને આજના ઈવેન્ટ મેનેજમેન્ટથી યોજાતા ગરબા વચ્ચે કોઈ બાબતે સામ્યતા નજરે પડતી નથી. આ પરિવર્તનનો પ્રતાપ છે.

આપણી રહેણીકરણીમાં આવેલ ફેરફાર પણ અત્યંત અનોખા છે. હવે મકાનો નહીં બંગલાઓ બને છે. પહેલાં ઘરમાં એક કે બે સૂવાના અલગ ઓરડા રહેતા. વધુમાં બે બાથરૂમ, એક કે બે સિલિંગ ફેન ઘરમાં હોય તો સમૃદ્ધ કુટુંબ ગણાતું. આજે વ્યક્તિદીઠ બાથરૂમ અને એ.સી. આવી ગયાં છે. સામાન્ય આવક ધરાવતાં કુટુંબોમાં પણ એરકન્ડિશનની અનિવાર્યતા લાગવા માંડી છે. અગાઉના બે પૈડાવાળાં વાહનોની જગ્યા આજે ચાર પૈડાવાળાં વાહનોએ લઈ લીધી. મધ્યમ આવકવાળી સોસાયટીમાં રસ્તાઓ સાંકડા હોવાથી ગાડીઓ પાર્ક કરવાની કઠિન સમસ્યા ઊભી થઈ ગઈ છે. ઘરનાં કબાટો વસ્ત્રોથી ફાટફાટ થઈ રહ્યાં છે. કુટુંબની વ્યક્તિઓ કરતાં બૂટ-ચંપલની સંખ્યા ત્રણથી ચારગણી થઈ ગઈ છે.

પરિવર્તનના સૂસવાટાસભર પવનનો આપણે સામનો કરવો પડે છે. તેથી જીવનમાંથી કરકસર અદૃશ્ય થઈ ગઈ હોય તેમ લાગે છે. 'કરકસર' સુટેવ છે તે વાત સમજાવવાની શાળા અને કુટુંબની જવાબદારી છે. સંપત્તિ વપરાય તે યોગ્ય છે પણ વેડફાય તે અયોગ્ય છે, તેની સમજ બાળપણ અને યુવાવસ્થાએ આવી જવી જોઈએ. વર્તમાનમાં ધનનો દેખાડો થઈ રહ્યો હોય તેમ નજરે પડી રહ્યું છે. જો યોગ્ય ઉંમરે કરકસર જેવી જેવું સુટેવનું ઘડતર નહીં થાય તો મોટી વયે શક્ય બનશે નહીં. પાકા ઘડે કાંઠા ચડશે નહીં. જીવન એક ધારું આર્થિક રીતે પ્રગતિના પંથે જ હોય તે શક્ય નથી. ક્યારેક સંપત્તિ જીવનમાંથી અદૃશ્ય થઈ જાય ત્યારે કરકસરયુક્ત જીવન જીવવાની રીત નહીં આવડે તો જીવન આકરું બની જશે. તાત્કાલિક કોઈ સહાય નહીં મળે તો ન ભરવા જેવાં પગલાં ભરાઈ જશે. દેવું ભરપાઈ ન થઈ શકતા લોકો અયોગ્ય રસ્તો લઈ જીવન ટૂંકાવી નાખવાની સ્થિતિ આવી પડશે. આવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય તેમ કરવું હોય તો બાળપણ અને યુવાનીમાં કરકસરયુક્ત વહેવાર શીખવો અને શીખવવો પડશે.

એક જમાનામાં ત્રણ કે ચાર આંકડાનો પગાર ભયોભયો ગણાતો. તેટલી રકમમાં સહેલાઈથી કરકસરયુક્ત વ્યવહારને કારણે જીવન સુખ, શાંતિ અને સંતોષમાં પૂર્ણ થતું. કોઈની પાસે હાથ લંબાવવો પડે તો શરમ કે સંકોચનો અનુભવ થતો. પરંતુ જયારથી બૅન્કની લોન સહેલાઈથી મેળવી ધનવાન દેખાવવાની વૃત્તિ પ્રવેશી ગઈ ત્યારથી સૌ એક સાથે સુખના સાધનો ખરીદવા માટે મંડી પડ્યા. દેખાદેખીનો પવન ઝડપથી ફેલાઈ ગયો. પોતાની પહોંચ બહાર પણ ખરીદી થવા માંડી. તેથી સ્વાભાવિક રીતે જે વ્યક્તિએ આર્થિક ખેંચ અને માનસિક તાણ અનુભવવી પડે.

આ તકે એ બાબતની પણ સ્પષ્ટતા થવી જોઈએ કે કરકસરનો અર્થ કંજૂસાઈ સહેજ પણ નથી. પાયાની જરૂરિયાત સૌ પાસે પૂરતા પ્રમાણમાં હોવી જ જોઈએ. સંતોષી લોકો જ સામાજિક શાંતિ લાવી શકશે. આવશ્યક

વસ્તુઓ સૌને પ્રાપ્ત થવી જ જોઈએ. પરંતુ વ્યક્તિએ પોતાની સમજ પ્રમાણે આવશ્યકતા અને અનાવશ્યકતા વચ્ચેનો ભેદ નક્કી કરવો પડશે. વસ્તુઓના ખડકલા કરવાથી તો મોટા મકાનો પણ નાના પડશે. જેની જરૂર નથી તેની ખરીદી કરવામાં શાણપણ નથી. મોલ કલ્ચર અને ઓનલાઈન ખરીદીને કારણે બિનજરૂરી વસ્તુઓ પણ ઘરમાં આવી જાય છે એ ખાસ યાદ રાખવાનું કે બિનઉપયોગી વસ્તુઓની ખરીદી એટલે ધનનો વેડફાટ.

કરકસર અને કંજૂસાઈ વચ્ચે અત્યંત પાતળી ભેદરેખા છે. કરકસર ઉત્તમ સદ્‌ગુણ છે તો કંજૂસાઈને કારણે જીવન અભાવપીડિત પરિસ્થિતિ ઉત્પન્ન કરે છે. નૂતન પેઢીના યોગ્ય વિચારો સાથે તાલ મેળવવા માટે કંજૂસાઈ જેવા દુર્ગણને દૂર રાખવો પણ આવશ્યક છે. બે પેઢી વચ્ચે વૈચારિક તફાવત હોઈ શકે. પરંતુ તે મનભેદમાં ન પરિણમે તે જોવું હોય તો કરકસર અને કંજૂસાઈ વચ્ચેના ભેદને પણ પારખવાની જવાબદારી વડીલોની છે. અગાઉના સમયને વર્તમાન સાથે વારંવાર સરખાવવાથી કરકસર જેવો સદ્‌ગુણ કંજૂસાઈ દુર્ગુણમાં પરિવર્તિત થતો નજરે પડે છે. કસકસર અને કંજૂસાઈ વચ્ચેનો ભેદ વિવેકપૂર્ણ રીતે અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સમજવો અને સમજાવવો પડશે. જો તેમ કરવામાં ચૂક થશે તો ઘરમાં સંવાદિતા ઘટશે અને વિસંવાદિતા અને કલુષિત વાતાવરણ થઈ જશે. આ સંજોગોમાં બંને વચ્ચેનો તફાવત યોગ્ય માત્રમાં સમજાય તે ઈચ્છનીય જ નહીં પરંતુ અત્યંત આવશ્યક પણ છે.

**આચમન**

*કરકસર બીજો ને ત્રેવડ ત્રીજો ભાઈ છે, જો જે?*
*સ્વાર્થ, વેર, શંકા તું ભૂલજે, મન મિજાજ ના ખોજે,*
*ઘર આવે મહેમાન તો એને મળજે તું સત્કારી*
*અમ સહુની થોડીક શિખામણ ગાંઠે બાંધજે તારી.*

**- અશોક જાની (આનંદ)**

## આસ્વાદ : એક શિક્ષકનું દેહાંત...

જવું....એ બહુ ઓછાનાં જીવનમાં લખાયું કે જીવાયું હોય છે. જે ક્યારેય સળગ્યા જ નથી...તેને ઠરવાની શું ખબર કે અનુભવ હોય! અહીં શિક્ષક સતત શિક્ષકત્વની ચિનગારીથી સળગતા ને વર્ગખંડને અજવાળતા રહ્યા છે...ને વળી પાછાં વાદળી જેમ વરસતા પણ રહ્યા છે. કેવો વિરોધાભાસ...! ને પાછું એટલું જ નક્કર સત્ય! કારણ કે શિક્ષક એ સામાન્ય નહીં પણ અસામાન્યજીવ છે. તેમાં જ આવું સંભવી શકે!

કોઈ કળા કે પ્રકૃતિથી વેગળો હોય એ શિક્ષક હોઈ શકે ખરો? અહીં કવિ પ્રકૃતિનાં ઋતુચક્ર સાથે શિક્ષકત્વનાં કર્તવ્યચક્રને સાંકળી ભાષાના તાંતણાથી કાવ્યનું પોત રચી પોતાનાં જીવનને દશા અને દિશા દેખાડનાર એ શિક્ષકને ખરી દયાંજલિ પાઠવે છે. અને યાદ તો તેને કરવાના હોય જે ભૂલાઈ જતા હોય...પણ કવિ માટે-

"એ દેહનું સ્મરણ બાવલું થઈ
મારી ભર વચાળે હવે અખંડ ઊભું રહેશે-
સમયની ચૂલમાં સળગીને હું ઠરી ન જાઉં ત્યાં સુધી!"

ફરી આગળનું યાદ કરીએ તો, દેહાંત એ સનાતન સત્ય છે. સૌને સમયની ચૂલમાં સળગીને ઠરી જવાનું છે, તેમાં કવિ પણ બાકાત નથી!

આખી કવિતામાં ક્યાંય શબ્દનો ભાર નથી. અર્થની ન સમજાય એવી પહોળાઈ નથી પણ ઊંડાણ છે. જે કહ્યું, કર્યું તે સહજ ને સરળ છે. ગાંધીજી કહેતા, "કોશિયો પણ સમજી શકે એવું સાહિત્ય હોવું, રચાવું જોઈએ." કોઈપણ ભાવક પામી શકે એવી આ રચના છે. હા, કવિતામાં બળકટ ઊર્મિ હોય પણ અહીં નરી વાસ્તવિકતા છે. જેની સંવેદનસભર અનુભૂતિ થાય છે. સૌ કોઈ ભાવકને અસર કરી જાય છે. અને પોતાના જીવનમાં આવેલા આવા વિરલ શિક્ષકને યાદ કરવા લાગે છે.

વાત તો એવી પણ ખરી કે કવિ પોતાના પ્રિય શિક્ષકનાં દેહાંતનું સંવેદ્ય રચી પોતે પણ શિક્ષક હોવાની પોતાની હયાતીનું સાર્થક્ય પણ અનુભવે છે...જેનું મૂલ્ય-અમૂલ્ય છે!

અને એટલે જ કહેવું પડે- કવિના શબ્દ અને શિક્ષકના શિક્ષકત્વનું ક્યારેય દેહાંત થતું નથી.

આવી સંવેદનસભર રચના બદલ કવિને ધન્યવાદ.

# સર્જનાત્મક નેતૃત્વનું જીવંત ઉદાહરણ

હરેશ ધોળકિયા
ભૂજ-કચ્છ

એકવીસમી સદી બીજી બધી બાબતોમાં પ્રગતિશીલ છે, માત્ર રાજકીય નેતૃત્વમાં બહુ પછાત છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં અશાંતિ જોવા મળે છે, તેનું કારણ ત્યાંની રાજકીય નેતાગીરી નબળી છે. ન્યૂઝીલેન્ડ કે આઈસલેન્ડ કે જર્મની જેવા કોઈ દેશોમાં વળી સબળ નેતૃત્વ જોવા મળે છે. બાકી સર્વત્ર નબળું, વિઝન વિનાનું નેતૃત્વ જોવા મળે છે. કદાચ ક્યારેક વિઝનવાળું નેતૃત્વ દેખાય છે, ચીન જેવા દેશમાં, તો તે સરમુખત્યારશાહીવાળું છે. એટલે લોકોનો સાચો વિકાસ ત્યાં જોવા મળતો નથી. ક્યારે આ નેતૃત્વ યુદ્ધ તરફ દોરી જશે તે કહી શકાતું નથી. પરિણામે વિશ્વ સતત પ્રગતિ કરતું હોવા છતાં અશાંત દેખાય છે.

પણ બીજા ક્ષેત્રોમાં ઉત્તમ નેતૃત્વ જોવા મળે છે. ખાસ કરી ઉદ્યોગોમાં ઘણું જ સરસ નેતૃત્વ જોવા મળે છે. ભારતમાં જોઈએ તો રતન ટાટા, નારાયણ મૂર્તિ, અઝીમ પ્રેમજી, કુમાર મંગલમ્ જેવા ઉત્તમ સંચાલકોના નેતૃત્વના કારણે ઉદ્યોગો સરસ ચાલે છે. તો વિશ્વમાં પણ એવા જ ઉત્તમ ઉદ્યોગપતિઓ કે ટેક્નોલોજીના ક્ષેત્રના નેતાઓ કામ કરે છે. પરિણામે એ ક્ષેત્રો ઝડપથી આગળ વધે છે અને આવનાર સમયનું એક ઉત્તમ વિઝન પણ આપે છે. આવા નેતૃત્વ વિશે જાણવા મળે તો નેતૃત્વ મેનેજમેન્ટ વિશે ઘણું શીખવા મળે છે.

અમેરિકાના મનોરંજન ક્ષેત્રના આવા જ એક ઉત્તમ નેતા - સંચાલક અને તેની કાર્યશૈલી વિશે જાણવાની તક મળી. તેણે પોતે જ આ ક્ષેત્રમાં લગભગ પિસ્તાળીસ વર્ષ કામ કર્યા પછી પોતે જે શૈલીનું નેતૃત્વ કર્યું, તેનું વર્ણન કર્યું, આત્મકથા સ્તરનું, પુસ્તક પ્રકાશિત કર્યું છે. અમેરિકાની આ કંપનીનું નામ તો અતિ જાણીતું છે. તે છે 'વોલ્ટ ડિઝની કંપની.' તેના વડા-સી.ઈ.ઓ. - રોબર્ટ આઈગરે પોતાના અનુભવોનું પુસ્તક 'ધ રાઈડ ઓફ એ લાઈફટાઈમ' થોડા સમય પહેલાં (૨૦૧૯) પ્રકાશિત કર્યું છે. આમ તો તેમાં તેમણે પોતે કઈ રીતે નોકરીમાં જોડાયા અને કેમ આગળ વધતા ગયા અને આજે આ કંપનીના વડા છે ત્યાં સુધીની વાતો લખી છે. પણ તેમને કેવળ આત્મકથા લખવામાં રસ ન હતો. તેમને તો તે બહાને પોતે વિવિધ સ્થળે અને સમયે જે 'સર્જનાત્મક અને વિઝનરી નેતૃત્વ' કર્યું તે સમજાવવું હતું અને તે તેમણે સરળ ભાષામાં છતાં એટલું તો રસપ્રદ રીતે સમજાવ્યું છે કે આત્મકથાનાત્મક હોવા છતાં એક મેનેજમેન્ટનું પુસ્તક બને છે. પાને પાનું રસપ્રદ બને છે.

રોબર્ટ આઈગરે પોતાની નોકરીની શરૂઆત અમેરિકાની ટેલિવિઝન કંપની 'એ.બી.સી.' (અમેરિકન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન)થી કરી. ત્યાં સૌથી નીચલા હોદ્દે તે નિમાયા. પણ અંગત કુશળતા અને સતત શીખવાની વૃત્તિથી આગળ વધતા ગયા અને સ્ટુડિયોના વડા સુધી પહોંચ્યા. ૧૯૮૫માં આ કંપની કેપિટલ સિરીઝ નામની કંપનીને વેચી નંખાઈ. એટલે તે તે કંપનીમાં ગયા. ત્યાં પણ કુશળતાથી વધતા ગયા. સમય જતાં તે કંપની વોલ્ટ ડિઝનીમાં ભળી ગઈ. ત્યાં તે બીજા નંબરની પોસ્ટ પર પહોંચ્યા. સમય જતાં તે પ્રથમ નંબરની જગ્યાએ પહોંચ્યા - સી.ઈ.ઓ. થયા આજે તે ત્યાં જ છે.

વોલ્ટ ડિઝની તો ભારે વિશાળ કંપની. વિશ્વની એક સર્વોત્તમ સર્જનાત્મક કંપની. જાતભાતની પ્રવૃત્તિઓ કરે અને અબજો રૂપિયા કમાય. આઈગરે તે કંપનીને વધારે વિશાળ બનાવવાનો પ્રયાસ કર્યો અને તેમાં ત્યારની સર્વોત્તમ કંપનીઓ - પીકસર, માર્વેલ, લુકાસ ફિલ્મ, ટ્વેન્ટી ફર્સ્ટ સેન્ચુરી ફોક્સ - વગેરે ભેળવી દીધી અને વોલ્ટ ડિઝનીને વિરાટ બનાવી દીધી. આઈગર જોડાયા ત્યારે કંપનીનું જે કદ હતું તેના કરતાં આજે પાંચગણું કદ

થઈ ગયું છે. પરિણામે આઈગર પોતે પણ આજે વિશ્વના એક અત્યંત સન્માનનીય, અદ્યતન અને સફળ સી.ઈ.ઓ. ગણાય છે.

આ પુસ્તકમાં આઈગર આ વર્ષો દરમિયાન વોલ્ટ ડિઝનીમાં રહી પોતે જે પાઠો શીખ્યા તે વહેંચે છે. તે સાચાં નેતૃત્વના માટે જરૂરી જે ગુણો છે તે પોતાના અનુભવોના આધારે વર્ણવે છે. તેમાં તે તીવ્ર અને સાતત્યભરી જિજ્ઞાસા, ઉત્સાહનું મૂલ્ય, જોખમ લેવાની હિંમત, કાર્યમાં કેન્દ્રિયતા, સન્માન આપવું, ડોલર બદલે સદ્ભાવનું વલણ વગેરેનો સમાવેશ થાય છે. અહીં પુસ્તકની વિગતો ચર્ચવાનો ઈરાદો નથી, પણ આઈગરે પોતે અનુભવોના આધારે જે સિદ્ધાંતો તારવ્યા છે તે રજૂ કરવાનો છે. તેમણે તો સમગ્ર પુસ્તકમાં ઠેર ઠેર અને અંતે છેલ્લા પ્રકરણમાં એ બધાનો સાર સૂત્રોરૂપે આપ્યો છે તેમાંથી થોડા સિદ્ધાંતો અહીં મૂક્યા છે. નેતૃત્વમાં સફળ થવા ઇચ્છનાર વ્યક્તિને ઉપયોગી થશે. તેમના વિચારો સૂત્રરૂપે જ અહીં મૂક્યા છે :

- મહાન વાર્તાઓ કહેવા માટે અદ્ભુત કૌશલ્યની જરૂર પડે છે.
- સતત નવું સંશોધન કરો અથવા નામ પામો. જો નવાના ભયથી કામ કરશો તો કોઈ જ નવું સંશોધન કરી નહીં શકો.
- સતત પૂર્ણતાનો આગ્રહ રાખવાનો છે. આના કોઈ નિયમ નથી. તે એક માનસિક સ્થિતિ છે. એમાં એક એવું પર્યાવરણ ઊભું કરવાનું છે જ્યાં કામ કરતા લોકો પોતે જ સરાસરીપણાનો અસ્વીકાર કરે.
- જ્યારે તકલીફમાં હો, ત્યારે તો ખાસ જવાબદારી લો. જો તમે તમારી ભૂલોનો સ્વીકાર કરશો તો તમારા લોકો તમને વધારે માન આપશે અને તેમનો તમારા પર વિશ્વાસ વધશે. ભૂલો ટાળવી અશક્ય છે, પણ તેને સ્વીકારવી, તેમાંથી શીખવું અને એક ઉદાહરણ પૂરું પાડવું કે ક્યારેક ભૂલ થઈ શકે છે !
- લોકો સાથે ખૂબ જ સન્માનજનક રીતે વર્તો. તેમના સાથે સહાનુભૂતિ રાખો. એનો અર્થ એવો નથી કે તેમના પર ઓછી અપેક્ષા રાખો કે તેમની ભૂલો ચલાવી લો. પણ તેનો અર્થ એવો છે કે તમે એવું વાતાવરણ સર્જો જ્યાં લોકોને ખ્યાલ હોય કે તમે તેમને સાંભળશો અને તેમના પ્રત્યે ન્યાયથી વર્તશો. તેમની પ્રામાણિક ભૂલોને સુધારવાની તક મળશે.
- અનુભવ કરતાં કાર્યક્ષમતાને વધારે માન આપો. લોકોને એવી ભૂમિકાઓ આપો કે તેમને પોતાની શક્તિ કરતાં વધારે કામ કરવાની ફરજ પડે.
- તમે બધું જ જાણો છો એવો દાવો ન કરો. જરૂર હોય ત્યાં સવાલો પૂછી જાણો, ન સમજાય તે બાબતે સ્વીકારી માફી માગો અને ઝડપથી શીખવા તૈયાર રહો.
- સર્જનાત્મકતા એ કલા છે, વિજ્ઞાન નથી. તે સૂચવે છે કે નિષ્ફળતા અનિવાર્ય છે. તેમાં પ્રયત્નનો અભાવ નથી હોતો, પણ એ હકીકત હોય છે કે જ્યાકે કોઈ નવા વિચાર પર પ્રયોગ કરાય છે, ત્યારે નિષ્ફળ જવાની તૈયારી રાખવી જ પડે છે.
- ક્યારેય પણ નકારાત્મકતાથી અને નાની વાતથી શરૂ ન કરો. એમ કરાશે તો લોકો નાની નાની વાતોમાં ગૂંચવાઈ જશે અને મોટા, સુગ્રથિત અને સ્પષ્ટ વિચારો નહીં કરી શકે. તમે જો શુદ્રતાથી શરૂઆત કરશો તો તમે પોતે પણ શુદ્ર લાગશો.
- કોઈ પણ કામમાં સલામતી ન શોધો. હંમેશાં મહાન કામ કરવાની શક્યતા સર્જવાનો પ્રયાસ કરો.
- તક કરતાં મહેચ્છા આગળ ન નીકળી જાય તે જોવું. ધૈર્ય રાખો, તકો શોધો, વિકસો, સમય જતાં મહેચ્છા સંતોષાશે.
- એવા નાનાં નાનાં કામોમાં સમય ન બગાડો જે શક્તિ વેડફી નાખે અને ઉત્તમ પરિણામો ન આપે.
- જો નેતા તરીકે તમે વધારે કામ નહીં કરો, તો લોકો તે તરત જાણી જશે અને તેમનું તમારા તરફ સન્માન ઓછું થઈ જશે. જરૂરી બધી જ મીટિંગોમાં હાજર રહેવું. લોકોને સાંભળવા અને ઉકેલ શોધવામાં મદદ કરવી.
- કદી પોતાને અનિવાર્ય ન માનો. માત્ર તમે જ ઉત્તમ

કામ કરી શકો છો એવા વહેમમાં ન રહો. ઉત્તમ નેતૃત્વ એ નથી કે પોતાને જ અનિવાર્ય માને. તે તો છે બીજાઓને પોતાની જગ્યાએ આવવા તૈયાર કરવા. બીજાઓને નિર્ણય લેવાની તક આપવી, તેમનું કૌશલ્ય વધારવું વગેરે.

- કોઈ પણ સંસ્થાની પ્રતિષ્ઠા એ તેના કર્મચારીઓનાં કાર્યો અને સંસ્થાનાં થતાં કાર્યોનો સરવાળો છે. લોકો પાસેથી હંમેશાં સુગ્રથિતતા માગવાની છે.
- મોટા ભાગે નેતા હિંમત બદલે ભયથી નેતૃત્વ કરે છે. જૂનાં કાર્યોને જ જાળવવા પ્રયાસ કરે છે. તો જે પરિવર્તન આવશે તેમાં તે ક્યારેય ટકી નહીં શકે. જૂનાં કાર્યો કદાચ ફાયદાકારી હોય તો પણ આવનાર પરિવર્તનનો સામનો કરવાની તૈયારી રાખવાની છે.
- નિરાશાવાદ ભ્રમણા જન્માવે છે. તે રક્ષણાત્મક જન્માવે છે. તેનું પરિણામ એ આવે છે કે જોખમ લેવાની હિંમત નથી આવતી.
- ઉત્સાહનું જન્મસ્થાન છે પોતા પર અને પોતા સાથે કામ કરતા લોકો પર વિશ્વાસ.
- કામ શરૂ કરવા પહેલાં લોકોને કઈ અગવડો છે તે સ્પષ્ટ રીતે અને સતત કહેવાનું છે. જો તેમ નહીં થાય તો લોકોને કેમ અને શું કામ કરવું તેની સ્પષ્ટતા નહીં આવે. પરિણામે સમય, શક્તિ અને સંશોધનોનો વેડફાટ થશે.
- જો તમને કશુંય યોગ્ય નહીં લાગતું હોય, તો તે તમારા માટે યોગ્ય નહીં જ હોય.
- ચર્ચા વખતે હંમેશાં લાંબા ગાળાની જ વાતો કરો. ટૂંકા ગાળાની ફાયદાઓના આધારે કશું નક્કી ન કરો.
- જો તમે કશુંક સર્જવાના બિઝનેસમાં હો, તો હંમેશાં અદ્ભુત સર્જન જ થાય તેવો આગ્રહ રાખો.
- લાંબા સમય સુધી સત્તા પર ન રહો. તેના પરિણામે લોકો તમારાથી પ્રભાવિત થશે. તમને પણ લોકોના મત સાંભળવા નહીં ગમે. લોકો વિરોધ કરતા ડરશે. ઉત્તમ નેતાઓના કિસ્સાઓમાં પણ આવું બને છે.
- જગત જ્યારે કહે કે તમે મહત્ત્વના અને શક્તિશાળી છો ત્યારે સજાગ રહો. જે પળે તમે આ માનવાનું શરૂ કરશો અને અરીસામાં તમે તમારી છાતી પર અનેક ખિતાબોવાળા જોશો, તો માનજો કે તમે માર્ગમાંથી ભટકી ગયા છો.

આઈગર અંતે કહે છે કે આ સિદ્ધાંતો વૈશ્વિક છે. દુનિયાના કોઈ પણ સી.ઈ.ઓ.ને કામ આવશે.

આપણે તેમાં ઉમેરશું કે સિદ્ધાંતો તો કોઈ નાની સંસ્થાના વડાને પણ કામ આવે તેવા છે.

આ પુસ્તકનું એકેએક પાનું મનનીય છે. પ્રેરણાદાયી છે. પાને પાને ખૂબ શીખવા મળે છે. તે વાચકને પણ આત્મવિશ્વાસ પણ આપે છે કે જો એક તદ્દન નાના પદ પરથી એક વ્યક્તિ વિશ્વની વિરાટ કંપનીના સી.ઈ.ઓ. બની શકે, તો તે પણ, ઇચ્છે તો, બની શકે છે.

(**'ધ રાઈડ ઓફ એ લાઈટટાઈમ'**, લેખક : રોબર્ટ આઈગર, પ્રકાશક : પેન્ગ્વિન રેન્ડમ હાઉસ.)

---

- પુસ્તકિયું જ્ઞાન ઉપદ્રવ માત્ર છે. એ પ્રસાધન તરીકે ચાલી શકે, પરંતુ આધારભૂત પાયા તરીકે બિલકુલ નહીં. **- મોન્ટેઈન**
- જ્ઞાનની શોધમાં પણ આત્યંતિકતાનો અભાવ હોવો જોઈએ. નહીં તો આપણે એવી બાબતોથી અવગત થઈશું જેને ન જાણવામાં જ સાર હોય. **- બાલ્ટાસર ગ્રેસિઅન**
- મધ્યમ વર્ગના લોકોનું જ્ઞાન મોટાભાગે સંચિત કરેલું હોય છે. **- ક્લાઉડ બર્નાર્ડ**
- હિંમત વગરનું જ્ઞાન નપુંસક છે. **- બાલ્ટાસર ગ્રેસિઅન**

# વિચારને શિક્ષિત કરી શકાય ?

ભદ્રાયુ વછરાજાની

ખરેખર તો વિચારનું શિક્ષણ હોય નહીં. કેમ ન હોય? વિચાર તો ગમે ત્યારે આવે, ગમે તેવા આવે, ન ગમે તેવા પણ આવે. ભૂખનું કે તરસનું કે રુધિરાભિષરણનું શિક્ષણ હોય? જો એ બધાંનું હોય તો વિચારનું શિક્ષણ હોય. કારણ કે વિચાર ઈનટેન્જીબલ છે. ઈન્ટેન્જિબલ એટલે શું? જેને તમે જોઈ શકતા નથી, જેને તમે સ્પર્શી શકતા નથી, જે ક્યાંથી આવ્યું, ક્યાં ગયું ખબર નથી પડતી. આમ જુઓ તો, વિચારનું તો કોરોના વાઈરસ જેવું છે. ક્યાંથી આવ્યું એ ખબર ન પડે, એનો ઈલાજ શું એ ખબર ન પડે. જે અજ્ઞાત છે તે વિચારનું શિક્ષણ શક્ય નથી.

તો શું વિચારને બે-લગામ અવરજવર કરવા દેવી? ના સાવ એવું નથી. હા, વિચારની કેળવણી શક્ય છે. આ શિક્ષણ અને કેળવણીમાં શું ફેર? ખાસ્સો ભેદ. આપણને દિલમાં ઊગે અને કોઈ કામ માટે ભેગા થઈએ તો એ કેળવણીના ભાગરૂપે ભેગા થયા કહેવાય. કેળવણી છે શું? કેળવવું – To educate. ખરેખર Educateનો અર્થ જ એ છે ‘અંદર પડ્યું છે તે બહાર લઈ આવો.’ પણ કેવી રીતે બહાર લઈ આવવું? બે રીતે લાવી શકાય.

૧) બધું મગજમાં ભરો અને ટાણું આવે ત્યારે માણસ પોપટની જેમ બોલે એ બહાર લઈ આવવાની એક રીત. અને ૨) હાથ, પગ અને બધાં જ કૌશલ્યો શીખો, કેળવો, ખુદ અમલમાં મૂકો કે જેથી કરીને તેના દ્વારા જે સર્જન થાય એ પ્રક્રિયાને કેળવણી કહેવાય.

આપણે બોલીએ છીએ કે કોઈક આવે તો એને આવ્યું કહેવાય ને! તો વિચાર પણ આવતો હશે ને? પણ ના એ વાત સાચી નથી, એનું કારણ કે આપણને આવાં ભ્રામક વાક્યો બોલવાની ટેવ છે. ટ્રેનમાં જતાં હોઈએ તો આપણે કહીએ કે પાલનપુર આવ્યું. પાલનપુર નથી આવ્યું, આપણે પાલનપુર આવ્યા છીએ. આપણે બોલીએ છીએ કે નળ આવ્યો! નળ આવ્યોનો અર્થ એવો કે પ્લમ્બર આવશે ને નળ નાખશે. પણ ના એવું કહેવા માગતા નથી. નળ આવ્યો એનો અર્થ એવો છે કે નળ હતો એમાં પાણી આવ્યું. આપણે કહીએ છીએ કે અમે ઘઉં વીણીએ છીએ. ખરેખર તમે કાંકરા વીણો છો. એવી રીતે ‘વિચાર આવ્યો’ ને આપણે ‘આવ્યો’ કહીએ છીએ પણ હકીકતમાં એ આવતો નથી.

વિચારનું ક્રિએટિંગ હાઉસ તો બહાર છે. પણ તેને લઈને અંદર જે કંઈ થાય છે, એમાંથી જે આવે છે એ વિચાર છે. એટલે આવ્યો ખરો પણ અંદરથી બહાર આવ્યો. અંદર તો ઢગલો પડ્યો જ રહે છે. હવે વિચારની કેળવણી શક્ય છે તો વિચારોને કેળવવા શું કરવું? વિચાર એટલે શું? શાસ્ત્રમાં કહ્યું છે કે વિચાર પ્રવાહઃ ઈતિ મનઃ - ‘વિચારોનો પ્રવાહ એ જ મન છે.’ પણ મન ક્યાં છે? મન કોઈએ જોયું છે? વિજ્ઞાન શિક્ષક તરીકે મેં દસમા ધોરણના વિદ્યાર્થીઓને પૂછ્યું, ‘તમારામાંથી મૂત્રપિંડ કેટલાએ જોયું છે?’ લગભગ પોણા ક્લાસે હાથ ઊંચો કર્યો. એક ટીચર્સ ટ્રેનિંગમાં મેં પૂછ્યું, ‘મગફળીનાં ઝાડ કોણે જોયાં છે? તો લગભગ સાઠ ટકા મિત્રોએ હાથ ઊંચા કર્યા! જેણે મગફળીનું ઝાડ જોયું હોય એણે મૂત્રપિંડ જોયો હોય! આયી બાત સમજમેં?

મન શું છે? ક્યાં બેઠું છે? શાસ્ત્રે સમજાવ્યું કે વિચારોનો પ્રવાહ ચાલતો ચાલતો જાય એને મન કહેવાય. એનો મતલબ એવો કે વિચારો તો છે જ, આવતા તો હોવા જ જોઈએ, તો જ મન કામ કરે. પણ કોઈ કહી શકે મન છે ક્યાં? હવે એ મનમાંથી જે વિચાર આવતો હોય, એ મનને આપણે ઓળખ્યું નથી, જોઈ શકતા નથી, હું કે તમે નહીં, પણ ડોક્ટર્સ પણ કહે છે કે સર્જરી કરીને મગજ બહાર કાઢી શકાય, મન ન નીકળે. આપણી લગભગ ગડમથલ ન જોયેલા અને ધારી લીધેલા બે શબ્દો માટે છે, મન અને દિલ. ‘મારું દિલ દુભાણું.’ ‘એણે મારા દિલ ઉપર ઘાવ પાડ્યો.’ ક્યાં છે દિલ? છે ક્યાંય? આ સં-કલ્પના છે. મન ક્યાં છે અને દિલ ક્યાં છે. જેને આપણે જોયા નથી એની કેળવણીની વાત રસપ્રદ હશે પણ થોડા ઊંડા ઊતરવું પડશે.

# શિક્ષકની ચેતના

ડો. અરુણ કક્કડ
બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલ પંપ પાસે,
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ-૩૬૨૦૧૫.
મો. ૯૯૨૫૨૬૦૬૪૮

## મહાન કેળવણીકાર અને લોકગુરુની અનુભવકથા

સ્વ. નાનાભાઈ ભટ્ટની આત્મકથા 'ઘડતર અને ચણતર' બે બાગ અને પંદર ખંડોમાં વહેંચાયેલી છે. આ આત્મકથાને નાનાભાઈએ 'એક કેળવણીકારની અનુભવકથા' તરીકે ઓળખાવી છે. આ આત્મકથાના આરંભના થોડાક પૃષ્ઠોમાં જ લેખકની પોતાની કથા આવે છે. બાકી વધારેમાં વધારે તો તેમની 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની જ કથા આવે છે. નાનાભાઈના છેલ્લા ૨૩-૨૪ વર્ષની તથા તેમની બીજી બે સંસ્થાઓની વાત આમાં આવતી જ નથી. તેથી ભરત ના. ભટ્ટ આ પુસ્તક સંદર્ભે જણાવે છે કે : 'આ પુસ્તક એ નાનાભાઈ અને તેમની સ્થાપેલી 'દક્ષિણામૂર્તિ' સંસ્થાની સંયુક્ત કથા છે તેમ કહેવામાં ખોટું નથી. 'દક્ષિણામૂર્તિ' પછીનું નાનાભાઈનું જીવન અને કાર્ય આવા તટસ્થ અને રસિક આલેખનની રાહ જૂએ છે.'

ઈ.સ. ૧૮૮૨માં નાનાભાઈનાં જન્મ સમયે દાદા છોટા ભટ્ટે પૌત્રની કુંડળી તૈયાર કરી અને કુંડળી જોઈને બહુ રાજી થયા. નાનાભાઈ સવા વરસના હતા ત્યારે તેમની માતાનું અવસાન થયેલું. નાનાભાઈ નોંધે છે કે : 'આજે મને તેનું મોઢું પણ યાદ નથી. મારા માટે બા એક કલ્પના રહી છે.' નાનાભાઈ માંડ અગિયારેક મહિનાના હશે તે સમયનો પ્રસંગ તેઓએ પોતાના નાના પાસેથી સાંભળેલો. નાનાભાઈની માતાનું નામ 'આદિ' હતું. આદિ દરરોજ સવારે વહેલી ખડ વાઢવા જાય અને સંતોક નાનાભાઈને રાખે. એક વાર આદિ નાનાભાઈને લઈને ખડ વાઢવા જાય છે. રસ્તામાં લપોટિયો ધરો આવે ત્યાં નાનાભાઈને કાંઠે સુવડાવીને ધરામાં ધરામાં ખંખોળિયું ખાઈ પછી નિત્યક્રમ પ્રમાણે 'વિષ્ણુ સહસ્ત્રનામ'નો પાઠ કરે. નાનાભાઈને ખોઈમાં બાંધી, ખડ વાઢી, ગાંસડી ભરી ઘરે આવે. આ પ્રસંગમાં માતા આદિનો કર્મયોગ ભાવ દેખાય છે, જે નાનાભાઈના હાડમાં પડેલો હતો. માતા આદિને સહજાનંદ મહારાજ પર બહુ ભાવ હતો. સહજાનંદ મહારાજ ગાદીપતિ થયા એ અગાઉ તેઓ અવારનવાર બરવાળા આવતા. પ્રસંગોમાં પણ આવતા. પ્રશ્નોરા જ્ઞાતિનાં માણસોને સ્વામીનારાયણ પંથ સાથે વર્ષો સુધી સંબંધ રહ્યો છે.

નાનાભાઈનું મોસાળ બરવાળામાં હતું. નાના હીરાભાઈ પંડ્યા બહુ ભદ્રિક હતા. દરરોજ સવારે નાહી-ધોઈ, પાઠપૂજાથી પરવારી, ખભે ઝોળી લઈને કુંભણ લોટ માગવા જાય અને સાથે ત્યાંના માંદાઓને માટે થોડાંક દવાઓનાં પડીકાં પણ લેતા જાય. બારેક વાગ્યે લોટ માગીને પાછા આવે અને પછી રોટલા ખાય. બપોરના ખોરાકમાં મોટે ભાગે જાર-બાજરાનો રોટલો અને મોળી છાશની કઢી. સાંજે ખીચડી અને દૂધ. સવારે રોટલા પર અન્ન પવિત્ર કરવા જેટલું ત્રસકો ઘી. નાનીમા ઝવેરનું પિયર પછેગામમાં હતું. પાંચ ભાઈઓ વચ્ચે એક જ બહેન. જાજરમાન બાઈ. પાંચ માણસોમાં પૂજાય તેવી શક્તિશાળી. નાનાભાઈની જનોઈના પ્રસંગે બરવાળાથી પછેગામ અને ત્યાંથી ભાવનગર સુધી બે દિવસમાં પૂરા સત્તાવીસ ગાઉ (૫૪ માઈલ) ચાલીને આવે છે.

મોસાળ બરવાળામાં શંકર મંદિર અને સ્વામીનારાયણ મંદિરની લેખક નાનાભાઈના મન પર અમીટ છાપ છે. ધોળ-ભજનોનો પ્રભાવ પડેલો. લેખકને મામા ન હતા. બે માસીઓ હતી. નાનાનાં અવસાન પછી નાનીબા પોતાને પિયર પછેગામમાં જ રહેતા. મૃત્યુ પહેલા થોડા દિવસે નાનીબા બરવાળા ગયેલાં અને ત્યાં જ તેમણે દેહ છોડેલો. બરવાળાના પંડ્યા એટલે નાનાભાઈના માતૃપક્ષના લોકોની સજ્જનતાની છાપ હતી. નાનીમાની ઉત્તરક્રિયાના પ્રસંગ પછી નાનાભાઈને બરવાળા જવાનું બન્યું નથી.

આત્મકથાકાર નાનાભાઈની કુળકથા – કુટુંબકથાના અનેક વ્યક્તિઓ કાયમ સ્મરણમાં રહી જાય તેવા છે. લેખકના પરદાદા નાના ભટ્ટ તેમનાં ભાઈ ત્રિકમ ભટ્ટ, પરદાદા ત્રિકમ ભટ્ટના દીકરા કલ્યાણ ભટ્ટ અને છોટા ભટ્ટ (લેખકના દાદા), કાલિદાસ ભટ્ટ (લેખકના પિતા) અને લેખક નાનાભાઈ – નૃસિંહપ્રસાદ – નથુ ભટ્ટ. લેખકનું ફૂઈએ પાડેલું નામ નથુ ભટ્ટ હતું. પણ ઘરમાં સૌ તેને 'મીટટું'ના હુલામણા નામે બોલાવતાં. મોટીબા ચંદુને 'નથુ ભટ્ટ' નામ પસંદ ન હતું. તેથી સ્કૂલમાં 'નૃસિંહપ્રસાદ' નામ રાખ્યું. મોટીબા ચંદુનું વાત્સલ્ય લેખકને ખૂબ મળ્યું છે. લેખકની માતાનું અવસાન થયું ત્યારે તેઓ સવા વરસના હતા. લેખકે નોંધ્યું છે કે : 'મારી બા ગુજરી ગયા પછી મારી મોટીબા ચંદુ મારી બા હતી. ઘણા વખત સુધી તો હું એને જ મારી ખરી બા માનતો.' લેખકની બા ગુજરી ગયા પછી પિતા કાલિદાસ ભારે દુ:ખી થઈ ગયા. લેખકના કાકા પણ થોડાં વર્ષો પહેલાં વિધૂર થયા હતા. તેમણે બીજા લગ્ન કર્યાં ન હતા. હવે પિતા પણ વિધૂર થયા, એટલે ઘરનો ઘાટ બગડી ગયો.

દાદા છોટા ભટ્ટની વૈદ્ય તરીકેની પ્રતિષ્ઠા અને ગગા ઓઝા જેવા મંત્રીઓ સાથેની તેમની મૈત્રી, ઘરની સ્થિતિ વગેરેને ધ્યાનમાં લઈને પિતાએ ફરી પરણવું જ જોઈએ એવો સૌનો આગ્રહ થયો. તેથી લેખક નાનાભાઈની પાંચ વર્ષની ઉંમરે તેમનાં પિતાએ નિરૂપાયે ફરીથી લગ્ન કર્યાં. બીજા લગ્ન પ્રસંગે પિતા પાંચ વર્ષના પુત્ર નાનાભાઈને ખભા પર તેડીને અગ્નિ ફરતા ચાર ફેરા ફર્યા હતા. લેખક નાનાભાઈના આ નવા બા આવ્યાં એ જ વર્ષે – એટલે કે લેખકની પાંચ વર્ષની ઉંમરે તેમનાં દાદા છોટા ભટ્ટ અવસાન પામ્યા.

લેખકનું કુટુંબ 'નાના ભટ્ટનું કુટુંબ' તરીકે ઓળખાતું. નાના ભટ્ટ એ લેખકના પિતાના દાદા થાય. નાના ભટ્ટ બહુ ધાર્મિક પુરુષ હતા અને આખો દિવસ ધર્મ-ધ્યાનમાં ગાળતા. એમનું વ્યવહારમાં બહુ લક્ષ ન હતું. પણ તેમના ભાઈ ત્રિકમ ભટ્ટ વ્યવહારમાં ભારે તેજ. આ ત્રિકમ ભટ્ટ આંખે કાણા હતા અને એમના મોઢા પર શીળીનાં ચાઠાં હતા. એટલે કદરૂપા પણ ઠીક-ઠીક હતા. એમનો પોશાક એક ટૂંકું ધોતિયું, માથે બ્રાહ્મણિયા પાઘડી અને ખભે ખેસ; પગમાં જોડાં હોય જ એવું નહીં. પણ ત્રિકમબાપા એ જમાનાનાં રાજવૈદ અને લોકવૈદ. રાજકુટુંબમાં ત્રિકમબાપુનું ભારે માન અને કડપ. ત્રિકમબાપા આવે ત્યારે ઠાકોર પોતાનો હોકો સંતાડે. રાજકુટુંબમાં ત્રિકમબાપા વિના બીજા વૈદ કે ડૉક્ટરને પ્રવેશ ન હતો. એ જ પ્રમાણે એ લોકવૈદ પણ હતા.

ગામનાં શ્રીમંત વેપારીથી માંડીને ગરીબ માણસ સુધી સૌને માટે એ તૈયાર રહેતા અને દવા માટે એમણે કોઈ પાસેથી એક રાતી પાઈની પણ પી લીધી ન હતી. ગગા ઓઝા તેમની નાની ઉંમરે જ્યારે એક વાર સખત માંદા હતા અને તેમના પિતાની સ્થિતિ સાવ સાધારણ હતી તે વખતે ત્રિકમબાપા ઉદયશંકર ઓઝાને ઘેર જઈને પોતાને હાથે ઓસડ વાટીને ગગા ઓઝાને પાતા. માત્ર દર્દીઓ પોતાની રાજીખુશીથી એમને સન્માનતા અને એ રીતે એમનો જીવનવ્યવહાર ચાલતો.

ભાવનગરમાં કોઈ મુનિની દવા કરેલી તેથી તેમના ભક્તોએ ત્રિકમબાપાની આનાકાની છતાં તેમના હાથમાં સોનાનાં બે કડાં પહેરાવ્યાં, પણ ત્રિકમબાપા ઘરે જવાને બદલે સીધાં નીલકંઠ મહાદેવ ગયા અને બંને કડાં શંકરને ચરણે મૂકીને આવ્યા. ભાવનગરના ઠાકોરે ત્રિકમબાપાને ખેતરોનું દાન કરવાનું વિચારી લેખ લખાવ્યો. સહી-સિક્કા કરી દરબારમાં એ લેખ ત્રિકમબાપાને આપ્યો. એ સમયે તેઓ બોલ્યા : 'તમારે મારાં છોકરાંને બ્રાહ્મણ રહેવા દેવા નથી ને? મારે ખેતર શા ને પાદર શા? તમે મને વટલાવવા માંગો છો ?' આ બોલતી વખતે ત્રિકમબાપાની ભીની આંખ જોઈ કારભારીએ એ લેકને પાછો મૂકી દીધો અને ત્રિકમબાપાના અવસાન પછી એમનાં ભાઈને એ લેખથી ખેતરો વગેરેનું દાન કર્યું. આ ગરાસ આજે પણ અમે ખાઈએ છીએ એમ લેખકે નોંધ્યું છે અને નોંધ્યું છે કે, 'ત્રિકમબાપાના વારસમાં આ ગરાસ મળ્યો, ત્રિકમબાપાની પ્રતિષ્ઠા મળી પણ ત્રિકમબાપાની અકિંચનવૃત્તિ ન મળી.' પણ ત્રિકમબાપાએ અને તેમના ભાઈએ વારસામાં માત્ર ગરાસ જ નથી આપ્યો, તેમના વારસામાં વૈદું મળ્યું, તેમના વારસામાં અગ્નિની ઉપાસના

મળી, તેમના વારસામાં નવરાત્રિની દેવીપૂજા મળી.

ત્રિકમબાપાને સંતાન ન હતા. તેમના નાનાભાઈને બે દીકરા હતા. નાનાભાઈના અવસાન પછી આવસત્થ્ય કલ્યાણ ભટ્ટે સ્વીકાર્યું અને આખાય કુટુંબની મુરબ્બી તરીકે અગ્નિની ઉપાસના કરી. કલ્યાણ ભટ્ટના અવસાન પછી છોટા ભટ્ટ આવસત્થી થયા અને ત્યાર પછી કલ્યાણ ભટ્ટના મોટા પુત્ર ભાઈશંકરે આવસત્થ્ય લીધું. એમના પછી લેખકના પિતા કાલિદાસ ભટ્ટે લીધું. ત્યાર પછી ભાઈશંકરના પુત્ર નર્મદાશંકરે લીધું અને ત્યાં જ એ વિલીન થયા.

આવસત્થ્ય - અગ્નિ ઉપાસના લેખકના કુટુંબમાં બે ભાગે વહેંચવામાં આવેલી. એક વાર કલ્યાણ ભટ્ટના કુટુંબનો વારો અને એક વાર છોટા ભટ્ટના કુટુંબનો વારો. આવસત્થ્ય લેનાર ગૃહસ્થ હોવો જોઈએ. દરરોજ પ્રાતઃ સાંય અગ્નિમાં હોમ કરવો જોઈએ. બપોરના વૈશ્વદેવ કરવો જોઈએ. પૂનમ-માસે ઈષ્ટિ કરવી જોઈએ. બહારગામ જવું પડે તો રસ્તામાં હોમ કરવો પડે. મૃત્યુ સમયે સ્મશાનમાં અંત્યેષ્ટિ હોમ થવો જોઈએ.

લેખકના પિતાનું આવસત્થ્ય પાંચ વર્ષ ટક્યું. પિતાએ આવસત્થ્ય લીધું તે વખતે લેખક કૉલેજમાં ભણતા હતા. આવસત્થ્યની વ્યાવહારિક બાજુની વાત કરતાં લેખકે નોંધ્યું છે કે : 'એ જમાનામાં ભાવનગરના મહારાજાએ જે-જે બ્રાહ્મણો અગ્નિના ઉપાસકો હતા એમને ઉપાસના નિર્વિઘ્ને ચાલે એ માટે વર્ષાસનો બાંધી આપ્યા હતા. અમારા કુટુંબને પણ આવું વર્ષાસન મળતું. દાદા છોટા ભટ્ટ ગુજરી ગયા પછી વર્ષાસનની રકમના બે ભાગ પડ્યા - એક ભાગ આવસત્થ્ય લે એને મળે અને બીજો સમગ્ર કુટુંબીઓમાં વહેંચાય. મારા પિતાશ્રીના અવસાન પછી આવસત્થ્ય કોણ લે એ મોટો પ્રશ્ન થઈ પડ્યો. ઉમેદવારો ત્રણ-ચાર હતા. કોઈ પ્રતિષ્ઠાને ખાતર તૈયાર થયું તો કોઈ વર્ષાસિન ખાતર તૈયાર થયું. છેવટે ભાઈશંકરના કહેવાથી તેમના પુત્ર નર્મદાશંકરે લીધું. એ દરમિયાન ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ બધાં ઉપાસકોનાં વર્ષાસન બંધ કર્યાં અને અગ્નિદેવ અમારા કુંડોમાંથી અદશ્ય થયા. કર્મકાંડમાંથી આવતા વહેમો, આભડછેટ, જડતા વગેરે હજુ રૂઢ થયા છે.'

નવરાત્રિમાં દેવીપૂજન અને માતાના કોપ સંદર્ભે લેખકના મનની વાત અહીં પ્રગટ થઈ છે : 'જગત્માતા કોપે નહીં અને કોપ્યા હોય તો એ જગત્માતા નહીં ! પરમાણંદ ગોરને દર વર્ષે નવરાત્રિના દિવસોમાં માતા આવે. ધૂણવા માંડે. હાથમાંથી કંકુ નીકળે. માતા આવવાનો આ કિસ્સો મને આજ સુધી અણઉકેલ્યો રહ્યો છે. પરમાણંદકાકામાં ઢોંગ ન હતો તેની તો મને ખાતરી છે. માતા આવવા એ દૈવી સાક્ષાત્કાર તો ન હોય ? પણ પરમાણંદકાકાની જાદુઈ છાપ પડી હતી અને એને લીધે વર્ષો સુધી જગત્માતા સંબંધી પવિત્ર ખ્યાલો મેં બાંધ્યા છે. હું મોટો થયો ત્યારે વામમાર્ગના ઉપાસકોનો પણ મને પરિચય થયો છે અને એમના ચમત્કારો પણ મેં જાતે જોયા છે. પણ સમજણો થયા પછી આ ચમત્કારો કરનારાઓનાં જીવન મને એટલાં બધાં ક્ષુદ્ર જણાયાં છે કે એ ચમત્કારો પર અને એની શક્તિ પર મને સૂગ આવી છે અને એ સૂગ હજી આજે પણ ગઈ નથી. સાચી ધાર્મિકતાની આવા ચમત્કારો સાથે લેવા-દેવા નથી એમ પણ કહી શકાય.

'જેમ નદીનું પાણી વહેતું બંધ થાય ત્યારે તેમાં છૈયા, ઘાસ વગેરે ઊગી નીકળે છે, તેમજ જીવનમાં ધર્મસંસ્કારોનો પ્રવાહ બંધ થાય ત્યારે વહેમો, માન્યતાઓ, ચમત્કારો વગેરે ઊગી નીકળે છે. આ પ્રકારની માન્યતાઓ એ ધાર્મિક જીવનમાં એક જાતની સડાની નિશાની છે.'

લેખકના કુટુંબમાં છોટા ભટ્ટ બહુ કરમી ગણાતા. ગરીબીમાંથી તેમણે કુટુંબને બહાર આણ્યું હતું. તે પ્રતિભા સંપન્ન હતા. થોડા વાંચનથી અને પોતાની હૈયા ઉકેલતથી તેઓ કુશળ વૈદ તરીકે વખણાયા હતા. એ જ રીતે એમણે ભાગવતને પોતાની મેળે જ બેસાર્યું હતું અને છતાંય તેમની ભાગવત પરાયણ સાંભળવા માટે લોકોની પડાપડી થતી. છોટા ભટ્ટનું વૈદું ભારે યશસ્વી. રોજ સવારે લેખકની ઓસરી દર્દીઓથી ખીચોખીચ ભરાઈ જાય. તે દિવસોમાં લેખકનું ઘર એ જ દવાખાનું હતું. જુદું દવાખાનું ન હતું. ભાગવત પારાયણ વખતે મળેલું ધોતિયું વેપારીને પાછું આપી પચીસ રૂપિયા રોકડા લીધા એ ભૂલ તેમને પાછળથી સમજાઈ અને તેથી ચંદુબાને કહ્યું કે : 'મારો દેહ છ માસમાં

પડવો જોઈએ. આજે મને દુર્બુદ્ધિ થઈ એટલે હું ધોતિયું પાછું આપી આવ્યો !' અને સાચે જ થોડા મહિનાઓમાં તેમણે દેહ છોડ્યો. ભાઈશંકરભાઈના અવસાન પછી સંયુક્ત કુટુંબ તૂટે છે. લેખકે સંયુક્ત કુટુંબપ્રથાના ઘણાં મીઠાં સ્મરણો અહીં રજૂ કર્યાં છે. સંયુક્ત કુટુંબનો આત્મા ઊડી ગયો અને પાછળ રહેલું ખોળિયું કોહી જઈને ગંધાવા લાગ્યું હતું. કુટુંબમાં દીકરીઓ ઘરે જ રહે એવો લગભગ રિવાજ પડી ગયો. ઘરમાં દીકરીઓનું જોર વધ્યું. ફઈઓ, બહેનોનું જોર વધ્યું. વહુઓ પણ સાસુ-નણદોની સામે ટક્કર લેતી. કોઈ વાર તેમને હંફાવતી.

પંડિત સુખલાલજીએ નોંધ્યું છે કે : 'આત્મકથાકાર નાનાભાઈની કુળ અને કુટુંબપ્રથામાં ધ્યાન ખેંચે એવા કેટલાક પાત્રો આ રહ્યાં – ભાવનગર મહારાજે વગર માંગ્યે ખેતર-પાદરનું દાનપત્ર કરી આપ્યું ત્યારે તેનો અસ્વીકાર કરતાં 'તમારે મને બ્રાહ્મણ રહેવા દેવો નથી ને ? મારે ખેતર શા ને પાદર શા ? તમે મને વટલાવવા માગો છો ?' આવા ઉદ્ગારો કાઢનાર ત્રિકમબાપા, ગંગા ઓઝાએ દક્ષિણમાં રેશમી કોરનું આપેલું ધોતિયું એ જ વેપારીને ત્યાં પાછું વેચી પચીસ રૂપિયા લાવનાર પણ તરત જ ધોતિયું વેચી પૈસા ઉપજાવવાના લોભની ઝાંકી થવાથી તરતમાં જ પોતાનું મૃત્યુ કળનાર છોટા ભટ્ટ, ખોઈમાં બાળકને લઈ ઘાસ કાપવા જતી માતા આદિ, મિત્રો-કુમિત્રો તરફના બહિર્મુખપણાથી આર્યનારીને શોભે એવા કાન્તાસંમિત ઉપદેશથી પતિને ગૃહાભિમુખ રાખનાર પ્રથમ પત્ની શિવબાઈ; અને પછેગામનું પેડલીવાળું પ્રશ્નોરામંડળ ઈત્યાદિ.'

લેખકના અભ્યાકાળ અંગેના સંસ્મરણોનો આરંભ ધૂળી નિશાળથી થાય છે. ધૂળી નિશાળમાં લેખકના શિક્ષકો તરીકે ચકુ મે'તો અને બાપુ મે'તો હતા. તેમના વિશે લેખકે નોંધ્યું છે કે : 'ચકુ મે'તો રોજ સવારે ચાર વિદ્યાર્થીઓને લઈને મને તેડવા આવે અને ન જાઉં તો ટિંગાટોળી કરીને મને ઉપાડ્યે રહે. બાપુ મે'તો મને જરાય ન ગમતાં; એમની ફાંદ મોટી હતી.' પણ ત્યાં લેખક વધારે વખત ન રહ્યા. ધૂળી નિશાળેથી તેમને ગુજરાતી શાળામાં મૂકવામાં આવ્યા. લેખકના ફૂવા રેવાશંકર પાઠક આ શાળામાં મોટા માસ્તર હતા. આ શાળામાં લેખક ચાર વર્ષ ભણ્યા. 'આ શાળાનાં ત્રીજી ચોપડીના એક માસ્તર બ્રાહ્મણ હતા. છાશવારે નાતમાં રાંધવા જાય ને રજા પાડે. શાળામાં આવે ત્યારે પણ અમને દાખલા ગણવા માટે આપીને પછી પોતે ઝોકાં ખાય.'

ગુજરાતી ચાર ધોરણો પૂરાં કરી અંગ્રેજીમાં હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા તે વખતના શિક્ષકો વિશેનાં સ્મરણો પણ નોંધાયા છે : 'આ દિવસોના મારા માસ્તરો માટે મને આજ સુધી માનબુદ્ધિ રહી છે. એક તમાચા ભેગો ગાલ આખો લાલચોળ કરી મૂકનાર માનભાઈ માસ્તર, વર્ગમાં એક પદ આવ્યું કે તરત જ અનુસંધાનમાં કાલિદાસ-ભવભૂતિના શ્લોકોને લહેકાવનાર અંજારિયા માસ્તર, આખીય હાઈસ્કૂલ ઊથલ-પાથલ થઈ જાય તો પણ જેમનું રુંવાડું ન ફરકે એવા સુરતનાં મહાસુખરાય શિસુખરામ, 'ઈલિયડ' શીખવતી વખતે ગ્રીક દેવકથાઓ પર શોખ પેદા કરનાર માસ્તર ફરામજી વગેરે.'

આ અગિયાર વર્ષના અભ્યાસકાળ દરમિયાન શાળાના માસ્તરો ઉપરાંત બીજા કેટલાક ગુરુઓ મળ્યા તેની વાત પણ લેખકે કરી છે. ભાનુશંકર શાસ્ત્રી યશોનાથ મંદિરના પૂજારી હતા. તેઓ વેદાંતના પ્રખ્યાત અભ્યાસી હતા. પ્રો. મણિલાલ નભુભાઈ અને પ્રો. જેકિસનદાસ કાણિયા જેવા ધુરંધર વિદ્વાનો એમની પાસે ગુરુભાવે જતા. તેઓ સ્વભાવે શાંત અને નિરભિમાની હતા. તેમના શાંત, નિરભિમાની જીવનની ઊંડી છાપ લેખક પર પડી હતી.

એવા જ બીજા ગુરુ નીલકંઠ મહાદેવના અચ્યુતસ્વામી. તેઓ વામમાર્ગી સાધુ ગમાતા. ધ્યાન વગેરે કરતા. લેખકના માતા-પિતાનું મોસાળ ગામ પછેગામ હતું. લેખક પ્રશ્નોરા બ્રાહ્મણ હોવાથી એ જ્ઞાતિના રીતરિવાજોની અસર આ પછેગામને કારણે પડી. ગરીબાઈથી રહેવું, શાસ્ત્રસંસ્કાર નિરંતર ચાલુ રાખવા, જમવામાં સાદો તથા પૌષ્ટિક આહાર લેવો, સ્વચ્છતા ચુસ્ત રીતે પાળવી, વૈધકથી અને કથાવાર્તાથી કુટુંબનિર્વાહ કરવો, દરરોજ ભિક્ષા માંગવી અને યજમાનનો જે રોટલો મળે તેનાથી સંતોષ માનવો વગેરે સંસ્કારો પછેગામનાં

પ્રશ્નોરાનો પ્રભાવ પડેલો.

આ ગામના ઈશ્વરભાઈ ભટ્ટ જે વાર્તાઓ કહેતા તે વાર્તાઓએ લેખકને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. લેખક નોંધે છે કે : 'આપણાં શાસ્ત્રો તરફ મારું સૌથી પ્રથમ આકર્ષણ કરવાનું માન જો કોઈને જતું હોય તો તે આ પેડલીના શાસ્ત્રીઓને અને એ શાસ્ત્રીઓના પણ મુખી એવા ઈશ્વરભાઈને જાય છે. પછેગામની આ પેડલી પણ મારો મોટો ગુરુ.'

ગુજરાતમાં શિક્ષણ ઉપરાંત નાનાભાઈનું બીજું મહત્ત્વનું પ્રદાન તે ઉપનિષદ, રામાયણ, મહાભારત અને ભાગવત જેવા આપણા ગ્રંથોનું ઊંડું અધ્યયન અને તેમની સરલ, તળપદી ને લોકભોગ્ય શૈલીમાં નિરૂપણ. તેમના આ પ્રકારના ઋષિકાર્યને કારણે જ સ્વામી આનંદે તેમને 'વ્યાસ-વાલ્મીકિના વારસ' કહ્યા છે. તેમના આ પ્રકારના પુસ્તકોનાં બીજ પછેગામની પેડલીમાં વવાયાં છે. વામમાર્ગી અચ્યુતસ્વામીનાં રામાધિમરણનાં દર્શનને લીધે નાની ઉંમરમાં જ જે ધર્મવલણ બંધાયું તે નાનાભાઈના આખા જીવનમાં સક્રિય રીતે કામ કરે છે.

આ કાળ દરમિયાન લેખકની થોડી ટેવો પણ નોંધવામાં આવી છે. ત્યારે લેખકને રમકડાં અને ચિત્રોનો પણ ભારે શોખ હતો. ભદ્રશંકર મામાનું ખિસ્સા-ઘડિયાળ ચોર્યું તે પ્રસંગ પણ તટસ્થતાથી નોંધ્યો છે. લખોટે રમવાનો અને ગરિયા ફેરવવાનો પણ શોખ હતો. હોળીના દિવસોમાં છાણાં ચોરવા જવું, મોઈ-દાંડિયાની રમઝટ બોલાવવી, હાથમાં ફટાકડા ફોડવા, તળાવડીમાં નહાવા પડવું, ક્રિકેટની મેચો જોવા ઉપડવું, બકરીઓ દોહી પીવી, આંબલી પર ચડી કાતરા ખાવા; આવા અનેક પ્રસંગો નોંધ્યા છે અને કહ્યું છે કે : 'મારા એ દિવસો યાદ કરું છું ત્યારે મને મારા પોતાના બાળકો ઘણાં શાંત જણાય છે.' તોફાનો સાથે-સાથે બીજી પ્રવૃત્તિઓ પણ થતી. જેવી કે ગરબી માટે તેલ ઉઘરાવવામાં ભાગ લેવો, મહાદેવની આરતી વખતે ઝાલર વગાડવી, પરીક્ષા ચાલતી હોય ત્યારે એક પગે ઊભા રહી માળા ફેરવવી અને 'હે પ્રભુ ! મને પાસ કરજે' એવું વરદાન માગવું, સાધુ-સંન્યાસીઓની સેવાચાકરી કરવી વગેરે.

લેખકે એ પણ નોંધ્યું છે કે : 'મારી સત્તર વર્ષની ઉંમર સુધી હું દાતણ કરતો નહીં.' ફઈના મોહન સાથે લેખકને દિલની મૈત્રી હતી. કેટલાક ઊંધે રસ્તે ચડેલા મિત્રો પણ હતા. પણ પ્રભુકૃપાથી એમના અવળા માર્ગમાંથી લેખક ઠેઠ છેલ્લા પગથિયે જઈને બચી ગયેલા. તેર-ચૌદ વર્ષની ઉંમરે લેખકના લગ્ન થયા હતા. પત્ની શિવલક્ષ્મી-શિવબાઈ સોળ વર્ષની વયે ઘરે આવી તેણે ખરાબ ભાઈબંધો સાથેની ભાઈબંધી છોડાવી.

ગૃહસ્થાશ્રમનાં વર્ષો સંદર્ભે નોંધતા લેખક તેમને જીવન પરિવર્તનનાં વર્ષો કહે છે. તે સમયે ઘરમાં લેખકના નવા બા કાશીબાનું રાજ હતું. કાશીબા નાનપણથી જ માંદાં રહેતાં એટલે એમનો સ્વભાવ ચીડિયો હતો. પત્ની શિવબાઈ ભારે હોશિયાર હતા. લેખકના અભ્યાસ અડચણ ન થાય તેનું ધ્યાન રાખે. લેખક બી.એ. થયા તે પહેલાં જ બે ભાઈઓ નવા બાથી છૂટા થયા અને કલેશનો અંત આવ્યો. એ સમયે પ્લેગ આવ્યો હતો. જે દિવસે બી.એ.માં સારે નંબરે પાસ થવાનો તાર આવ્યો તે જ દિવસે પછેગામમાં પત્ની શિવલક્ષ્મી પ્લેગમાં ગુજરી ગઈ.

લેખક નોંધે છે કે : 'આ દુઃખના દિવસોમાં જો મારી પાસે ભવભૂતિનું 'ઉત્તરરામચરિત' ન હોત અને ટેનિસનનું 'ઈન મેમોરિયલ' ન હોત તો રડીને પણ હૈયાને હળવું કરવાનું મને ક્યાંથી મળત ?' આ વર્ષો દરમિયાન લેખકને હરસ, વગરાવળ, દમ, ચાંદું અને ગજચર્મના રોગો થયેલા. આમાંના લગભગ બધાં રોગો તેમને વારસામાં મળ્યા હતા, એમ લેખક નોંધે છે. નિયમિત પરેજી અને ખાવાના પદાર્થો ઉપર કડક નિયમન રાખી લેખક આ રોગમાંથી રાહત મેળવે છે. ઘરની આર્થિક સ્થિતિ દુબળી થઈ હતી. સ્કૉલરશિપ મળે તે માટે પરીક્ષામાં ખૂબ મહેનત કરતા. પ્રિવિયસ ભાવનગરમાં અને પછી મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં ભણ્યા. કરકસરથી જીવન પસાર કરતા. હાથે રાંધતા, પગે ચાલીને જતા. મુંબઈમાં એક શેઠે આ નબળા દિવસોમાં આશરો આપ્યો હતો. જોકે નાટકો જોવાનો શોખ હતો. એ કારણે ક્યારેક એ એક ટંક ખાતા.

ઈ.સ. ૧૯૦૪માં ૨૨ વર્ષની ઉંમરે લેખક મહુવાની

અંગ્રેજી શાળાના હેડમાસ્તર થાય છે. એ વર્ષો સુધીમાં શિવબાઈ અને મોટીબા ચંદુનું અવસાન થયેલ. ઈ.સ. ૧૯૦૫માં નવી નીકળેલી સેકન્ડરી ટિચર્સ ટ્રેનિંગ કૉલેજમાં દાખલ થયા. પટ્ટણી સાહેબના કહેવાથી એમ.એ. કરવાનું આરંભે છે. એ દરમિયાન પિતાની તબિયત બગડી. મોટાભાઈ દેવશંકરભાઈને ટાઈફોઈડ થયો. બીલખામાં તેમની સાથે બાવીસ દિવસ સુધી રહી તેમની સારવાર કરી. પિતાનું અવસાન થયું. લેખકે એમ.એ. પૂરું કર્યું. પિતાની વરસીક્રિયા કરીને ઘરનાં સૌ ઝઘડામાં પડ્યા. ભાઈથી જુદા થયા. મિલકતના ભાગ માટે નજીકના સગાઓમાંથી એક પંચ નીમ્યું. વહેંચણીમાં બાના દુરાગ્રહથી લેખકના નાનાભાઈને અન્યાય થયો. ત્રણેય ભાઈઓના વ્યવહારો તે દિવસથી જુદા થયા. પિતાએ બાનું કાંડું લેખકને સોંપ્યું હતું તેથી બાને લઈ લેખક મહુવા જાય છે. તે દરમિયાન કૉલેજમાં પ્રોફેસર તરીકે હાજર થવાનો ઓર્ડર મળે છે. આ બધા પ્રસંગો લેખકના વિકાસનું ચિત્ર રજૂ કરે છે. આનુવંશિક સંસ્કારો, સ્વપ્રયત્ન, સત્સહવાસ, ધાર્મિકતા વગેરેએ ભજવેલો ભાગ જોઈ શકાય છે. પિતૃવંશ અને માતૃવંશનું રેખાદર્શન, જ્ઞાતિજનો, મિત્રો, પત્ની વગેરે વિશેનું લખાણ ખૂબ આવશ્યક જણાય છે. જીવનવિકાસમાં આનુવંશિક સંસ્કાર કેવી રીતે અજ્ઞાતપણે ઊતરી આવે છે તેની ઝાંખી થાય છે.

લેખકના મોટાભાઈ દેવશંકરભાઈ હાઈસ્કૂલમાં માસ્તર હતા. લેખક પોરબંદર જાય છે. પોરબંદર અને જૂનાગઢ આસપાસનાં ગામડાઓમાં એ સમયે બીલખાના મહારાજ શ્રીમાન નથુરામ શર્માના નામની ગુંજ હતી. પોરબંદરમાં તેમનો આશ્રમ લેખકે જોયો. મોટાભાઈ તેમના શિષ્ય હતા. કાર્તિકી પૂનમે ગુરુપૂજન નિમિત્તે બીલખા જતા-આવતા. લેખક પણ મોટાભાઈ સાથે બીલખા જાય છે. જૂનાગઢથી ગાડામાં બેસીને બીલખા પહોંચે છે. મહારાજશ્રીનાં દર્શન કરે છે. મન પર પવિત્રતાની છાપ પડે છે. લેખકના મનને વિસામો મળે છે. લેખક નોંધે છે : ‘આજ સુધી પૂર્વકાળના યોગીઓની, ઋષિમુનિઓની, આચાર્યોની જે-જે કલ્પનાઓ મેં ઘડી હતી તે તમામ કલ્પાનાઓ કેમ જાણે મને મહારાજશ્રીમાં મૂર્તિમંત થતી લાગી.’ લેખક તેમની પાસે દીક્ષા લે છે. પૂ. ગાંધીજીના મોટાભાઈઓ અને ગાંધીજી પોતે એમના શિષ્યમંડળમાં હતા.

મહારાજશ્રી પહેલા માત્ર એક સાદા ગુજરાતી શિક્ષક હતા. એમનો જન્મ લીંબડી તાબેના મોજીદડ ગામમાં થયો હતો. તેમનું મન યોગ તરફ વેગથી ગયું હતું. નોકરી દરમિયાન તેઓ યોગસાધના તરફ વળી ગયેલા. તેમણે પોતાના પરિશ્રમથી ઉપનિષદો, બ્રહ્મસૂત્ર, પતંજલિ યોગદર્શન, શ્રીમદ્ ભાગવત, ગીતા વગેરે શાસ્ત્રીય ગ્રંથોનો સારો એવો અભ્યાસ કર્યો અને આ ગ્રંથોને ગુજરાતીમાં ઉતાર્યા. જ્ઞાન અને યોગ જેવા ગહન વિષયોનો સરળ-સાદી ભાષામાં પરિચય આપનારાં આ પુસ્તકો આજે પણ ઉપયોગી છે. સંધ્યાવંદના, ભસ્મ, ઉપવીત, વૈશ્વદેવ, આપોષન વિધિ વગેરેને સાર્વત્રિક રૂપ આપ્યું.

ઈ.સ. ૧૯૦૪થી ૧૯૨૦ સુધીનાં સોળ વર્ષ સુધી લેખક મહારાજશ્રીના રીતસરના શિષ્ય રહ્યા. ચીવટ, ચોક્સાઈ અને નિયમિતતા મહારાજશ્રીની વિશિષ્ટતાઓ હતી. તેઓ સ્વચ્છતાના પણ આગ્રહી હતા. તેમની વાણી ખૂબ જ સ્પષ્ટ અને ચોક્કસ હતી. કરકસરની ટેવ પણ હતી. ક્યારેક કરકસરની અતિશયતા પણ જોવા મળતી. આ બધામાંથી લેખકને ઘણું શીખવાનું મળ્યું.

લેખકને મહારાજશ્રીના જૂના યુગના આચાર્ય લાગે છે. નવા યુગના દરિદ્રનારાયણની કલ્પના એ એમના પ્રદેશની બહારની વસ્તુ હતી. એટલે જ નવા યુગના જુવાનોને એ આકર્ષી ન શક્યા. છતાં કાઠિયાવાડની રેલવેના માણસો તેમજ મહેતાજીઓને સન્માર્ગે દોરવામાં એમનો ઘણો મોટો ફાળો છે.

મહારાજશ્રીના શિષ્ય થયા પછી ધર્મ અને યોગનું લેખકનું જ્ઞાન તલસ્પર્શી બન્યું. વસ્તુનું હાર્દ વધારે સમજાવા લાગ્યું. ધર્મની અને અધ્યાત્મિકતાની સાચી દૃષ્ટિ મળી. મહારાજશ્રી પાસેથી જે દૃષ્ટિ મળી તેને જીવનમાં ઉતારવા લેખક તેમનાથી છૂટા પડે છે. મહારાજશ્રીનો ઉછેર જ એવો હતો કે એ દૃષ્ટિનો એવો અમલ તેઓ ન કરી શકે. એમનાથી છૂટા પડીને લેખક તેમના વધારે સાચા શિષ્ય

રહી શકશે તેમ અનુભવે છે.

લેખક માને છે કે : 'સંસ્થાઓ સંસ્થાઓ રહે છે ત્યાં સુધી એમનામાં પ્રાણ હોય છે; સંસ્થાઓ મઠ બને છે ત્યારે પ્રાણ ઊડી જાય છે ને ખોખું ગંધાવા લાગે છે.' મહારાજશ્રીના અગ્રગણ્ય શિષ્યોનો પરિચય થયો તે લેખક માટે લાભની વાત બને છે. શ્રી માણેકલાલ ચંદારાણા દેહે લોહાણા હતા છતાં સ્વભાવે અને આચારે બ્રાહ્મણ હતા. આશ્રમના આખાય ઘડતરમાં મહારાજશ્રીથી બીજા નંબરે જો કોઈનો વધારે ફાળો હોય તો તે માણેકલાલભાઈનો હતો. શ્રી હરગોવિંદ પંડ્યા એક સાધારણ સ્ટેશન માસ્તર હતા પણ એમના ઉપરીઓ પણ એમના તરફ માનથી જોતા. આશ્રમમંડળમાં તેમનું સ્થાન અનેરું હતું.

ઈ.સ. ૧૯૦૩થી ૧૯૧૦ સુધીના ગાળામાં લેખકનાં જીવનમાં બે મુખ્ય પ્રવાહો હતા : એક પોતાનો શિક્ષક - પ્રોફેસર તરીકેનો વ્યવસાય અને બીજો ધર્મ. ગૃહજીવન જેવું કશું લગભગ હતું નહીં. પિતાના આગ્રહથી વેવિશાળ કર્યું પણ લગ્ન થયા પહેલાં જ કન્યાનું અવસાન થયું. પિતાના અવસાન પછી આસપાસનાં સામાજિક બળોને કારણે ફરી પરણે છે. બીજી પત્ની સાથે પાંચ-છ વર્ષનો સંસાર ચાલે છે, પછી તે પણ ગુજરી જાય છે. 'દક્ષિણામૂર્તિ'ને વરી ચૂક્યા પછી ત્રીજી વખત લગ્ન કરવાનો પ્રસંગ ઊભો થાય છે અને પરણે છે.

આ સંદર્ભે પોતાનું આત્મમંથન રજૂ કરતાં લેખક નોંધે છે કે : 'ન પરણવાનો મારો આગ્રહ મૂળમાં જ કાચો હતો. જો મારે સાચે જ પરણવું ન હતું તો મને પરાણે પરણાવનાર કોઈ હોઈ શકે જ નહીં. મારે કૉલેજ છોડીને 'દક્ષિણામૂર્તિ'માં જોડાવું હતું તે દિવસે મેં ક્યાં મારા મોટાભાઈનું કહેવું માન્યું હતું ? મારે શ્રીમાન નથુરામ મહારાજનું શરણ છોડી 'દક્ષિણામૂર્તિ'ના બારણાં હરિજનો માટેખુલ્લાં મૂક્યાં હતાં તે દિવસે મેં આશ્રમના તમામ મિત્રોનો અને ખુદ મહારાજશ્રીનો પણ વિરોધ કેમ વહોર્યો ? ભાવનગરની સંસ્થા છોડીને હું આંબલા ગયો ત્યારે સામે પૂરે જ ગયો હતો ને ? એ જ સ્પષ્ટ બતાવે છે કે મને પોતાને ઊંડે-ઊંડે પણ પરણવાની વાસના હતી જ; અને આવી વાસના ઉઘાડા રૂપમાં દેખાય તો મારી પ્રતિષ્ઠાને ન શોભે, એટલે મારા શાબ્દિક વિરોધથી મેં એ વાસનાને ઢાંકી. આજનો માનસશાસ્ત્રી તેને કેવળ ઢોંગ જ કહે, મિત્ર તેને એક જાતની આત્મવંચના જ ગણે.'

મહારાજશ્રીએ લેખકનું ઘડતર કર્યું છે. તેમણે ઉકેલ સૂચવ્યો : 'વ્યવહારનું સેવન ધર્મબુદ્ધિથી કરો. જે ધર્મ જીવનમાં ઉતારી ન શકાય તે ધર્મ નથી.' લેખકનો નવો અવતાર થાય છે. શિક્ષકના વ્યવસાનો શોખ અને તમાં ધર્મબુદ્ધિ બંને એકઠાં મળ્યાં. ધર્મબુદ્ધિથી પ્રેરિત શિક્ષણ માટે 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન'ની સ્થાપના કરી. દક્ષિણામૂર્તિદેવ મહારાજ શ્રીમાન નથુરામ શર્માના ઉપાસ્ય દેવ હતા અને તેમની પ્રેરણાથી ભાવનગરમાં 'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન' શરૂ થાય છે. તે સમયે લેખક શામળદાસ કૉલેજમાં પ્રોફેસર હતા. શરૂઆતનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિના સંચાલનમાં બીલખાના આનંદઆશ્રમની મોટી છાયા હતી. દક્ષિણામૂર્તિ સંસ્થાનું ઘડતર કરતાં-કરતાં લેખકનું પણ ઘડતર થાય છે.

લેખકને સમજાય છે કે બાહ્યક્રિયાઓની સાથે અંદરનું મન જોડાયેલું ન હોય તો તમામ ક્રિયા નકામી છે. ગાંધીજીને જોયા પછી લેખકના અંતરમાં નવા તત્ત્વનો સંચાર થયો. 'દક્ષિણામૂર્તિ' ગૂજરાત વિદ્યાપીઠની માન્યતા લે એટલે અસ્પૃશ્યતાનો પ્રશ્ન આવવાનો હતો. લેખકને પૂરી શ્રદ્ધા હતી કે શ્રમાન નથુરામ શર્મા અસ્પૃશ્યતાને આશ્રમમાંથી નાબૂદ કરી આશ્રમને નવો ઝોક આપશે, પણ લેખકની આશા સફળ ન થઈ. પ્રભુને પંથે પગ મૂકનાર કોઈ પણ માણસ અસ્પૃશ્યતાનો બચાવ કરી ન શકે એ વાત લેખકના મનમાં દીવા જેટલી સાફ હતી અને એ વાત સદ્‌ગુરુ શ્રીમાન નથુરામ શર્માને સ્પષ્ટ સમજાય એ માટે લેખક મથતા રહે છે. અંતે રાજીનામું આપી દે છે. સમાધાન થાય છે. શાળાનાં બારણાં હરિજનો માટે ખુલ્લાં થાય છે. 'દક્ષિણામૂર્તિ' મોટી ઘાતમાંથી ઊગરી, મહારાજશ્રી વગેરેએ રાજીનામાં આપ્યાં અને શૂન્ય બેલેન્સથી 'દક્ષિણામૂર્તિ' ફરી કાર્યરત થઈ. આનંદ આશ્રમમાં અને ખુદ મોટાભાઈના ઘરમાં પણ લેખક અસ્પૃશ્ય જેવા થઈ જાય છે, કૉલેજનો મોટો પગાર અને તેથીયે મોટી પગાર વધારાની આશા, પ્રોફેસરની તરીકેની પ્રતિષ્ઠા, વર્ષમાં

કેટલાય મહિનાની નવરાશ અને રોજનું પણ ગણ્યાં કલાકોનું કામ; એ તેની સામે 'દક્ષિણામૂર્તિ'ની અનિશ્ચિત નોકરી સ્વીકારી.

લેખક નોંધે છે કે : 'માત્ર પેટનો વિચાર મને રોકી ન શક્યો. આખરે તો હું કાળા ભટ્ટનો દીકરો હતો ને ? ભીખ માંગીને મેળવેલ જાર-બાજરાના લોટનો રોટલો ખાવો એ મારા લોહીમાં હતું એટલે મેં કૉલેજનો પગાર બંધ થતાં આંચકો ન અનુભવ્યો.'

ગિજુભાઈ વઢવાણમાં વકીલાત કરતા હતા. તેમનો મોન્ટેસોરી પદ્ધતિનો અભ્યાસ પણ કરેલો. તેઓ વકીલાત છોડી શિક્ષણનાં ક્ષેત્રમાં પડવાનું વિચારતા હતા અને 'દક્ષિણામૂર્તિ' તરફ ખેંચાયા. લેખક એકલા પહોંચી શકતા ન હતા. હવે બે થયા. ઈ.સ. ૧૯૧૬માં ગાંધીજીએ પ્રભાશંકર પટ્ટણી 'દક્ષિણામૂર્તિ'માં લઈ આવ્યા. તે દિવસથી ગાંધીનો સંસ્થા સાથેનો સંબંધ અખંડ રહ્યો. લેખકને ગિજુભાઈ જેવા સારા સાથી મળ્યા એટલે શિક્ષણનું કાર્ય ધીમેધીમે ગિજુભાઈના હાથમાં મૂકવા માંડ્યું અને સંસ્થાનો બહારનો કારભાર પોતાના હસ્તક રાખ્યો. પાછળનાં વર્ષોમાં દક્ષિણામૂર્તિએ પોતાની વિશિષ્ટતાના બળથી જ આખા ગુજરાતનું અને દેશનું ધ્યાન ખેંચ્યું તેનો યશ લેખક ગિજુભાઈને આપે છે. આ અરસામાં લેખકના પુત્રનું અવસાન થાય છે. પત્ની ક્ષયરોગમાં સપડાય છે અને મૃત્યુ પામે છે.

કેળવણીની સંસ્થાઓની તટસ્થ, પ્રાણવાન અને નવી દૃષ્ટિવાળા માણસો દ્વારા ચોક્કસ વખતે સર્વતોમુખી તપાસ થવી જ જોઈએ અને આવી તપાસનો અહેવાલ પણ જાહેર થવો જોઈએ એવું લેખકને લાગે છે. ભોજન વખતના અસંતોષ અને અતૃપ્તિ મોટી ઉંમરના માણસોને પણ તેમના કામમાં વિહ્વળ બનાવે છે એવો ગૃહપતિ તરીકેનો અને ઉત્તરાવસ્થામાં જેલના કેદી તરીકેનો લેખકનો અનુભવ છે. ઈનામો, હરીફાઈ, સજા, લાલચ, ભય એ બધાંય કેળવણીની દૃષ્ટિથી ત્યાજ્ય છે એ લેખકને ઈ.સ. ૧૯૨૦માં સમજાયું. માત્ર કેળવણીની દૃષ્ટિથી જ ત્યાજ્ય છે એમ નહીં પણ જીવનની સર્વતોમુખી દૃષ્ટિથી પણ ત્યાજ્ય છે એ એથીય મોડું સમજાયું. તેનો લેખકે સ્વીકાર કર્યો છે.

મનુષ્યના શરીરની માફક સંસ્થાઓમાં પણ અમુક-અમુક વખતે કેટલાંક ઝેર જન્મ પામે છે. આવાં ઝેરોને બહાર ફેંકી દેવાની શક્તિ શરીરમાં હોય ત્યાં સુધી એ શરીર તંદુરસ્ત રહે છે અને એ શક્તિ ન હોય ત્યારે માણસ માંદો પડે છે. સંસ્થાઓ પણ પ્રાણ વિનાની થઈ જાય છે. ભલભલા મિત્રો પણ જ્યારે એકબીજાની સાથે ખભેખભો અડાડીને કામ કરવા બેસે છે ત્યારે સ્વભાવભેદે, ઉછેરભેદે, પદ્ધતિભેદે એકબીજાની સાથે ગોઠવાઈ શકતા નથી.

લેખકનો અનુભવ એવો છે કે : 'એક સંસ્થામાં કોઈ પણ એક અદના માણસની મુખીપણા નીચે સૌએ ગોઠવાઈ જવું અને સંસ્થાના ગમે તેટલા વિભાગો હોય તો પણ તમામ વિભાગોએ એકબીજા સાથે ગાઢ સંબંધથી ગોઠવાઈને એક જ એકમ તરીકે કામ આપવું એ તાલીમ અમારે માટે પણ નવી તો હતી જ, પણ આપણા આખા દેશને માટે હજુ આજે પણ નવી છે. આપણા સમાજની આ મોટી ખામીને લઈને આપણે જીવતી જાગતી મોટી સંસ્થાઓને ઊભી કરી શકતા નથી અને પરિણામે સૌ શક્તિને છિન્ન-ભિન્ન કરી નાખીએ છીએ.'

'ઘડતર અને ચણતર' વાંચતાં સમજાય છે કે નાનાભાઈનો સૌથી મોટો વિદ્યાર્થી નાનાભાઈ પોતે જ છે. પોતાનું આખું જીવન તેમણે પોતાને ઘડવામાં વિતાવ્યું અને એ ઘડતર અને ચણતર કરતાં-કરતાં જ અનાયાસ તેઓ શિક્ષક બની ગયા. પ્રત્યેક વિચાર અને પ્રત્યેક પ્રવૃત્તિમાં જાગતું મન એ જ નાનાભાઈનો યોગ છે. પોતાને હાથે વાવેલ 'દક્ષિણામૂર્તિ'ના વડલાને સંસ્થાનું કશુંય વળતર લીધા વિના છોડે છે પણ 'દક્ષિણામૂર્તિ'નો આત્મા તેમની સાથે જ રહે છે. નાનાભાઈનો અભિગમ સમન્વયકારી અને મધ્યમમાર્ગી રહ્યો છે. એક મહાન કેળવણીકાર અને લોકગુરુની આત્મકથા 'ઘડતર અને ચણતર' વાંચતા જીવનમાં સમજણ અને ઉત્સાહની નવી લહેર પ્રગટે છે.

(**'ઘડતર અને ચણતર'** લેખક : નાનાભાઈ ભટ્ટ, પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર, અમદાવાદ, પ્ર.આ. ઈ.સ. ૧૯૫૪, પુનઃમુદ્રણ : ૨૦૦૧, પૃષ્ઠ ૨૮+૩૮૮, કિંમત રૂ. ૧૬૦/-)

# જીવન યજ્ઞ - પરિશ્રમ

**ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા**
૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર, તા. જિ. આણંદ.
મો. ૭૭૭૮૦૯૯૨૩૫

પરિશ્રમ એટલે મહેનત, શ્રમ, ઉદ્યમ તેવા અર્થ મળે છે. પરિશ્રમનો અર્થ જે પામે તે તેના જીવનને તારે. પરિશ્રમ એટલે શ્રમમાં શ્રદ્ધા રાખી, મગરૂર બનીને પોતાના મકસદ સર કરીને રિદ્ધિ-સિદ્ધિ પદ મેળવવું. પરિશ્રમ સદાચાર છે. તે બંધ ખજાનાની ચાવી છે. પરિશ્રમી ખોટા માર્ગે ગયા વિના, વિચારપૂર્વક-બુદ્ધિપૂર્વક પોતાનામાં રહેલા પારસમણિને ઓળખી, પાસે પડેલા બંધ ખજાનાને પરિશ્રમ રૂપી ચાવીથી ખોલી શકે છે. જેવી તેને ખજાનામાં રહેલ સઘળું પ્રાપ્ત થાય છે. એટલે જ પરિશ્રમને પૂનમ અને આળસને અમાસ કહેવામાં આવે છે. પરિશ્રમ રૂપી પૂનમ અને અમાસ રૂપી અંધકારને દૂર કરીને અજવાળાં પાથરે છે. બર્ટનના મતે, 'શ્રમ અને ઉદ્યોગ ચુંબક જેવા છે, જે સારામાં સારા પદાર્થોને પોતાની પાસે ખેંચી લે છે.' પુરુષાર્થના નાઝીર દેખૈયા કહે છે કે, 'છે પ્રતીક પુરુષાર્થનું પ્રારબ્ધ પર પ્રસ્વેદ છે.' પુરુષાર્થના પ્રસ્વેદથી જ પ્રારબ્ધ ખૂલે છે. નસીબ ઉઘડે છે. આમ પરિશ્રમ એ જ સાચો જીવનયજ્ઞ છે, પ્રભુની પ્રાર્થના છે. જે પરિશ્રમ રૂપી પ્રાર્થના કે યજ્ઞ કરે છે તેની ઉપર પ્રભુ મહેર-રહેમ કરે છે.

પરિશ્રમ કરવો જોઈએ ? તેવો પ્રશ્ન સૌ કોઈને થાય છે તેનો જવાબ ઉપરોક્ત વિચારોમાં તો છે જ સાથે તજજ્ઞો-વિદ્વાનો-વિચારકોના વિચાર પણ પરિશ્રમ તરફ દોરે છે. વાંચો :

- બધા સુંદર વિચારોનું ગર્ભાધાન ચાલતી (પરિશ્રમ કરતી) વખતે થતું થતું હોય છે. - ફ્રેડરિક નિત્સે
- ઝડપભેર ચાલતી (પરિશ્રમ કરતી) વખતે દુઃખી થવાનું શક્ય જ નથી. - મધર ટેરેસા
- જો કોઈ માણસ ચાલતો જ (પરિશ્રમી) રહે તો બધું જ બરાબર થઈ રહેશે. - સોરેન કિર્કેગાર્ડ
- શ્રમથી સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્યથી સંતોષ પેદા થાય છે. - લેટ્ટીન
- શ્રમ અને સ્વચ્છતા માણસનો સર્વોત્તમ વૈદ્ય છે. - શેમસિન
- સ્વર્ગનો વિશ્રામ તો શૃંગારપૂર્ણ છે, પરંતુ પૃથ્વીનું વરદાન તો શ્રમ છે. - વેનડાઈક
- જે શ્રમથી આપણને આનંદ થાય છે, તે શ્રમ આપણા વ્યાધિઓ માટે અમૃતતુલ્ય છે. આપણી વ્યથાની નિવૃત્તિ છે. - શેક્સ પિયર
- કોઈ રે એવું કામ નહીં, જે થાય ના એક બે હાથ. - રાજેન્દ્ર શાહ
- તમારી શક્તિને વાપરો એટલે તમારામાં અનેકગણી સર્જનશક્તિ વધે છે. - ચાર્લ્સ ડાર્વિન
- આળસુ માણસ જીવતો જ મરેલો છે. - ગૌતમ બુદ્ધ
- શ્રમ સૌના પર વિજય મેળવે છે. - હોમર
- શ્રમ વિના કોઈ પ્રગતિ કરી શકતું નથી. - ઓકોફિલિશન
- શ્રમજીવી જ સમાજનો ઉદ્ધારક છે અને જાતિનો પુનર્નિર્માતા - ફ્યુજિની વી. દેવન
- કોઈપણ વ્યક્તિ જો તેને જોઈતી વસ્તુ માટે શ્રમ નહીં કરે તો તે વસ્તુ તેને કદી પ્રાપ્ત થશે નહીં.
- મારા બે ડૉક્ટરો છે એક મારો ડાબો પગ અને બીજો મારો જમણો પગ. - જી. એમ. ટ્રેવેલ્યન
- જેનું ચાલવાનું છૂટી ગયું, તેનું જીવનનું છૂટી ગયું. - ગુણવંત શાહ

પરિશ્રમથી સુવિચાર આવે, દુઃખ દૂર થાય, સ્વાસ્થ્ય સચવાય, સંતોષ થાય, સમાજનો ઉદ્ધાર થાય, જોઈતું મળે અને જીવન મળે. આટલા લાભોની સાથે બીજા અનેક લાભો મળે તેમ છે. ચીવટ, ચોક્સાઈ, ઝીણવટ, નિયમિતતા, વ્યવસ્થિતતા, ધીરજ, દઢતા, ઉત્સાહ, શ્રદ્ધા, નિષ્ઠા, એકાગ્રતા, શાસ્ત્રીયતા જેવા ગુણોની ખિલવણી પરિશ્રમીમાં થાય છે. જ્યાં પરિશ્રમ પ્રીતિ છે ત્યાં આત્મગૌરવ અને આત્મસિદ્ધિ છે. મનુષ્ય માટે ખરી બળપ્રદ, પ્રાણપદ એવી સંજીવની છે. પણ જ્યાં પરિશ્રમ કંટાળા રૂપ છે ત્યાં તે વેઠરૂપ બની જાય છે. જે પરિશ્રમમાં પ્રેમની સ્નિગ્ધતા ભળી હોતી નથી તે પરિશ્રમ વિકાસપ્રદ અને આનંદપ્રદ થતો નથી. પરિશ્રમને પ્રેમ કરવામાં જ ખરી જીવનભક્તિ અને

સત્તોપાસના રહેલી છે. પરિશ્રમમાં તન અને મનની કેળવણી છે. જે પરિશ્રમ સૂઝબૂઝપૂર્વક, જ્ઞાનપૂર્વક કરાય તે આંતરિક અને બાહ્ય ઈન્દ્રિયોને સમ્યક્ કેળવણી આપનારો હોય છે. પરિશ્રમી જ જીવનને રચે કે સર્જે છે. પરિશ્રમની ઉપેક્ષા કરનારો મૃત્યુને, પતનને અને પાયમાલીને નોતરે છે. યોગ્ય સમય પર જે પરિશ્રમ કરે તેને સફળતા મળે છે. પણ જે સમયે કામ ન કરે અને આળસ કર્યા કરે તે નિષ્ફળતા જ મેળવે. એટલે કટાઈ કટાઈને (પડી રહેવાથી - આળસુ બનવાથી) ખલાસ થવા કરતાં ઘસાઈ ઘસાઈને (પરિશ્રમ કરતા રહેવાથી) ખલાસ થવું ઘણું વધારે યોગ્ય છે. ખરેખર આળસ એ જીવતા મનુષ્યનો શત્રુ છે. જ્યારે પરિશ્રમ સમાન બીજો કોઈ બાંધવ નથી.

આલ્બર્ટ આઈનસ્ટાઈન જણાવે છે કે, 'દિવસમાં સોએકવાર હું મારી જાતને યાદ કરાવતો રહું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન, હયાત હોય તેમાં જ નહીં પરંતુ મૃત્યુ પામ્યા હોય તેવા બીજા અનેક લોકોના શ્રમ ઉપર આધારિત છે. મને જે કાંઈ મળ્યું છે અને હજુ પણ મળી રહ્યું છે એ ઋણ ફેડવા માટે મારે પણ એ લોકોની માફક જ પરિશ્રમ કરવો એ મારી ફરજ છે.' આઈનસ્ટાઈનનો આ વિચાર ખરેખર ઉત્તમ છે. દા.ત. દરેકને અનાજ મળે છે, તેલીબિયાં મળે છે, કઠોળ મળે છે, શાકભાજી મળે છે, ફળ મળે છે, ચા-ખાંડ મળે છે. કોના પ્રતાપે છે ? ખેડૂત ખેતીના આ પાકો પકવે છે એટલે મળે છે. કોઈ કહે કે, 'અમે પૈસા આપીને ખરીદીએ છીએ. આ વાતમાં સત્ય હોય તો પણ જો ખેડૂત તે પાકો પકવતો જ ન હોત તો રૂપિયા હોય છતાં તે મળે ખરાં ? તેમના પરિશ્રમને પ્રતાપે જ તે પ્રાપ્ત થાય છે. માતા-બહેન-પત્નીને પ્રતાપે જ રસોઈ ખાવાની મળે છે. આ તો થઈ હયાત છે તેની વાત. પણ ખેતી શોધનારા, વિકસાવનારા, નવી નવી ખેતીશોધ કરનારા કે વિવિધ વાનગીની રીતો શોધનારા હયાત નથી છતાં તેમના પરિશ્રમનો આપણે લાભ લઈએ છીએ ત્યારે આઈનસ્ટાઈનની જેમ આપણી પણ ફરજ બને છે કે આપણે પરિશ્રમ કરીએ અને તેઓની જેમ બીજાઓને લાભપ્રદ બને તેવું કાંઈક કરીએ. જેમાં સ્વાર્થ સાથે પરમાર્થ પણ સમાયેલો છે.'

જીવન એટલે ગતિ. ગતિમાં ક્રિયા અનિવાર્ય છે. ગતિ ચેતનાને ક્રિયાકર્મ સાથે ક્રિયાકર્મને પુરુષાર્થ સાથે પ્રગાઢ-પ્રાણવાન સંબંધ છે. પુરુષાર્થ કરે તેનું ક્રિયાકર્મ ફળે. ક્રિયાકર્મ ફળે એટલે જીવન ગતિમય બને. આમ કરનારો પોતાના માટે તો શ્રેયસ્કર રહે જ પણ બીજાને માટે પણ શ્રેયસ્કર બને છે. જ્યારે આળસુ; ક્રિયાકર્મ - પુરુષાર્થ ન કરનારો હંમેશાં દેવાદાર અને બીજા માટે ભારરૂપ બને છે. ઉર્દૂ શેર છે કે -

**'તકદીર બડી નહીં તદબીર બડી હૈ.'**

નસીબ મોટું નથી પણ મહેનત-પરિશ્રમ જ મોટો છે. જેના હાથપગમાં મહેનતનો થાક છે, શ્રાંતિ છે તેના ઓશીકે જ મીઠી શાંતિ રહેલી છે. કવિઓ પણ આપણને મહેનત તરફ દોરતા રહે છે. વાંચો તેમની કાવ્ય પંક્તિઓ :

**'કોયલ તો કોઈનો ટહુકો ન માગે ને, મોરલો કોઈને કેકા,**
**રૂડા રૂપાળા સઢ કોકના શું કામના, પોતાના તુંબડે તરીએ.'**

(મકરન્દ દવે)

●

**'કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગાડે,**
**કોણ લઈ જાય સામે પાર ?**
**એનો કરવૈયો કો આપણી બહાર નહીં,**
**આપણે જ આપણે છઈએ.'**

(પ્રહલાદ પારેખ)

●

**પંડમાં પડ્યો પારસમણિ, વાવરી જાણે તે બડભાગિયો.**

(રાજેન્દ્ર શાહ)

●

**'મૂળ બની મ્હોર્યા અમે, ફૂલ બની ફોર્યા અમે,**
**અત્તર આપી જેવા, કાળજાને કોર્યા અમે.'**

(શોભન)

●

**'વસમા છો વંટોળ ઊઠે ને ઘેરી વળે ઘોર આંધી,**
**સૂની વાટને વીંધતો જાઉં, સૂરને તાંતણે સાંધી.'**

(મકરન્દ દવે)

ખરેખર પોતાના બાહુબળથી જે કોઈ વર્તમાન આપત્તિનો મુકાબલો કરે, બુદ્ધિબળથી સામે આવતા રહસ્યોને પારખી શકે, ભીતરને સજાગ કરીને જે પોતાની મેળે જ પુરુષાર્થ કરે તે જ બડભાગી બની શકે.

# કસ્તૂરી : શિક્ષણ નીતિ વિહંગાવલોકન

**હેતલબેન ડી. શાસ્ત્રી**
આચાર્યા, જે.એન. બાલિકા વિદ્યાલય,
સરસપુર, અમદાવાદ.

કોઈપણ દેશની શિક્ષણ નીતિ તે દેશની કરોડરજ્જુ સમાન હોય છે. શિક્ષણની નીતિથી દેશના ભવિષ્યનું ચિત્ર અંકિત કરી શકાય છે. દેશને કઈ દિશા તરફ લઈ જવો છે, તે દેશની શિક્ષણ પ્રણાલી થકી નક્કી થાય છે. કોઈપણ દેશની વિદેશ નીતિ કે સંરક્ષણ નીતિ કરતાં શિક્ષણ નીતિનું મહત્ત્વ વધારે છે. ૧૯૪૭માં ભારત આઝાદ થયો ત્યારે આપણી સમક્ષ ઘણા પડકારો હતા. તેમાંનો એક પડકાર હતો, ભારતની આવનારી પેઢીને યોગ્ય રીતે શિક્ષિત કેવી રીતે કરવી અને તે માટે કેવા કાર્યક્રમોનું આયોજન કરવું ? ભારતના પ્રથમ શિક્ષણપ્રધાન મૌલાના અબ્દુલ કલામ આઝાદે સમગ્ર ભારતમાં એક સરખી શૈક્ષણિક પ્રણાલી દાખલ થાય એ કેન્દ્ર દ્વારા તેનું નિયમન થાય તેવી કલ્પના કરી હતી. સમયાંતરે યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન, માધ્યમિક શિક્ષણ આયોગ, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને કોઠારી કમિશનની સ્થાપના થઈ. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ ધરાવતા ભારતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુની સરકારે શિક્ષણમાં વૈજ્ઞાનિક નીતિ પરનો ઠરાવ પસાર કર્યો. ઉચ્ચ ગુણવત્તાયુક્ત વૈજ્ઞાનિક દૃષ્ટિકોણવાળી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (IIT) જેવી ગૌરવશાળી સંસ્થાની સ્થાપના માટે માર્ગ મોકળો કર્યો. એન.સી.આર.ટી. જેવી સ્વાયત્ત સંસ્થાઓનો જન્મ થયો. જેનું કાર્ય કેન્દ્ર અને રાજ્ય સરકારોને શૈક્ષણિક નીતિ તૈયાર કરવામાં અને તેનો પ્રચાર-પ્રસાર કરવામાં મદદરૂપ બનવાનું હતું. સમય અનુસાર શિક્ષણ નીતિમાં બદલાવ આવે તે ઈચ્છનીય છે. સમયાંતરે અમલમાં આવેલી શિક્ષણ નીતિમાં સંશોધન થવા જરૂરી છે. સમગ્ર દેશના જુદા જુદા ભૌગોલિક ક્ષેત્રોમાં નર્સરીથી લઈ ઉચ્ચ અભ્યાસ સુધીના દરેક તબક્કે શિક્ષણમાં નિયમન અને એકસૂત્રતા જળવાય તે હેતુથી આપણા દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની રચના કરવામાં આવી છે. પ્રથમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૬૮, દ્વિતીય રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ અને તૃતીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં રજૂ કરવામાં આવી છે. OECD રિપોર્ટ મુજબ અહીં દેશની GDPમાંથી શિક્ષણ પાછળ કેટલું બજેટ તેમજ તે દેશની વસ્તીના આંકડા અહીં અભ્યાસ અર્થે રજૂ કરવામાં આવ્યા છે.

| દેશ | વસ્તી | GDPની ફાળવણી |
|---|---|---|
| નોર્વે | ૫૫ લાખ | ૬.૭% |
| ન્યૂઝીલેન્ડ | ૫૦ લાખ | ૬.૨% |
| યુ.કે. | ૭ કરોડ | ૬.૧% |
| યુ.એસ. | ૩૩ કરોડ | ૬.૬% |
| કેનેડા | ૩.૫ કરોડ | ૫.૮% |
| જાપાન | ૧૩ કરોડ | ૪% |
| ભારત | ૧૪૦ કરોડ | ૩.૮% |

● **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૬૮નો ટૂંક સાર**

૧૯૬૪-૬૬માં ડૉ. દોલતસિંહ કોઠારી અને તેમની ટીમે ભારતીય શિક્ષણ પ્રણાલીનું મૂલ્યાંકન કરીને ભારત સરકારને અહેવાલ આપ્યો હતો, જે કોઠારી કમિશન તરીકે જાણીતો થયો. આજ કોઠારી કમિશનની ભલામણો પર આધારિત ભારતની પ્રથમ શિક્ષણ નીતિ ૧૯૬૮માં શ્રી ઈન્દિરા ગાંધીના વડપણ હેઠળ અમલમાં આવી આ નીતિમાં ત્રિભાષી ભલામણ કરવામાં આવી હતી. હિન્દી વિષય પર ભાર મૂકવામાં આવ્યો હતો. આવનારી પેઢી ભારતની સંસ્કૃતિને સારી રીતે સમજી શકે તે માટે સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. ૧૪ વર્ષની ઉંમર સુધીનાં બાળકોને ફરજિયાત શિક્ષણ આપવાની વાત આ નીતિ દ્વારા કરવામાં આવી હતી. શિક્ષકોની સ્થિતિ, તેમના પગાર ધોરણમાં સુધારો, શૈક્ષણિક તકની સમાનતા,

વિજ્ઞાનનો પ્રચાર-પ્રસાર તેમજ ૧૦ + ૨ + ૩ પ્રણાલી પર આધારિત શૈક્ષણિક વ્યવસ્થા આ નીતિની મુખ્ય બાબતો રહી હતી. ભારતની જીડીપીના ૬% શિક્ષણ પાછળ ઉપયોગ કરવાની વાત આ નીતિમાં કરવામાં આવી હતી.

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ વિહંગાવલોકન**

વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીના વડપણ હેઠળ આ શિક્ષણ નીતિ મુખ્યત્વે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓના વિકાસને કેન્દ્રસ્થાને રાખનારી બની હતી. આ નીતિ તમામ વર્ગોમાં વંચિત લોકોને સમાનતાના ધોરણે શિક્ષણ આપવાની વાત કતી હતી. પછાત વર્ગોમાંથી શિક્ષકોની વધુ ભરતી થાય તેવા દિશા સૂચનો કર્યા હતા. આ નીતિએ બાળકેન્દ્રી અભિગમ માટે પ્રાથમિક શાળાઓના નવિનીકરણ માટે **'ઓપરેશન બ્લેડ બોર્ડ'**ની ઝુંબેશ શરૂ કરી હતી. ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીનો વિસ્તાર કર્યો હતો. ગ્રામીણ સમુદાયના વિકાસ માટે મહાત્મા ગાંધીની વિચારસરણી પર આધારિત ગ્રામીણ યુનિવર્સિટી બનાવવાની હિમાયત કરી હતી. ૧૯૯૨માં વડાપ્રધાન શ્રી પી.વી. નરસિમ્હારાવ સરકાર દ્વારા ૧૯૮૬ શિક્ષણ નીતિમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ૨૦૦૫માં મનમોહનસિંહ સરકારના વડપણ હેઠળ POA અંતર્ગત દેશની વ્યવસાયિક અને ટેક્નિકલ ઉચ્ચ સંસ્થાઓમાં પ્રવેશ માટે કેન્દ્રીય ધોરણે પ્રવેશ પરીક્ષા પર આધારિત નીતિની પરિકલ્પના કરવામાં આવી અને તેને અમલમાં મૂકી.

- **નવી શિક્ષણ નીતિ ૨૦૨૦**

મોદી સરકારના વડપણ હેઠળ માનવ સંસાધન વિકાસ મંત્રાલય ઘણી બધી જાહેર ક્ષેત્રની સંસ્થાઓ અને વ્યક્તિઓ સાથે પરામર્શ કર્યા પછી કે. કસ્તૂરી રંગનાથનના અધ્યક્ષપણા હેઠળ નવી શિક્ષણનીતિનો ૪૮૪ પાનાનો મુસદ્દો તૈયાર કર્યો છે. તેમાં ઉલ્લેખ છે, શિક્ષણ જીવનનાં તમામ પાસાંઓને પહોંચતું હોવું જોઈએ. શિક્ષણ ૨૧મી સદીના વિકાસલક્ષી આવશ્યકતાઓમાં પોતાનું યોગદાન આપતું હોવું જોઈએ. ભારતની પરંપરાઓ અને મૂલ્ય શિક્ષણ પ્રણાલીઓ સાથે સુસંગત હોવી જોઈએ. માનવ વ્યક્તિના સંપૂર્ણ વિકાસને લગતું શિક્ષણ હોવું જોઈએ. આ નીતિ વ્યક્તિની સર્જનાત્મક વિકાસ પર વિશેષ ભાર મૂકી રહી છે. વિદ્યાર્થીના જ્ઞાનાત્મક કૌશલ્ય જેમકે ચર્ચા વિચારણા કરવી, તર્ક પર આધારિત સમસ્યા હર કરવાની કુશળતા સાથે સામાજિક અને ભાવનાત્મક કૌશલ્યો વિકસવા જોઈએ. ભારતના સાંસ્કૃતિક વારસા અને આધુનિક ટેક્નોલોજીનો સમન્વય કરી ભારત વિશ્વ ગુરુનો દરજ્જો હાંસલ કરી શકે તે રીતે વિદ્યાર્થીના સર્વાંગી કૌશલ્યોને શિક્ષિત કરવાની હિમાયત કરે છે. આજની ટેક્નોલોજી અને આવનારી ટેક્નોલોજી વચ્ચેના ખૂબ ઓછા સમયગાળામાં વિદ્યાર્થી સતત શીખતો રહે તે રીતે ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમમાં સમયાંતરે નવિનીકરણની આવશ્યકતાઓને જુએ છે. SDG4 એક સર્વગ્રાહી ધ્યેય છે, જે દરેકને લાગુ પડે છે. દરેક રાષ્ટ્ર પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા સિવાય ટકાઉ રીતે તેના નાગરિકો માટે જીવનની ગુણવત્તા ઊંચી લાવવાનો પ્રયાસ કરે છે. આ પ્રકારની સમજ શિક્ષણના પ્રારંભિક તબક્કાથી આપવી જોઈએ. પરંપરાગત શિક્ષણ પ્રણાલી ૧૦ + ૨ની જગ્યાએ નવી શિક્ષણ પ્રણાલી ૫ + ૩ – ૩ + ૪ની દરખાસ્ત કરે છે. ત્રણ ભાષાના સૂત્રનો ઉપયોગ કરવાની ભલામણ કરે છે. જેમાંથી બે ભારતીય ભાષા હોવી જોઈએ. તેમાંની એક સ્થાનિક ભાષા અથવા માતૃભાષાના ઉપયોગ પર ભાર મૂકે છે. ઓછામાં ઓછું પાંચમા ધોરણ સુધી વિદ્યાર્થી પોતાની માતૃભાષામાં જ ભણે તેના પર ભાર મૂકે છે. તેમજ માતૃભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપે છે. નીતિ એ નિર્દેશ કરે છે, અહીં માર્ગદર્શિકા સિવાય બીજું કાંઈ નથી તે ખરેખર રાજ્ય અને સંસ્થાકીય શિક્ષણ સત્તાવાળાઓ પર નિર્ભર છે કે તેઓ શું શીખવશે. શાળા શિક્ષણમાં ૩થી ૮ વર્ષ ફાઉન્ડેશન શિક્ષણ, ૮થી ૧૧ વર્ષ અનુક્રમે ધોરણ ૩-૪-૫, ૧૧થી ૧૪ વર્ષ અનુક્રમે ધોરણ ૬-૭-૮, ૧૪થી ૧૯ વર્ષ અનુક્રમે ધોરણ ૯-૧૦-૧૧-૧૨ની વહેંચણી કરે છે. ધોરણ ૨, ૫, ૮, ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ રાબેતા મુજબ લેવાશે. ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓનું માળખું બદલવામાં આવશે અને પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવશે. ૮૫%


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

બાળકોમાં છ વર્ષ સુધી મગજમાં સંચિત શક્તિઓ રહેલી હોય છે. જેનો મહત્તમ વિકાસ યોગ્ય શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડી કરી શકાય છે. બાળકનાં ૮થી ૧૧ વર્ષ સુધીના સમયગાળામાં વાંચન, લેખન, સારો વ્યવહાર, સ્વચ્છતા, પર્યાવરણ, મિત્ર-સહકાર, સંવેદનશીલતા, સૌજન્યતા ઉપર પ્રભુત્વ મેળવે તેવા પ્રયત્નો શાળા કક્ષાએ તથા વાલીએ ઘરમાં કરવાના રહેશે. ધોરણ છથી કોડિંગ વર્ગો યોજાશે. ગરીબ પરિવારનાં બાળકોને ભણવા માટે પ્રોત્સાહિત કરવા મધ્યાહ્‌ન ભોજન યોજનામાં નાસ્તાનો સમાવેશ કરીને આ યોજનાને વધુ વિસ્તૃત બનાવાશે. (૬૦ના દાયકામાં મધ્યાહ્‌ન ભોજન યોજના દાખલ કરનાર તમિલનાડુ પ્રથમ રાજ્ય બન્યું હતું. જેના પ્રણેતા હતા, મુખ્યમંત્રી કે. કામરાજ ૧૯૫૫માં શ્રી પી.વી. નરસિમ્હારાવની સરકાર દ્વારા થોડા ફેરફાર સાથે આ યોજના દાખલ કરવામાં આવી. ૨૦૦૨ના સુપ્રિમ કોર્ટના આદેશ અનુસાર દેશમાં સમગ્ર રાજ્યમાં યોજનાનું અમલીકરણ શરૂ થયું. વર્ષ ૨૦૨૧માં આ યોજનાનું નામ બદલીને PM POSHAN યોજના રાખવામાં આવ્યું છે. માધ્યમિક વિભાગમાં સર્વગ્રાહી શિક્ષણ બનાવવાના ઉદ્દેશથી વિષયો પસંદ કરવાના નિયંત્રણોમાં ઘટાડો કરવામાં આવશે. વિષયોની વિવિધતા વધારવામાં આવશે. જેમકે ગણિતનો વિદ્યાર્થી તત્વજ્ઞાન વિષયને પણ ભણી શકશે. ઉચ્ચ શિક્ષણમાં ગ્રેજ્યુએશનની નવી શિક્ષણ પ્રણાલીની દરખાસ્ત અહીં મૂકવામાં આવી છે. આ દરખાસ્તમાં વિદ્યાર્થી સામે કુલ ચાર વર્ષનો અભ્યાસક્રમ હશે, પરંતુ દર વર્ષે તે વિવિધ સ્કેલ મેળવી ડિગ્રી પ્રમાણપત્ર લઈને બહાર નીકળી શકશે. તે જ રીતે વિદ્યાર્થી ઇચ્છે તો અભ્યાસક્રમ પૂર્ણ કરવા ફરીથી દાખલ પણ થઈ શકે છે. ગ્રેજ્યુએશન પછી માસ્ટર ડિગ્રીનો અભ્યાસક્રમ એક વર્ષનો રહેશે અને બે વર્ષ સુધી તે રિસર્ચ માટેનો વિકલ્પ પણ પસંદ કરી શકશે. ડૉક્ટરેટની ડિગ્રી માસ્ટર્સ ડિગ્રી પછી મેળવી શકાશે. ભારતમાં શિક્ષણ પ્રણાલીનું આંતરરાષ્ટ્રીયકરણ કરવા ૧૦૦ જેટલી વિવિધ વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં યુનિવર્સિટી સ્થાપવા આમંત્રણ આપવામાં આવશે. તે જ રીતે ભારતની યુનિવર્સિટીઓને પણ વિદેશમાં જવા માટે મંજૂરી આપવામાં આવશે. ૨૦૪૦ સુધી ભારતની તમામ યુનિવર્સિટીઓ અને કૉલેજો બહુશાખાકીય બનવાનું ધ્યેય ધરાવે છે. નેશનલ ટેસ્ટ એજન્સી JEE, NEET ઉપરાંત અન્ય યુનિવર્સિટીની પ્રવેશ પરીક્ષાઓ પણ હાથ ધરશે. શિક્ષણ માટે અસરકારક અને કૌશલ્ય યુક્ત શિક્ષકોની નિમણૂંક ઉપર ભાર આપવામાં આવશે. શિક્ષક બનવા માટે ચાર વર્ષનો બી.એડ.નો અભ્યાસક્રમ ફરજિયાત રહેશે. શિક્ષકની ભરતી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવામાં આવશે. નવી નીતિ શિક્ષણમાં ટેક્નોલોજીના મહત્ત્વને ખૂબ ભાર આપે છે. ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મની જરૂરિયાતને વધુ મજબૂતાઈથી રજૂ કરે છે. આવનારા સમયમાં માનવ જીવન પર ટેક્નોલોજી ખૂબ પ્રભાવિત થશે. જેમ કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબેટિક, ડ્રોન, કમ્પ્યૂટર ઘણું બધું. પ્રેક્ટિકલ શિક્ષણ ઉપર વધુ ભાર મૂકવાની વાત કરી છે. પ્રવૃત્તિ આધારિત શિક્ષણ વ્યવસ્થા ઊભી કરવાની હિમાયત કરી છે. તે માટે વિજ્ઞાન ખંડો, ગણિત ખંડો તથા સામાજિક વિજ્ઞાન ખંડોનું નિર્માણ કરવાની વાત કરી છે. ખગોળશાસ્ત્ર અને અવકાશ વિજ્ઞાન માટે રાત્રીના વર્ગો પણ સંભવિત બનશે. ધોરણ ૬થી ૮માં ફરજિયાત એક વ્યવસાયિક વિષયની પસંદગી કરવાની રહેશે. તે માટે શાળાઓએ વ્યવસ્થા પૂરી પાડવાની રહેશે. સમયાંતરે વિદ્યાર્થીઓના હેલ્થ ચેકઅપ તેમજ હેલ્થ કાર્ડની વ્યવસ્થા અપગ્રેડ કરાશે. વિદ્યાર્થીના સમગ્રતાના વિકાસ અને કૌશલ્ય સાથેનું રિપોર્ટ કાર્ડ તૈયાર કરવાનું રહેશે. e-content ૮ ભાષામાં તૈયાર થશે. અગાઉની શિક્ષણ નીતિને અનુસરતા ભારતની જીડીપીના ૬% સુધીની શિક્ષણ બજેટમાં ફાળવણીની વાત સરકાર કરે છે.

ટૂંકમાં, નવી શિક્ષણ નીતિ વૈશ્વિક બનવા માટે જરૂરી તમામ પ્રકારનાં કૌશલ્યો હસ્તગત કરે તેવી ઉચ્ચ ગુણવત્તાવાળી શિક્ષણ પ્રણાલીનું આહ્‌વાન કરવાનું નિર્દેશ કરે છે. તેથી ભારત આવનારા સમયમાં જ્ઞાનમાં વિશ્વ સમક્ષ **'સુપર પાવર'** તરીકે ઊભરી આવે.

# આસ્વાદ : એક શિક્ષકનું દેહાંત...

**રાઘવજી માધડ**
'અભિષેક' ૭૧૫/૧, સેક્ટર-૭ બી, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૦૯૯૫

**શિક્ષકનું દેહાંત**

*શિક્ષક હોવું એટલે આમ તો*
*બ્લેકબોર્ડનાં આકાશે-*
*શબ્દોની વાદળીથી ઘેરાઈ વરસી પડવું*
*વર્ગખંડનાં સૂકાં ગૌચરે*
*જિંદગીના અર્થની લીલોતરી થઈ એજ ને?*
*શિક્ષકનું દેહાંત એટલે-*
*એક શ્વેત ચોકનું વર્ગખંડમાં લખાઈને પૂરું થઈ જવું?*
*કે ચોકની રજકણો જેમ*
*તાસ પૂરો થતા ધીમે ધીમે વર્ગખંડમાં શમી જવું?*
*શિક્ષકની ઋતુએ-*
*વર્ગખંડને પણ વસંત બેસતાં મેં જોઈ છે!*
*વર્ગખંડની બહાર એક પુસ્તકનાં પાનાં*
*પવનમાં ઊડે તેમ મેં અવિરત ઊડતાં જોયાં છે!*
*વગર દીવાલોની હરતીફરતી*
*એક આખી જંગમ વિદ્યાપીઠ મેં જોઈ છે!*
*ને તાસ પૂરો થતા મારાં ભીતરનાં ગગને*
*એક આખું મેઘધનુષ્ય તણાતું પણ મેં જોયું છે!*
*કાગળની ચોપડી પણ મેં વાંચી છે!*
*ને એક શિક્ષકની હયાતીની જીવંત કિતાબ પણ!*
*ઘરનાં પુસ્તકાલયમાં કાગળની કિતાબો તો ખરી જ!*
*ને કાળજાનાં પુસ્તકાલયે એક જીવંત શિક્ષકની પણ!*
*લીલાછમ નાજુક એક તરણાને*
*વર્ગખંડનાં સૂકા વેરાન વગડે*
*લીલીછમ આગ ચાંપતાં મેં જોયું છે!*
*ને એક ઘનઘોર વાદળીને વર્ગખંડમાં-*
*સળગતી આગને ઠારતાં પણ જોઈ છે!*
*શિક્ષક હોવું એટલે આમ તો-*
*ઠરેલાંને સળગાવવું ને સળગેલાંને ઠારવું એજ ને?*
*એ મારા શિક્ષક-*
*આજે સળગીને ઠરી ગયા કાયમ માટે*
*અસ્તિત્વની ચૂલમાં!*
*હાડમાંસનો સૂકલકડી એ દેહ સ્મરણનું બાવલું થઈ*
*મારી ભર વચાળે હવે અખંડ ઊભું રહેશે-*
*સમયની ચૂલમાં સળગીને હું ઠરી ન જાઉં ત્યાં સુધી!*

**ઘનશ્યામ સવાણી**

સર્જક એના શબ્દો દ્વારા 'લગભગ ઝીલી ન શકાય એવી માનવનિયતિને તાદૃશ્ય કરે છે. નોબેલ પારિતોષિક વિજેતા શેરયમ હિની કહે છે, "બાહ્ય વાસ્તવના પ્રભાવને વફાદાર અને કવિનાં હોવાપણાનાં આંતરિક નિયમન પરત્વે સંવેદનશીલ હોય એવી કવિતાને સાર્થક કવિતા કહે છે." કવિ મૂલ્યોનો શોધક અને સંગ્રાહક છે. સાચી કવિતા આપણને યાદ અપાવે છે કે 'આપણી એકલતાઓ ને પીડાઓ પણ આપણું જમા પાસું છે, કેમ કે તે આપણા યથાર્થ માનવ હોવાની એંધાણી છે.

અને ખરેખર તો સાહિત્યિક કૃતિઓમાં જિંદગીની અધૂરપની, મધૂરપની અથવા પૂર્તિની શોધ સાથે... સાહિત્ય પદારથમાંથી આપણે નિજાનંદ માણતા હોઈએ છીએ! કવિ ઘનશ્યામ સવાણી આવી કંઈક વિભાવના સાથે કવિતા દ્વારા પ્રસ્તુત થયા છે.

જીવ માત્રના દેહનો અંત એક ને એક દિવસે આવે; દેહાંત થાય તે સનાતન સત્ય છે. હા, સ્થૂળ દેહના અંતમાં શિક્ષક પણ આવી જાય. અન્યથા શિક્ષક ક્યારેય મૃત્યુ પામતો નથી. શિક્ષકના દેહાંત પછી પણ અનેક શિષ્યોનાં વર્તનનાં થયેલાં પરિવર્તનમાં કાયમી જીવતા રહે છે. અહીં કવિએ એટલે જ કવિતાનું શીર્ષક જ બોલકું એવું 'શિક્ષકનું દેહાંત' આપ્યું છે!

પણ સીધે સીધું કહે તો કવિ શાના? કવિ તો આગળનું બારણું ઉઘાડે ને જે કહેવા ધારે તે પાછળનાં બારણેથી પસાર કરે! સીધું કહેવાથી એ કવિતાના વાઘા પહેરી ન શકે. તેથી જ કહેવાયું છે- શબ્દ એ કવિતાનું સ્થૂળ સાધન છે અને અર્થ એ સૂક્ષ્મ સાધન...અહીં કૃતિમાં ઘટનાની અવાંતરે પડેલી ઘટનાનો આધાર લેવામાં આવ્યો છે.

કવિ પોતાના એ (અ)ભૂતપૂર્વ શિક્ષકને વરસો પછી

રૂબરૂ મળવા જાય છે...શિક્ષકના દેહને આયખાનો લૂણો લાગી ગયો છે. તેઓ પથારીવશ છે. એક તેજ-તર્રારીર ને તરવરાટ સભર શિક્ષકને જર્જરિત કાયામાં જોઈ, ખરેખર દેહની ક્ષણભંગુરતાનો અહેસાસ અનુભવે છે. ઉંમરના એક મુકામ પર પહોંચ્યા પછી કોઈ સ્વજનને મળવાનું બને ત્યારે કહેતા સાંભળ્યા છે, "હવે તો મળ્યા ને મળવું ઉપરવાળાના હાથમાં છે." કવિને પથારીવશ પોતાના શિક્ષકના દેહના અંતિમ દર્શનની ઝંખના પોતાનાં હૃદયમાં સતત એ ભણી પકડી રાખે છે! અહીં પણ બનવાકાળે મળ્યાના વળતા દિવસે જ દેહાંત થયાના સમાચાર મળે છે! પોતાની રાહે જ એમનો દેહ જાણે અંતિમ શ્વાસ છોડવાની ધીરજ રાખી રાહ જોતો હશે એવું કવિ પ્રબળપણે ભીતરે અનુભવે છે! આ બધી જીવન અને જગતની અકળ લીલા છે.

કવિને મૂળ તો કોઈ ઘટનાના તરાપે કાવ્યસાગર તરવાની ફાવટ છે. તેથી છંદના (કુ)છંદે ચઢ્યા વગર અથવા કોઈ બંધન કે બંધારણ વિના અછાંદસમાં મુક્તપણે વિહરે છે. હા, તેમાં શબ્દોની યોગ્ય કરકસર ને સઘનભાવ જાળવી કોઈ ચિત્રકાર માફક એકાદ-બે લસરકામાં આખું ચિત્ર ખડું કરી દે છે. કવિને આવો કસબ ને કરામત હાથ વગી છે. કવિત્વનાં કેન્દ્રમાં શિક્ષકત્વ છે. ભૂંસાતા અને વિસરાતા શિક્ષક-વિદ્યાર્થીના સંબંધનું સંવેદન છે. સંવેદનને બરાબર સજે ને માંજે છે.

કવિએ શિક્ષકનાં શિક્ષકત્વને જે રીતે જોયું છે : વર્ગખંડમાં વસંત બેસાડી છે...અને તેઓમાં એક આખી જંગમ વિદ્યાપીઠ જોઈ છે. વર્ગખંડમાં તાસ પૂરો થયા પછી કવિની ભીતરમાં મેઘધનુષ્ય રચાતું જોયું છે. અંદર અજવાળું પથરાયાનું જોયું છે. આંતરજગત ઝળહળ થયું છે. નહિતર તો તાસ પૂરો થાય અને આખો વર્ગખંડ પણ પૂરો થઈ જાય!

આજે 'સ્માર્ટ ક્લાસરૂમ'ના લીધે બ્લેકબોર્ડનું આકાશ અલિપ્ત થઈ ગયું છે. આમ થવાથી વર્ગખંડમાં વિદ્યાર્થીઓએ શું મેળવ્યું તેનો હિસાબ હાથ લાગે એવો નથી પણ ઘણું ગુમાવ્યાનો સરવાળો સરળતાથી થઈ શકે એવો છે. એટલે જ શબ્દોની વાદળી, વર્ગખંડનું સૂકું ગૌચર, જિંદગીના અર્થની લીલોતરી, વર્ગખંડની વસંત, શિક્ષકની ઋતુ, કાળજાનું પુસ્તકાલય, ભીતરનું મેઘધનુષ્ય, અસ્તિત્વની ચૂલ વગેરે રૂપકો દ્વારા શિક્ષકત્વના નાજુક ધાગાથી જીવનને તોડવાના કોઈ એવા ત્રાગા વચ્ચે જીવનને જોડવાનો પ્રયાસ કરે છે અને કેન્દ્રમાં તો શિક્ષક જ છે.

જયારે કવિ જ એક શિક્ષકને મધ્યમમાં રાખી વર્ગખંડની વિશેષ કવિતા રચે છે ત્યારે કવિતાની સાથે આખો વર્ગખંડ જીવંત બને છે. કવિતા ભણ્યા પછી મૃતઃપ્રાય થયેલા વર્ગખંડ પણ જોયા છે.આ સિવાય કવિએ શિક્ષક અને તેમનાં શિક્ષણના સંદર્ભે ઘણું ઘણું જોયું, અનુભવ્યું છે :

"લીલાછમ નાજુક એક તરણાને
વર્ગખંડના સૂકા વેરાન વગડે
લીલીછમ આગ ચાંપતા જોયું છે!

વળી આગળ ઉમેરે છે :

"ને એક ઘનઘોર વાદળીને વર્ગખંડમાં
સળગતી આગને ઠારતાં પણ જોઈ છે!"

સામાન્યજન કરતા કવિ જુદું જ ભાળે...ને એટલે જ તો તે કવિ છે. અહીં વાદળી અને આગને છેક વર્ગખંડમાં લઈ આવે છે. વાદળીને વરસાવે ને આગને ઠારે છે. તેમાં અંતે તો જ્ઞાન પ્રાપ્તિ જ અભિપ્રેત હશે. હા, જ્ઞાન એટલે કેવળ માહિતી નહીં પણ જીવનમાં ઉપયોજનનો સંદર્ભ જોડે છે. જીવનના અઘરા, અટપટા કોયડા ઉકેલવાની કળા શીખવે તે શિક્ષક. જેમાં શિક્ષકના વાણી, વર્તન અને વ્યવહારનો સમન્વય થતો હોય.

શિક્ષક હોવું અને શિક્ષક થવું...બેઉ વચ્ચે મોટું અંતર અથવા ભેદ છે. પણ અહીં 'બોર્ન-ટીચર' જન્મજાત શિક્ષકની વાત છે. શિક્ષક હોવું એ જીવન અને જગતની મોટી ઉપલબ્ધિ ગણાય. એટલે કવિ કહે છે :

"શિક્ષક હોવું એટલે આમ તો-
ઠરેલાંને સળગાવવું ને સળગેલાંને ઠારવું એજ ને?"

આ કવિ-ન્યાય છે! જાતે જ કહી દીધું... પણ આમાં સમગ્ર જીવનનો સાર આવી જાય છે. કવિ સંસારથી જરાય અલિપ્ત નથી તેથી દુન્યવી દુઃખ અનુભવે છે. એ મારા શિક્ષક, આજે સળગીને ઠરી ગયા કાયમ માટે અસ્તિત્વની ચૂલમાં!

સળગીને એટલે કે પ્રજ્જવલિત થઈ ને ઠરી

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપર)

# મનનો રાજા (સંવેદન કથા)

**કિરીટ ગોસ્વામી**
એફ-૨૦/૬૬૬, પ્રથમ માળ, રણજિત નગર,
જામનગર-૩૬૧૦૦૫. મો-૯૮૭૯૪૦૧૮૫૨.

મિલુ ખૂબ મસ્તીખોર અને મનમોજી. દરેક કામ તે પોતાનું મન પડે એમ જ કરે.

મન હોય તો ઝાઝું બધું હોમવર્ક કરી નાખે; ઘણાં સ્પેલિંગ યાદ કરી લે; મમ્મીએ ચીંધ્યું હોય એ બધું કામ ફટાફટ કરી નાખે!

...પણ મન ન હોય તો આમાંનું કશું જ ન કરે!

પપ્પાનો થોડો ડર રાખે ખરો પણ કરે તો એ પોતાનું ધાર્યું જ! તેનું મન કહે, એમ જ ચાલે; એમ જ કરે!

મસ્તીમાં આવી હંમેશાં ગાયા કરે..

'હું મારા મનનો રાજા,
હાથીભાઈને ડાન્સ કરાવું,
કીડીબાઈને કહું- 'વગાડો વાજાં!
હું મારા મનનો રાજા!'

મિલુનો આ સ્વભાવ મમ્મીને તો ગમે પણ પપ્પાની ડાંટ તેને, અવારનવાર ખાવી પડે! પપ્પા તેને રોકે,સમજાવે અને ક્યારેક વઢે પણ ખરા પણ મિલુ જેનું નામ! ઘડીકવાર પપ્પાની સામે, એમને ગમે એવું વર્તન કરે ને પછી પાછા એના એ જ! પોતાના 'મનનો રાજા' બની જાય!

ભણવામાં હોશિયાર પણ પરીક્ષાની તૈયારી,પોતાને ગમે એ રીતે જ કરે! બધા ફ્રેન્ડ જેમ કરે એમ,તે ખોટો તૂટી ન મરે! ખોટી ગોખણપટ્ટી પણ તેને બિલકુલ ન ફાવે કે ન ગમે! તેની યાદશકિત ખૂબ સારી! ઓછા સમયમાં તેને ઘણું યાદ રહી જાય! યાદ રહેલું, તે પોતાની રીતે સમજે અને એમાંથી એના નવા-નવા અર્થો તારવે! પરીક્ષાની એને જરાય બીક ન લાગે કે જરાય ટેન્શન પણ ન રાખે! પોતાની રીતે તૈયારી કરી અને હંમેશાં તે, સારા માર્કસથી પાસ થઈ જાય! આથી એના ફ્રેન્ડસને નવાઈ લાગે! બધાંય તેને 'જાદુ' આવડે છે એમ પણ કહે! અને એના બેસ્ટફ્રેન્ડ તો એને 'મનનો રાજા' કહીને જ બોલાવે!

તેને સરસ ચિત્રો દોરતાં આવડે. મૂડ હોય ત્યારે તે એવાં સરસ ચિત્રો બનાવે કે,જાણે કોઈ અનુભવી, મહાન ચિત્રકારની જ એ કલા હોય!તેનાં મનમાં અવનવી કલ્પનાઓ જન્મે અને જોતજોતામાં એ કલ્પનાઓ, સુંદર મજાના ચિત્ર સ્વરૂપે સાકાર થાય! મિલુનાં આવા ચિત્રો જોઈને સૌ કોઈ તેના ખૂબ વખાણ કરે! સ્કૂલના ટીચર, તેના બેસ્ટફ્રેન્ડ બધાંય તેનામાં એક ભવિષ્યના મહાન ચિત્રકારના દર્શન કરે!

એક દિવસ પપ્પાએ તેને કહ્યું- ' મિલુ, હવે તું મોટો થવા લાગ્યો છે. હવે તારે, તારા ભવિષ્ય વિશે પણ વિચારવું જોઇએ!'

'શું વિચારવાનું, પપ્પા? હું મારી રીતે,આગળ વધીને મારું સપનું સાકાર કરીશ જ!' મિલુએ કહ્યું.

તેની વાત સાંભળીને પપ્પાએ રોષે ભરાતાં બોલ્યા- ' સપનાની વાત રહેવા દે, બેટા! સપના અલગ છે અને જીવન પણ અલગ છે! આપણે ભણીગણીને કંઈક બનવાનું છે; સપનાની કાલ્પનિક દુનિયામાં રહેવાનું નથી!'

મિલુએ દલીલ કરતાં કહ્યું- 'પપ્પા,મારા સપના એ જ મારું જીવન છે! મારું ભવિષ્ય પણ મારા સપના પર જ ટકેલું છે...'

'સપના સાચી દિશાનાં હોવા જોઈએ! તારા સપના સાવ પાયા વગરનાં છે! તારે શું બનવાનું છે; એ મેં નક્કી કરી લીધું છે.તને તો કોઈ ચિંતા નથી પણ મને તો હોય ને!' પપ્પાએ તેને ઠપકો આપતાં કહ્યું.

મિલુ પર પપ્પાની આ વાત કે ઠપકાની કોઈ અસર ન પડી! તેણે હસતાં-હસતાં કહ્યું- 'મારા સપના જ મને સાચી દિશામાં લઈ જશે,પપ્પા!'

પપ્પાનો ગુસ્સો વધ્યો- 'તને મારી વાત સમજાય છે કે નહીં? તારે આમ મનમાની કરીને તારી જિંદગી બગાડવી છે કે શું? ભૂલી જા,સપનાની વાત! અને યાદ રાખ કે તારે ડૉક્ટર બનવાનું છે...'

'ના,પપ્પા ! મારે ચિત્રકાર બનવું છે! એ મારું સપનું છે!' મિલુએ પોતાના મનની વાત કરી.એ વાત સાંભળતાં જ, પપ્પાએ ઊંચા અવાજે કહ્યું- 'ચિત્રકાર? ના,ના,તારે ડૉક્ટર જ બનવાનું છે,મિલુ! ખબરદાર! જો ચિત્રકાર બનવાની વાત કરી છે તો..'

'તો શું કરશો, પપ્પા?' મિલુએ અધવચ્ચે જ પૂછ્યું.

'તો આ ઘરમાંથી કાઢી મૂકીશ, તને!' પપ્પાએ ધમકી આપી.

'તો હું તમારી કેદમાંથી હંમેશ માટે છૂટી જઈશ..!' મિલુએ રાજી થતાં કહ્યું. પપ્પાએ તેના આ જવાબ સામે હાથ ઉપાડ્યો પણ ત્યાં તો વચ્ચે મમ્મી આવી ગઈ. આ વાત, આ આખી ચર્ચા મમ્મીએ ત્યાર પૂરતી તો જેમતેમ કરીને બંધ કરાવી.

એ રાત્રે, મિલુને સરસ સપનું આવ્યું...

પપ્પાને ટીચર અને મમ્મીએ સમજાવ્યા એટલે તેઓ, મિલુના ચિત્રકાર બનવાની વાત માની ગયા! સમય જોતજોતામાં આગળ વધ્યો અને મમ્મી-પપ્પાનાં સહયોગથી મિલુ,મોટો ચિત્રકાર બની ગયો! તેને અઢળક ઈનામ-એવોર્ડ મળવા લાગ્યાં. જીવન ખૂબ સરસ રીતે વીતવા લાગ્યું. સપના મુજબ આગળ વધવાથી તે ખૂબ ખુશ હતો..

'મિલુ...ઓ મિલુ...! જલદી ઊઠ! સ્કૂલે જવાનો ટાઈમ થવા આવ્યો...' મમ્મીએ સાદ પાડ્યો એટલે મિલુ સપનાની દુનિયામાંથી બહાર આવી ગયો.

પણ આ સપનાએ તેને પોતાનું સપનું સાકાર કરવા માટેનો એક રસ્તો બતાવ્યો! હા, એ રસ્તો એટલે પોતાના ટીચર!

આજે સ્કૂલે જઈને તરત જ, મિલુએ પોતાના ટીચરને બધી જ વાત કરી. ટીચરે તેની વાત સાંભળીને તરત જ, તેના પપ્પાને બોલાવ્યા અને તેમની સમજાવટથી મિલુના પપ્પા આખરે માની ગયા! મિલુનું ચિત્રકાર બનવાનું સપનું હવે પપ્પાએ પણ સ્વીકારી લીધું!

મમ્મી અને પપ્પાને ટીચરે કહ્યું- 'તમારો મિલુ તો મનનો રાજા છે!'

આ સાંભળીને બધાં ખડખડાટ હસી પડ્યાં.

# કવિને

**રામુ પટેલ ડરણકર**
બી-૪, મનોરથ, સોરા રોડ, અમદાવાદ-૬૧.
મો. ૯૮૯૮૪૩૨૫૨૩

### કવિને

શબ્દ સાથે સોબત કરી છે હવે અજંપા વેઠ,
દર્દ લીધાં છે તેં ઉછીના હવે નથી તું શેઠ.

કોણ ભૂખ્યું ? કોણ તરસ્યું ? કરજે બધી તપાસ,
ડૂસકાં વત્તા નિઃસાસા બનશે તારું આસપાસ.

તું વેદનાનો વારસ તને વરણાગીવેડા ન શોભે,
તારી કલમમાં કેદ થાવા સરતો સમય પણ થોભે.

શબ્દ તારા સાંભળી બહેરા હશે તે બોલશે,
શ્રવણે પડે જ્યાં ગાન તારાં પથ્થરો પણ ડોલશે.

પડછાયા તારા હોય ના તું છે શબ્દનો સૂરજ,
તારે ન કોઈ શેઢા સરહદ કે ન પશ્ચિમ-પૂરવ.

•

### સાચો શિક્ષક

મન વચન ને કર્મથી જે શોભે અપરંપાર રે,
તે જ શિક્ષક વિદ્યાર્થી તણો સાચો તારણહાર રે.

ભેદભાવ ને પૂર્વગ્રહોને રાખે જે અતિ દૂર રે,
સરસ્વતીના મનમંદિરનો એ જ પૂજારી નૂર રે.

શ્રીફળ સમો બ્હારથી પણ ભીતરે સ્નેહ-પાણી રે,
એનું જીવન એ જ એનાં વર્તન-વ્યવહાર-વાણી રે.

શિક્ષક મળ્યાની શિષ્યને ઉરમાં થાય ઉમંગ રે,
વિદ્યા આપે એવી જે થકી પ્રગટે અનેરા રંગ રે.

મુખ મલકતું રહે જેનું હોય જ્ઞાન નીતરતું રે,
એવા ગુરુજન જોઈને શિષ્યશીશ સદા નમતું રે.

# ગાંધીબાપુનો પુનઃ અવતાર

**મહેશ 'સ્પર્શ'**
મુખ્ય શિક્ષક , કન્યાશાળા,
ઠાસરા, તાઃ ઠાસરા, જિ : ખેડા-૩૮૮૨૫૦
મો. : ૯૬૬૨૫૧૯૨૭૫

શું કહ્યું પ્રભુ ! પુનઃ અવતાર આપી મને પૃથ્વી પર મોકલવાના છો ? પ્રભુ ! જો મને પુનઃ અવતાર આપવો જ હોય તો મારા દેશ ભારતમાં – મારા ગરવા ગુજરાતમાં- મારા માદરે વતન પોરબંદરમાં જ આપો.

અરે ! એ શું બોલ્યા પ્રભુ ! મને હવે ત્યાં નહિ ફાવે ?

હા પ્રભુ ! આપ કહો છો એ સાથે હુંય સંમત છું જ. મારો દેશ ચોક્કસ બદલાઈ ગયો હશે. આઝાદીનાં ૭૦ વર્ષો બાદ પ્રગતિ તો કરી જ હશે ને ? પણ, એ તો આનંદની વાત કહેવાય.

શું કહ્યું પ્રભુ ! ૩૦ જાન્યુઆરી ૧૯૪૮નો દિવસ...? પ્રભુ ! આપ મને યાદ નહિ દેવરાવોને તોય મને બરાબર યાદ છે જ . સાચું કહું પ્રભુ ! નાથુરામ ગોડસે નાદાન હતો બિચારો. કદાચ હું જ એના મન સુધી પહોંચી નહિ શક્યો હોઉં. ખેર પ્રભુ ! જવા દો એ વાત. મેં તો ક્યારનોય એને માફ કરી દીધો છે. પરંતું બીજો કોઈ ગોડસે ના પાકે મારા દેશમાં એ માટે મારે મારા દેશમાં જ જન્મ લેવો છે. મારે મારા દેશના એક - એક બાંધવના  દય સુધી પહોંચવું છે. મારું જે કામ જ્યાંથી અટક્યું હતું ત્યાંથી ફરી આરંભવું છે.

અરે પ્રભુ ! આ શું કહી રહ્યાં છો આપ ? મારો દેશ - મારા દેશબાંધવો મારો સ્વીકાર નહિ કરે ? ના... પ્રભુ ! મને મારા દેશબાંધવો પર પૂરો વિશ્વાસ છે. બસ પ્રભુ ! હવે મારાથી મારા દેશબાંધવો વિરુદ્ધ એકપણ શબ્દ નહિ સંભળાય. આપે મને પુનઃ જન્મ આપવો જ હોય તો મારા મહાન ભારત દેશમાં જ આપો. નહિતર મારે પુનઃજન્મ નથી લેવો.

શું કહ્યું પ્રભુ ! આપે મારી વિનંતી સ્વીકારી લીધી ! આભાર પ્રભુ ! આપનો ખૂબ ખૂબ આભાર ! પ્રભુ ! હવે મને રજા આપો. મારા માદરે વતન જવાની મને ખૂબ જ ઉતાવળ છે.

આહાહા...! ખરેખર પ્રભુની વાત સાચી નીકળી. મારો દેશ કેટલો બધો બદલાઈ ગયો છે ! આઝાદીનાં ૭૦ વર્ષોમાં તો મારા દેશે ઘણી બધી પ્રગતિ કરી લીધી. આ ઊંચી ઊંચી ઈમારતો, પાકી સડકો ને ઠેર ઠેર વિશાળ વિદ્યાલયો જોઈને મારું હૃદય આનંદથી ગદગદિત થઈ ગયું. કદાચ હવે મારા દેશમાં કોઇ ગરીબ નહિ હોય. કોઈ નિરક્ષર નહિ હોય. બધાં સુખી હશે. પ્રભુ ! આપની કૃપા હંમેશાં મારા દેશ પર આમ જ વરસાવતાં રહેજો. ઘણા દિવસથી મારું પ્રિય ભજન નથી ગાયું. આજે ગાવાનું બહું મન થયું છે.

**'વૈષ્ણવ જન તો તેને રે કહિયે, જે પીડ પરાઈ જાણે રે,**
**પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ના આણે રે...'**

અરે ભાઈ ! આ શું કરી રહ્યાં છો તમે બધાં ?

શું કહ્યું ? ગાંધીમાર્ગે આંદોલન કરી રહ્યાં છો ! હં...આમ જાહેર મિલકતને તોડફોડ કરીને ? ગાંધીને ઓળખો છો તમે ? કોણ હતાં એ ?

શું ? એક સારા માણસ, આઝાદી અપાવનાર મોટા નેતા, સાચું બોલનાર.... બસ આટલી જ ઓળખ ગાંધીની !

અને તમે કહો છો એ ગાંધી ચીંધ્યો માર્ગ એટલે શું ?

શું કહ્યું ગાંધીચીંધ્યો માર્ગ એટલે પોતાની માંગણી પૂરી કરાવવા માટે ૫૦-૧૦૦ જણનું ટોળું ભેગું કરી હાથમાં પોસ્ટરો લઈ રેલી કાઢવી. ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ પર એના દસ -પંદર ફોટા અપલોડ કરી દેવાના. અને માંગ ના સંતોષાય તો તોડ - ફોડ કરવાની !

હરે રામ...હરે રામ... પ્રભુ ! મારી વિચારધારાનું આજે આટલી હદે પતન થઈ ગયું છે !

ઝડપથી મારે આશ્રમ પહોંચી આ લોકો માટે


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

પ્રાયશ્ચિત્ત કરવું પડશે.

અરે..! આ શું ? આ તો મારી જ પ્રતિમા છે ! અને આ .. ગાંધીબ્રીજ ! મારા નામે બ્રિજ ? મેં તો હંમેશાં આ બધાનો વિરોધ કર્યો હતો. મારી પ્રતિમા ક્યાંય મૂકવી નહિ, કે કોઈ સ્થળ સાથે મારું નામ જોડવું નહિ. છતાંય... હશે ! કદાચ, મારા દેશબાંધવો મારા પ્રત્યેની લાગણીના આવેશમાં આવી ગયા હશે. પણ હવે તો હું આવી ગયો છું ને. એમને સમજાવીશ કે મારી બધી જ પ્રતિમાઓ તોડી પાડે. અને જે સ્થળો સાથે મારું નામ જોડી દીધું છે એ દૂર કરી દે. મારી વાત મારા ભાઈભાંડુંઓ જરૂર માનશે જ. લાવને એની શુભ શરૂઆત મારાથી જ કરું. હું જાતે જ મારી આ પ્રતિમાને તોડી પાડું.

અરે ભાઈ...છોડો...છોડો મને. શું ગુનો કર્યો છે મેં ? હું બસ આ મારી પ્રતિમાને તોડી રહ્યો છું.

ના..ભાઈ હું ગાંડો નથી. હું સાચું જ કહું છું. આ મારી જ પ્રતિમા છે. મને ના ઓળખ્યો ? હું...

અરે ભાઈ..! મારી વાત તો સાંભળો. કયા ગુના હેઠળ મને કેદ કર્યો છે ? છોડી દો મને..

શું કહ્યું ? કેદમાંથી છૂટવું હોય તો ગાંધીછાપની ગુલાબી પત્તિ આપવી પડશે? એ વળી શું ? કેવી હોય એ ?

અરે રામ રામ.... ચલણી નાણાં પર મારો ફોટો ? અને એનો ઉપયોગ લાંચ માટે !

પ્રભુ ! મને હવે સમજાયું કે તમે મને શા માટે મારા દેશમાં પુનઃઅવતાર આપવા તૈયાર નહોતા. મને હવે સમજાયું કે તમે શા માટે કહેતા હતા કે મારો દેશ ખૂબ બદલાઈ ગયો છે. પણ આટલી હદે બદલાઈ ગયો હશે મારો દેશ એની તો મને કલ્પના પણ નહોતી. આ છે મારા સપનાનું ભારત ?


પ્રભુ ! મને ખૂબ દુઃખ થાય છે. પણ હું હાર નહિ માનું. હું આધુનિક ભારત સાથે તાલ મિલાવીશ અને ફરી એક ક્રાંતિ કરીને જ જંપીશ.

અને હા, સત્ય, અહિંસા એ બે શસ્ત્રો તો ખરા જ પણ, હવે હું ફેસબુક, ટ્વીટર, વોટ્સએપ જેવા આધુનિક શસ્ત્રોનો પણ ઉપયોગ કરીને મારા દેશને ફરી એકવાર સાચી રાહ પર લઇ જઈશ...

હરે રામ..રામ...

'વૈષ્ણવ જન તો તેને રે કહિયે, જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ના આણે રે...'

## પ્રતિભાવ



જયભારત સહ વંદન સાથે જણાવવાનું કે, આપનું મેગેઝીન ગુજરાતભરમાં ખૂબ જ પ્રસિદ્ધિને પામ્યું છે. તેથી અંતરથી આનંદ અનુભવું છું. શિક્ષણ, સંસ્કાર, સંસ્કૃતિ અને વ્યક્તિત્વ ઘડતરની સાથે સાથે સાચા અર્થમાં કૌટુંબિક જીવનના માર્મિક રહસ્યોને સંપૂર્ણરીતે માવજત સાથે જીવંત રાખતું માસિક એટલે 'ઘરશાળા.'

આ 'ઘરશાળા' નામના માસિકમાં મારી દૃષ્ટિએ ભારતીય સંસ્કૃતિના લગભગ તમામ પ્રેરક વિષયો આવરી લેવામાં આવ્યા છે. જૂન-૨૦૨૨નો અંક ફક્ત ત્રણ દિવસમાં પૂરો વાંચ્યા પછી ખુબ જ આનંદ સાથે ઘણું બધું શીખવાનો અવસર પ્રાપ્ત થયો. આ અંકમાં લેખકો દ્વારા લખાયેલ લેખો ખૂબ જ સરળ ભાષામાં લખવામાં આવ્યા છે. તેથી વાચકવર્ગ સહજતાથી વાંચી સાચી સમજણ સાથે અર્થસભર જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. સ્થાપક તંત્રીશ્રીઓ, સંપાદકો, પરામર્શકર્તા સહિત તમામ કાર્યકર્તાઓને દિલથી અભિનંદન...

આ અંક ભારતરાષ્ટ્રના દરેક ક્ષેત્રમાં અભિન્ન પ્રગતિ સાધે તેવી મમ હૃદયેચ્છા શુભેચ્છા...

**શાસ્ત્રી સ્વામી જયસ્વરુપદાસજી** (સ્વામીનારાયણ ગુરુકુલ, અંકલેશ્વર)

# મારા અનુભવો

**નિશા બુટાણી**
(સ્વિટ્ઝર્લેન્ડ)

જ્યારે સ્કૂલમાંથી પ્રવાસે ગયા હોઈએ ત્યારની યાદો અવિસ્મરણીય હોય છે. હું કનેરિયામાં ભણતી ત્યારે ૨ વાર મોટા પ્રવાસે લઈ ગયા હતા. એકવાર ૧૫ દિવસ માટે અજંતા - ઈલોરા, મુંબઈ, શિરડી વિગેરે. અને બીજીવાર ૨૧ દિવસ માટે દિલ્હી, આગ્રા, હરિદ્વાર, મથુરા વગેરે. લગભગ નવમાં અને અગિયારમાં ધોરણમાં લઈ ગયા હશે એવું મને યાદ છે.

સૌથી પહેલા તો પ્રવાસે જવાનું છે એવો સ્કૂલમાંથી લેટર આપે. તેમાં ક્યાં, ક્યારે, કેટલા દિવસ અને કેટલા પૈસા એ બધી વિગતો લખી હોય. સ્કૂલમાંથી જેવો આ લેટર આપે એટલે પહેલા તો ફ્રેંડ્સમાં એકબીજાને પૂછવાનું ચાલુ થઈ જાય કે તું આવીશ? તું આવીશ? કોણ કોણ આવશે એ ખબર પડે એટલે બીજો પ્રશ્ન આવે બસમાં કઈ ફ્રેન્ડ પાસે બેસવું. પછી નાસ્તામાં સાથે શું લઈ જશું વિગેરે બધું ત્યાં ને ત્યાં નક્કી થઈ જાય. એ પછી આવે સૌથી અઘરું કામ ઘરે એ લેટર બતાવાનો વારો. પ્રવાસમાં જવા દેશે કે નહિ એ પ્રશ્ન સાથે ઘરે પ્રવાસ બાબતની જાણ કરીએ. પછી રાહ જોવાની 'હા' કે 'ના' ના જવાબની, એ આવે ત્યાં સુધીમાં તો કેટલાય ભગવાનને યાદ કરી લીધા હોય.

આ લેટર આવ્યા પછી પ્રવાસ જવાને હજુ ૨ મહિનાની વાર હોય તો તો વચ્ચે ના આ ૨ મહિના પ્રવાસ સિવાય કોઈ વાત જ ના થાય. જેટલા જવાના હોય તેટલા ફ્રેંડ્સનો મેઈન ટોપિક ફક્ત પ્રવાસ જ હોય. આજે વિચારું તો સમજાય કે જે ફ્રેંડ્સ પૈસા ની અછત કે બીજા કોઈ કારણોસર આવી ના શક્યા હોય તેમની આ ૨ મહિના તેમની શું હાલત થતી હશે. તેમને એક તો જવાનું ના હોય અને સામે દરરોજ તેની જ તૈયારી ચાલતી હોય. અઘરું છે હો.

મને આ બંને પ્રવાસમાં જવાનો મોકો મળ્યો હતો. આટલા બધા દિવસના પ્રવાસે જવું હોય તો આટલા કપડાં ક્યાં થી ગોતવા એ પ્રશ્ન થઈ જાય. સ્કૂલ ફ્રેંડ્સ તો સાથે આવવાના હોય એટલે એમના તો મંગાય નહિ. એટલે પાડોસી ફ્રેંડ્સની પાસેથી લેવાના રહે. અમે એ બાબતે બહુ lucky હતા કે આજુબાજુ ફ્રેંડ્સ બહુ હતી એટલે કપડાં ક્યારેય ઘટતા નહિ. કપડાં, નાસ્તા, સાબુ(નાહવાનો અને કપડાં ધોવાનો) પાવડર, દાંતિયો, ટૂથ બ્રશ ને પેસ્ટ, નાની-મોટી દવા વિગેરે તૈયાર કરી લઈએ એટલે યાદ આવે કે આટલો મોટો થેલો તો નથી. હવે એને શોધ ચાલુ થાય. માંડ માંડ બધું ભેગું થાય. પછી આવે વાપરવાના પૈસાની વાત. મારા પપ્પા મને સાથે લઈ જવા બહુ પૈસા આપતા. એક પ્રવાસ સમયે તો કંઈક ૫૦ કે ૧૦૦ રૂપિયા અમારી પાસે રાખવાના હતા અને બાકીના સ્કૂલે નક્કી કરેલા સરની પાસે જમા કરવાના હતા. જ્યારે જોઈએ ત્યારે સર પાસેથી લેવાના. સર પાસે મારા પપ્પા પૈસા જમા કરવા ગયા તો સરએ કહ્યું કે આટલા બધા પૈસાનું નિશાએ શું કરવું છે? મારા પપ્પા એ કહ્યું કે તેણે નથી માંગ્યા, હું આપું છું. તમે આ રાખો નિશાને જરૂર પડે તો તેને આપજો અને બીજી કોઈ દીકરીને ઘટે તો એને આપજો. આ વાત હું પ્રવાસમાંથી પાછી આવી ત્યારે વધેલા પૈસા સર મને પાછા આપતા વખતે કહેલું. (મારા પપ્પા કોઈ મોટા બિઝનેસમેન નહોતા, પણ તેમનો હાથ બહુ મોટો હતો)

મને યાદ છે અમારી બંને ટ્રીપ રાતે નીકળી હતી. એકસાથે ૪ બસ. આટલી દીકરીઓને લઈને પ્રવાસે જવુ એ પણ એક મોટી જવાબદારી હતી. બસમાં ૩ની સીટ હોય એમાં દર ૨ દિવસે એકનો બારી પાસે બેસવાનો વારો આવે. જેનો વારો હોય એ તો ખુશ ખુશ. જેટલી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

જગ્યા એ ગયા ત્યા ધર્મશાળા બુક કરાવેલ હોય. મોટેભાગે મોટા મોટા ૧-૨ હોલ હોય તેમાં બધાય સુઈ જઈએ. હા, સાથે લઈ જવાની વસ્તુમાં ઓઢવાનું, પાથરવાનું અને હવા ભરવાનું ઓશીકું પણ હોય હો.

ફ્રેંડ્સ સાથે આટલા દિવસો એકલા રહેવાનો આનંદ તો આહલાદક જ હોવાનો. અમુક અમુક જગ્યા એ રસોઈ અમારે કરવાની હતી. બધા કામના ભાગ પાડી દીધા હોય. શાક સુધારવાથી લઈને પૂરી વણવા સુધી. રસોઈનો બધો સામાન અને એક રસોયો સાથે હોય. ત્યાં કામ કરવાની પણ બહુ માજા આવતી.

બંને પ્રવાસમાં બન્યું તો ઘણું હશે મને બધું યાદ નથી પણ મુંબઈમાં બનેલો એક કિસ્સો ખૂબ યાદ છે. અમે જ્યાં રહેતા હતા ત્યાંથી થોડે દૂર એક રેસ્ટોરન્ટમાં અમારે જમવા જવાનું હતું. અને ત્યાં જમવા જઈએ ત્યારે અમારા યુનિફોર્મ પહેરવાના હતા. I think ગણતરી રહે એ માટે પહેરાવ્યા હશે. અમે બધા લાઈનમાં પોપોટિયાં કલરના યુનિફોર્મ પહેરીને નીકળ્યા તો રસ્તામાં રીતસર માણસો જોવા ઊભા રહ્યા. કેમ જાણે કોઈ Zooમાંથી અમે બહાર આવ્યા હોઈએ, બધા એમ જોતા હતા.

પ્રવાસો વિશે લખીએ તો કદાચ બૂક લખી શકાય. તમારા અનુભવો કેવા હતા? કોઈ ખાસ રમૂજ કિસ્સો યાદ છે? તમારા અનુભવો લખજો.

કનેરિયામાંથી જે ફ્રેંડ્સ સાથે પ્રવાસે આવ્યા હોય તેમને કઈ યાદ હોય તો add ચોક્કસ કરજો. એ બહાને ફરીથી ફરી આવશું.

•

## ટીકર રણનું ગુલાબ એટલે ચંદ્રકાન્ત વ્યાસ

સાયલા તાલુકાના અંતરિયાળ અને છેવાડાના ગામમાં જ્યાં બસ નથી પહોંચી શકી તેવા ગામો જેમકે બાખાવડ, નડાળાસીમ શાળા, ખીંટલી જેવા ગામોમાં પ્રેમની પરબ પહોંચી ગઈ છે. આ સિવાય કરાડી, નિનામા, ટીડાણા, આમતપર, નૌલી, દેવગઢ, બ્રહ્મપુરી, કોળિયા, શાયરની શાળાઓના મૂલ્યાંકન માટે ચંદ્રકાન્તભાઈએ મને પણ તેમની સાથે ફરવાની, જોવાની, અનુભવવાની તક પૂરી પાડી છે. શ્રેષ્ઠ શાળા, શ્રેષ્ઠ શિક્ષક કે બાળકોની પસંદગી ટેબલ પર બેસીને કે ચાર દીવાલમાં રહીને નથી થઈ પણ જાતે તેમના કામની સિદ્ધિ જોઈને, વાર્તાલાપ કરીને થઈ છે. તેના સાક્ષી થવાનું સૌભાગ્ય સાંપડ્યું છે.

તાલુકા અને જિલ્લા કક્ષાએ ૫% શાળાઓ સ્પર્ધામાં ભાગ લેતી હતી જ્યારે પ્રેમની પરબ સેવા થકી ૬૦ % શાળાઓ ભાગ લેતી થઈ. પરિણામે રાજ્ય અને રાષ્ટ્રકક્ષાએ એવૉર્ડ અને પુરસ્કાર મેળવતી થઈ. પૂરા અઢાર વરસની તપશ્ચર્યાએ ‘પ્રેમની પરબ’ને યશ અપાવ્યો છે.

માણસ ધારે તો શું ન કરી શકે ? એટલું જ કે જિંદગીમાં સેવેલા સપનાને સિદ્ધ કરવા સાચી દિશાના ધખારા હોવા જોઈએ. તે માટે ત્યાગ અને તપની જરૂર પડે છે. સાધના વગર સિદ્ધિ મળતી નથી. જેણે સાત્વિક સાધનાને તપરૂપે સ્વીકારી હોય તેને ત્યાં સિદ્ધિએ આવ્યા વગર છૂટકો નથી હોતો.

ભાઈશ્રી ચંદ્રકાન્તે સતત અઢાર વરસની સાત્ત્વિક, સત્ત્વશીલ સાધનાનાં બળે જે સિદ્ધિ મેળવી છે તે કાબિલે દાદ માગે તેવી છે. તેમના નબળા શરીરમાં કદાચ ક્યારેક ભૌતિક તાકાત ઓછી પડી હશે પણ માયલાની તાકાત બહુ જબરી છે. શરીર માંદુ પડે પણ મન ક્યારેય માંદુ પડતું નથી. આત્માનું તેજ મનને નબળું કે માંદુ પડવા દેતું નથી. કામની જવાબદારીમાંથી વ્યક્તિત્વ ઘડતર થાય છે. અઢાર વરસ પહેલાં કંડારેલું સ્વપ્ન સિદ્ધ થતું જોઈને તેમના સાથીઓ, પરિવારના સભ્યો, મિત્રો અને ચાહકોને આનંદ થાય છે. લાખ લાખ અભિનંદનને પાત્ર બની છે ‘પ્રેમની પરબ.’

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.

# આચાર્ય ભથ્થું

**હેતલ મહેતા ચૌધરી**
મહેસાણા

**(મહેસાણી બોલી જાણતા અને સમજતા હશે તે આ રચના તરત સમજશે. બાકી ઘણાં...અમુક શબ્દો વાંચી ગોથે ચડશે. મારી રમૂજ મૂકતી પણ કટાક્ષ દર્શાવતી એક રચના)**

ઘૂઘો પ્રાથમિક શાળામાં નોકરીએ લાગ્યો. ધોરણ ૧થી ૫ ની નાની શાળા. બે શિક્ષકવાળી. આચાર્ય સાહેબ પહેલું-બીજું ધોરણ સંભાળે અને વહીવટી કારભાર સંભાળે. ઘૂઘો ત્રણથી પાંચ સંભાળે. બધું બરાબર ચાલતું હતું. થોડા મહિના બાદ આચાર્ય સાહેબે લાંબી રજા પર ઊતરવાનું વિચાર્યુ.. તેમણે ઘૂઘાને ઑફિસમાં બોલાવ્યો.

આચાર્ય સાહેબ : 'લો, ઘૂઘાભાઈ, સહી કરો.'

ઘૂઘો : 'હનીં સઈ, સાયેબ!'

આચાર્ય સાહેબ : 'ઘૂઘાભાઈ, હું કાલથી એક મહિના સુધી રજા ઉપર ઊતરું છું, જેથી હવે મહિના સુધી તમારે શાળા સંભાળવી પડશે. તેનો લેખિત કાગળ છે. સહી કરો.'

*ઘૂઘો થોડો વિચારે ચડ્યો.*

ઘૂઘો : 'તાણ સાયેબ, આ તમાર હંધુ કૉમ મારઅ હંભાળવાનું ક...?'

આચાર્ય સાહેબ : 'હા, તમારે જ તો!'

ઘૂઘો : 'તી... હું ઈમ કેતો'તો ક આ સરકાર તમાર પગાર મનઅ આલસી ક?'

આચાર્ય સાહેબ: (થોડા ગુસ્સે થતાં) 'ઘૂઘાભાઈ, એ તો હું નોકરીએ લાગ્યો એટલે પગાર તો મને જ મળે ને! આ તમે કો'ક દિવસ રજા પર હો છો તો શું તમારો પગાર મને આપો છો?'

ઘૂઘો : 'હા, 'લ્યા, એ હાચું. બરોબર બરોબર.'

*ઘૂઘાએ હાથમાં પેન લીધી,*
*વળી કંઈક વિચાર આવ્યો ને તે અટક્યો.*

ઘૂઘો : 'તી સાયેબ, તમઅ આ હંધુ કૉમ કરો હો. એ'ક આ હંધુ ભનાબ્બા હિવાયનું. આ હંધુ વઈવટી. ઈનું સરકાર તમોને કૉઈ આલતી નહી? ઈમનૉમ કૉમ કરાવ સ ક ? ચ્યમ ક ભનાબ્બાનું તો આપણઅ બેય જણોં કરીએ પણ તમાર તો વઈવટી કારભારેય હંભાળવાનો ક!'

આચાર્ય સાહેબ : (રૂઆબમાં) 'એમ કંઈ હું થોડો કામ કરતો હોઉં! એ માટે આચાર્ય ભથ્થું મળે. દર મહિને પગાર સાથે ગણતરી થઈ એય ભેગું આવે.'

ઘૂઘો : 'હમમમ... તાણ તમઅ રજા મેલશો એ'ક મારે વઈવટી કૉમેય કરવોનું?'

આચાર્ય સાહેબ: 'હાસ્તો. આ બધું આ કાગળમાં લખેલું જ છે. બધો ચાર્જ તમારા પર આવશે. હવે, સમજી ગયા હોય તો સહી કરો.'

ઘૂઘો : 'તાણ સાયેબ, તમઅ હજી એક કાગળ લસો. ઈમોં લસો ક મારઅ ગેરહાજરીમોં હંધુ કૉમ ઘૂઘાભાઈ કરસી. એ'ક... મારઅ મઈનાનું આચાર્ય ભથ્થું ઘૂઘાભાઈને ખાતે જમોં કરશો. તાણે બરોબર કાગળિયાં થ્યો કેવોય. તમઅ કાગળ લસીંન રાસો તય લગણ મું વર્ગમોં એક ઑટો મારી આઉં.'

*એમ કહેતાં ઘૂઘો પેન ટેબલ પર મૂકી ઑફિસ બહાર નીકળ્યો. હવે, આચાર્ય સાહેબ વિચારે ચડ્યા છે.*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# એક જીવલેણ અકસ્માત

ભાગ્યેશ જહા
અધ્યક્ષ,
ગુજરાત સાહિત્ય અકાદમી,
ગાંધીનગર

ફ...ટાક.
એક અવાજ અને પડી એક ડોસી,
રસ્તા પર, અજાણ્યા (?) વાહનની અડફેટ હતી,
ગાડી મોટી અને કાળી અને ઝડપી હતી,
ડોસી અનુભવી અને ધીમી હતી,
રસ્તો ઓળંગવાની ઝડપ હતી,
એના પગમાં અનુભવ અને થાક અને ભય હતો,
ગાડી ચલાવતા યુવાનના આંખે કાળા ચશ્મા હતા.

કોઈ ઓળખી શકતું નહોતું ડોસીને,
અને ડોસી કશું બોલતી નહોતી,
બધા અજાણ્યા બનીને લઈ ગયા ડોશીને હોસ્પિટલે.

ડોક્ટરે નામ પૂછ્યું, નર્સે આંસુ લુંછ્યું,
ડોશી બોલતી નથી, વાત ખોલતી નથી,
જોનારાઓએ કહ્યું, 'ગાડી સ્પીડમાં હતી'
ડોસીનાં ટેસ્ટ કરો, સર્જરી કરવી પડશે,
ડોક્ટર પૂછ્યા કરે છે, ડોસી બોલતી નથી.

ઓપરેશન થિયેટર છે, બધું ગોઠવાઈ રહ્યું છે, ડોસી કેન્દ્રમાં છે,
છરી અને ચીપિયા અને કાતર અને શીશીઓ,
અને રૂ અને દવાઓ અને લીલા લીલા માસ્ક,
અને ફોકસવાળી લાઈટો અને એલઈડી સ્ક્રીન,
નર્સો અને મદદનીશો અને શીશી સુંઘાડનાર ડોક્ટર,
મુખ્ય ડોક્ટર આવે છે, વાતાવરણ બદલાય છે,
ડોસીની ઝીણી આંખો જાગે છે, હસે છે, કશું શોધે છે,
કરચલીઓવાળી ચામડી જાણે સમુદ્રની લહેરોને
ઘડી વાળીને મૂકી હોય તેવી,
ચહેરા પર ઉનાળાના રણની વિહ્‌વળતા,
એરકંડીશનરના કહેવાથી આંટો મારતો ફિનાઈલ પીધેલો પવન,
ડોક્ટર પ્રશ્ન પૂછે છે, શાંતિમાં મોટું કાણું પડે છે,
કેસના કાગળિયા હલે છે, હાજર સૌની આંખો અજાણી લાગણી અનુભવે છે,
ડોસીની ઊંડી આંખો ખુલ્લી છે, ડોક્ટર પ્રયત્નપૂર્વક પૂછે છે,
'માજી, તમારું નામ શું ?, સરનામું શું ?'
પ્રશ્ન રૂટિન હતો, પણ ચૂપ ડોસીને પુછાયો હતો,
એની આંખો બોલવા મથી, પગ હાલ્યા, હાથે હાલ્યા વિના
બોલવા પ્રયત્ન કર્યો, મક્કમ અને ઓળખીતા લહેંકાથી
ડોસીએ કહ્યું, 'બેટા, મને ના ઓળખી, હું તારી... ભાષા છું, માતૃભાષા.'

ઘરશાળા
ઓક્ટોબર-૨૦૨૨

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ.૧૫/-● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

## નમન યશસ્વી વલ્લભભાઈ

અખંડ ભારતનું સર્જન કીધું,
ધર્મ નિભાવ્યો પોતાનો;
એકતાનાં પાઠ શીખવ્યાં,
નમન યશસ્વી વલ્લભભાઈ.

બારડોલી સત્યાગ્રહ કરી,
બિરૂદ મેળવ્યું સરદારનું;
રાષ્ટ્રપ્રેમનો ધર્મ ઉજાળ્યો,
નમન યશસ્વી વલ્લભભાઈ.

મા ભારતીને કાશ્મીર આપ્યું,
જૂનાગઢને મુક્ત કરી;
હૈદરાબાદને હિંદમાં ભેળવ્યું,
નમન યશસ્વી વલ્લભભાઈ.

નર્મદા બંધનો પાયો નાખ્યો,
દીર્ઘદૃષ્ટા એ લોહપુરુષ;
અજર અમર અમ રૂદિયા માહે,
નમન યશસ્વી વલ્લભભાઈ.

સોમનાથમાં શિવજી સ્થાપ્યા,
ધર્મને રક્ષો તેં ધર્મવીર;
વારંવાર આ શિશ નમે છે,
નમન યશસ્વી વલ્લભભાઈ.

રવજી ગાબાણી





માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.